# પરબ

ગુજરાતી સાહિત્ય પરિષદની પત્રિકા

समानो मन्त्रः । (ઋગ્વેદ)
समानी प्रपा । (અથર્વવેદ)

૧૯૭૩

પત્રિકા-૧, ફેબ્રુઆરી

## સાતમું જ્ઞાનસત્ર

'સંસ્કારતીર્થ', આજોલ

## અનુક્રમ


| | | |
|---|---|---|
| સાહિત્ય સર્જન અને વિવિધ વિચારધારાઓ | ૧ | ચંદ્રકાન્ત બક્ષી |
| આજની ગુજરાતી કવિતા : વૈયક્તિક ભાષાનિર્માણની દૃષ્ટિએ | ૮ | ચંદ્રકાન્ત શેઠ |
| લોકસાહિત્ય અને તેનું સંશોધન | ૨૨ | જોરાવરસિંહ જાદવ |
| લોકસાહિત્ય | ૩૩ | દોલત ભટ્ટ |
| લોકગીતોનાં લક્ષણો | ૪૨ | સોમચંદભાઈ જેઠાણી |
| લોકસાહિત્યમાં કાળ-નિર્ણય | ૫૧ | નરોત્તમ પલાણ |
| 'પરલોકે પત્ર' | ૫૪ | ચિમનલાલ ત્રિવેદી |
| સાતમું જ્ઞાનસત્ર (વિષયવિચાર) | ૬૪ | ચંદ્રશંકર ભટ્ટ |



સંપાદક

ગુલાબદાસ બ્રોકર

# સાહિત્ય સર્જન અને વિવિધ વિચારધારાઓ

ચન્દ્રકાન્ત બક્ષી

ગુજરાતી સાહિત્યમાં, વિચારધારાઓનો પ્રશ્ન, બહુ જૂનો નથી. યુદ્ધોત્તર અથવા સ્વાતંત્ર્યોત્તર દિવસોમાં જ, આ વિચાર વધુ જલદ ફોકસમાં આવે છે ગાંધીવાદના યુગમાં ગાંધી-વિચારધારા સિવાય અન્ય કોઈ વિચારધારાને પ્રકાશમાં આવવાનો કોઈ પ્રશ્ન જ ન હતો. સાહિત્યિક વિચારધારા, સમસામયિક રાજકારણના એક અંશ તરીકે, ઉપયોગમાં લેવામાં આવતી હતી એક વ્યક્તિના સ્વરને પૂરા સાહિત્યબોધનું સ્થાન આપવામાં આવ્યું હતું, વિચારધારાઓ હોય અને એમાં વૈવિધ્ય હોય, વિરોધિતા હોય, દષ્ટિભેદ હોય, રુચિભેદ હોય–આ બધી કોઈ જુદી દુનિયાની વાતો હતી મહાયુદ્ધ અને સ્વાતંત્ર્ય, અને ૧૯૫૫ પછી પ્રકટેલા નિરાશારૂપે, ગુજરાતી સાહિત્યમાં અવમૂલ્યનના ઇતિહાસના, વ્યક્તિ-વાદના, નવા ગેરગાંધીવાદી રંગો પૂર્યા. ગુજરાતી સાહિત્ય ગાંધીવાદી કાર્બન ડાયોકસાઇડના પ્રદૂષણમાંથી મુક્ત થયું. સાહિત્યની પ્રવૃત્તિ અને ધ્યેય, એકરંગી આદર્શવાદથી કંઈ જુદાં છે, એવો ગુજરાતના સાહિત્યસ્વામીઓએ અહસાસ થયો

વિચારધારાઓની કલ્પના આપણને એક નવા જ શબ્દની સાથે અથડાવે છે. એ શબ્દ છે 'પશ્ચિમ' આપણે પૃથ્વીના સૂર્યોદયના સંતાનો છીએ આ ધરતી પર, અને આ આકાશની નીચે, હિમાલયના પડછાયાઓમાં અને ગંગાના તટ પર, છંટાતા ધુમ્મસોમાં આપણે એક દ્રવિડ–આર્ય સંસ્કૃતિ પ્રકટાવી હતી એ સંસ્કૃતિને આપણે કાલખંડોના ઐતિહાસિક સંદર્ભમાં ફીટ કરી અને વિદેશી ઝંઝાવાતોની સામે ભારતીયતાનું કવચ પહેરાવ્યું. આપણને આપણી સંસ્કારધારાની શ્રેષ્ઠતા અને પવિત્રતાનો જયઘોષ કરવો પડ્યો, કારણ કે આપણી પાછળ, હારેલા પિતૃઓની (કેટલીય પેઢીઓની) નામોશીનું વજન હતું આપણી ભારતીયતાની ઘુટન, આપણને આપણા ધુમ્મસી પૂર્વજો-ના આસ્થાવાદની દિશા બતાવ્યા કરતી હતી. ધર્મ અને કર્મ, યોગ અને સાધના, દ્વૈત અને અદ્વૈત, અને અનગિનત વિચારોએ, આપણને એક પૌરસ્ત્ય દષ્ટિ આપી. આપણી વિચારધારા પૂર્વની વિચારધારા બની, એક અતિ હિંદુ વિચારધારા બની, ભારતીય વિચારધારા બની. આપણી ગુજરાતીતા આ ભારતીયતાનો માત્ર સ્થળ અને કાળની દૃષ્ટિએ જરા છૂટો પડી ગયેલો

એક અંશ છે. આ વિચારધારાનો આધારસ્તંભ જે શબ્દ છે, એનું નામ છે "શ્રદ્ધા."

અને સિંધુ પારથી નવા પવનો આવ્યા, પછી અરબ સાગરથી જુદા પવનો ફૂંકાયા. પશ્ચિમના પવનો એકેશ્વરવાદ અને સામરિક સામર્થ્ય અને વિજ્ઞાન અને વિચારવાદના પવનો. આપણું સંસ્કારકવચ આપણી જેલ બની ગયું, કારણ કે પશ્ચિમની વિચારધારા, આથમતા સૂર્યના દેશો અને પ્રજાઓની વિચારધારાઓ હતી. કોરા આદર્શવાદને અહીં સ્થાન ન હતું શ્રદ્ધા અહીં જ્ઞાનનો એક ભાગ ન હતી. એક નવો શબ્દ, ભયંકર ઊર્જાથી ઝળહળતો આપણી શ્રદ્ધામા નમ થઈ ગયેલી આંખોને જલાવી રહ્યો હતો એ શબ્દ હતો "સંશય."

પૂર્વની શ્રદ્ધા અને પશ્ચિમનો સંશય, Faith અને Doubt વચ્ચેનો આ દ્વન્દ્વ અને વિરોધાભાસ, અથવા સમાગમ એમાંથી આધુનિક ભારતીય મન અને મિજાજ જન્મ્યા છે વીસમી સદીની ઉત્તરાવસ્થામાં, આ તત્ત્વોએ ગુજરાતી સાહિત્યકારના વ્યક્તિત્વને અસલિયત આપી છે. સંશય ભારતીય નથી સંશય, દુનિયાના રેગિસ્તાનોમાંથી માર્ગ કાઢવાનું કલાકારનું સેક્સ્ટન્ટ છે, કલાકારનો કમ્પાસ છે સંશય, વિચારનો પહેલો તણખો છે. સંશય, જ્ઞાનનું પ્રથમ ચરણ છે, વિતર્કની સૌરભનો પ્રથમ ઝોંકો છે. સંશયથી જ વિજ્ઞાનનો પ્રાંત શરૂ થાય છે સંશય મૂલ્યને ચકાસવાનું સર્જકનું બેરોમિટર અને વિપ્લાવકનું પેરિસ્કોપ છે રીનેસોંસ પછીની પશ્ચિમની છેલ્લા સાડા ત્રણસો વર્ષોની સંસ્કૃતિનો આત્મા છે. સંશય. શ્રદ્ધામાં પ્રશ્નોને સ્થાન નથી. સંશય પ્રશ્નથી શરૂ થાય છે અને નવી વિચારધારાનો આરંભ થાય છે—સંશયથી

ગીતાકાર કહે છે-સંશયાત્મા વિનશ્યતિ.

*　*　*

કારણ કે કલાકાર સમાજનો એન્ટેના છે, કારણ કે કથાકાર જનતાથી પહેલાં નવા વિચારપ્રવાહો સ્વીકારી શકે છે, કારણ કે સાહિત્યકાર સ્થાપિત મૂલ્યો પર તર્કના હથોડા મારી શકે છે, કારણ કે સર્જક-ગુજરાતી સર્જક પણ, પૂર્વ-વિચાર અને પ્રતિ-વિચાર અને પશ્ચાત્-વિચાર કરી શકે છે, નવી વિચારધારાઓ પ્રગટી ચૂકી છે.

ગુજરાતી કથાકાર પણ શ્રદ્ધા અને સંશયના દ્વન્દ્વમાંથી પોતાનાં મૂલ્યો પ્રકટાવે છે શ્રદ્ધાની આસ્થા અને સંશયની અનાસ્થાએ, એની વિચારધારાની

હિન્દુસ્તાનિયતને, ધૂંધળી બનાવી દીધી છે. કાળુના પડો વચ્ચે સળવળતી જાડી ઇયળો જેવા સુખી, મીની ગુજરાતીઓના મસ્તકહીન વિશ્વમાં નવા વિચાર વર્જ્ય છે અને ક્યારેક, એને ચીની દાર્શનિક હૂ-શીહની જેમ લાગે છે કે, આ વાતાવરણમાં એક જ સ્વાતંત્ર્ય સંભવી શકે–Freedom of Silence–ખામોશીનું સ્વાતંત્ર્ય પણ વિચાર કલાકારનો શ્વાસ છે, વેદના એની વિપયવાસના છે, પ્રામાણિકતા એના વિચારદેહનુ મેટાબોલીઝમ છે અને વિચાર જ માણસને ચરાચર વિશ્વથી જુદું પાડતું સૌથી બુલંદ પ્રયાણ છે અર્થ વિનાનો સ્વર માત્ર ધ્વનિ છે ધ્વનિમાં ઊતરતો અર્થ વિચારને સાકાર બનાવે છે કલાકારના વિચારને ભાષા કે ભૂગોળની મર્યાદાઓ નથી હોતી અગ્નિની ઉષ્મા કે ગણિતની સીમેટ્રી, કે રંગના મૂડની જેમ, સાહિત્યની વિચારધારાને એક અપનિયત છે, જેનામાં દરેક હમખ્યાલનો હિસ્સો છે

૧૯૫૫ પછીનુ ગુજરાતી સાહિત્યવિશ્વ બહેરા કરી મૂકે એવી ત્વરાથી બદલાઈ ગયુ છે દરેક કથાકાર પોતાની રીતે " સત્યના પ્રયોગો " કરી રહ્યો છે મેઘાણીના બહારવટિયાઓના ઘોડાઓના ડાબલાથી જે ધરતી ધમકતી હતી, ત્યાં ફીટરો અને ટર્નરો લેથ મશીનો ચલાવી રહ્યા છે પન્નાલાલ પટેલના ગ્રામજનો મેળાઓમાં ટ્રાન્ઝિસ્ટરો વગાડી રહ્યા છે ભોમિયા વિનાના ડુંગરો પર હેલીકોપ્ટરોની બ્લેડોનો ઘરઘરાટ ફેલાઈ રહ્યો છે. સંસ્કૃતમાં પ્રેમ કરનારી મંજરીઓ, સન-ગ્લાસિસ પહેરીને "ફેમીના"નાં પાનાં ફેરવી રહી છે. હતાએ બોલવા જેવુ હવે ખાસ કંઈ ખરેખર રહ્યું નથી તખલ્લુસો લટકાવીને સાહિત્યસેવા કરનારા લેખકો, મૂછો પર કાળા મલમનો કલફ લગાવીને ફરતા, મોપાસાના નાયકો જેવા લાગે છે. કેટલાક લેખકો હજી જીવે છે, એ સાંભળીને કૉલેજની છોકરીઓને અસંત આશ્ચર્ય થાય છે. વ્યાખ્યાઓ, મૂલ્યો, ઇતિહાસ બધું બદલાઈ ગયુ છે. લેખકોમાં વહેલા મરી જવાની ફેશન પણ હવે ઊતરી ગઈ છે. બોરિસ પાસ્તરનાકની જેમ પૂછવાનું મન થઈ જાય છે–
Tell me, oh brother, what century is outside ?

અને, પશ્ચિમની અસર વિના સાહિત્યિક વિચારધારાઓની વાત ન થઈ શકે. જીવનનું ધોધમાર ગતિએ શહેરીકરણ અને પશ્ચિમીકરણ થઈ ગયું છે. અને આપણે પણ પ્રદૂષણની અને ટી વી. ની, અને સજાતીય સમાગમની, અને ડૉ. હેન્રી કિસિંજરની, વાતો કરીએ છીએ. આપણો કલાધર્મ પેગન (Pagan) છે, આપણી કલાધારા વિચારવાદ છે, આપણું કલાકર્મ બગાવત છે-ઐહિક અને ભૌતિક જીવનની ગતિવિધિ સમજની સીમાની બહાર ચાલી ગઈ છે નાસ્તાના ટેબલ પર સવારનાં છાપાંની હેડ લાઇનમાં, મોગાના

ગોળીબારમાં ભીંજાયેલી શિક્ષકની લાશ પડી છે. દેશભક્તિની લેટેસ્ટ ફેશનમાં, અમાનવી ક્રૂરતા અને સામૂહિક સંહારનું એન્ટ્રી-ફ્રીસ, ચમત્કાર તત્ત્વ ઉમેરાયું છે. સૌંદર્યસાધના, આચાર બનાવવાની જેમ, એક ઘરેલુ પ્રવૃત્તિ બની ગઈ છે. આજના રાષ્ટ્રીય હવામાનનો જૂઠામાં જૂઠો શબ્દ છે—સત્ય અને પાખંડ અને દંભ, અને ભ્રષ્ટાચાર બીજી તરફ ખડકાયા છે, રાષ્ટ્રપ્રેમ અને પ્રામાણિકતા અને સારાઈ જેવા મૂર્ખ શબ્દો, અર્થહીન શબ્દો, ફાલતુ શબ્દો. બે હજાર વર્ષ પૂર્વે કાર્થેજથી રોમન સેનેટને મોકલેલા સંદેશમાં રોમનસેનાપતિ સ્કીપીઓ એફ્રીકેનસે સળગતી ભાષામાં લખેલું વાક્ય યાદ આવી જાય છે

Unworthy Motherland, thou shalt not have my bones!
(નાલાયક માતૃભૂમિ! મારાં હાડકાં પણ તને નહીં આપું!)

[૨]

સીમાપાર, હજી હમણાં જ ત્રીસ લાખ માણસોને કતલ કરવામાં આવ્યા છે બંગલા દેશમાં, જેમના રક્તમાં આપણા જ પૂર્વજોનુ ખૂન હતું. "બાબી યાર" કે "ઓસ્વીટ્ઝ" પદ્મા નદીને કિનારે છે, રશિયા કે જર્મનીમાં નથી. અને નેપામના જેલી-બોમ્બની લપટોમાં, માણસ અને માણસનાં શરીર, એવાં ચોંટીને બળી જાય છે કે સમજાતું નથી કે આ કાળી, ભૂંજાયેલી લાશ, માણસની છે કે જાનવરની. આદર્શવાદને માટે માત્ર બાળપોથીઓમાં જ સ્થાન રહી ગયું છે. ટ્રેક્ટરો પર રાઇફલો ટેકવીને લખનારા કવિઓ આ નવી દુનિયાના વારસદારો છે. ચાવલનાં લહેરાતાં ખેતરો લાવારિસ પડયા છે, કારણ કે ત્યાં ગીધોની મહેફિલ થવાની છે. જીવનની આંતરરાષ્ટ્રીયતાએ વિચારધારાઓને એક વિશ્વદૃષ્ટિ આપી છે ગુજરાતી કથાકારે આ દાયિત્વ કેટલુ નિભાવ્યું છે એ ભવિષ્યના ઇતિહાસકારનો પ્રશ્ન છે; ગુજરાતી કથાકારને, સરકારી ઇનામ વિજેતા રહી લખવામાં રસ હતો, કે રેડિયોના ગભાણમા બેસીને વાગોળ્યા કરવામાં રુચિ હતી, કે યુનિવર્સિટીની ભાયાતશાહીમાં ગોલા બનીને ઝૂમવામાં ડહાપણ લાગ્યું હતું, એ આવતી કાલનો પ્રશ્ન છે અને આ જમાનાએ, નવી તેજાબી વિચારધારાઓને પચાવનારા લેખકો પ્રકટાવ્યા હતા કે નહી, એ પણ આવતી કાલનો પ્રશ્ન છે.

"હું"ની તલાશ એ પશ્ચિમી વિચારધારાનુ આરંભબિંદુ છે. અને "હું"ની ઉમ્ર બહુ નથી. આજનો હું અન્ય પુરુષ છે, અને અનન્ય પુરુષ પણ છે. રીનેસાંસ પછીના યુરોપમાં, અનુસંધાન અને અસ્વીકાર જ્યારે ફેશન બની ગયાં ત્યારે, આધુનિક દિમાગનો જન્મ થયો. દર્શન અને ધર્મની

લગભગ સમાન શિસ્તોમાંથી નવી વિચારધારાઓ પ્રગટતી ગઈ, અને ગઈ સદીમાં વ્યક્તિવાદે જુદી જુદી વિચારધારાઓને આકાર આપ્યો જનજીવનનું એક અત્યંત જીવંત માધ્યમ, સાહિત્યસર્જન, આમાંથી અલિપ્ત કે મુક્ત રહી શકવાનો પ્રશ્ન જ ન હતો. પુરાતત્વથી ખગોળ સુધીના ભિન્ન ભિન્ન વિષયોનાં રહસ્યો ખૂલતાં ગયાં, જૂના સિદ્ધાંતોના અવશેષો પર નવા નિયમો સર્જાતા ગયા, સાહિત્યનું ફલક વિસ્તરતું ગયું વિચારધારાઓને ઘનીભૂત થવાની અને પનપવાની સ્થિતિઓ આવતી ગઈ અનીશ્વરવાદની બુલડોઝ કરી નાખનારી ફિલસૂફીએ ક્રમશઃ ત્રણ નવા સિતારા પ્રકટાવ્યા અંતિમ સો વર્ષો પર આ વિચાર–ત્રિમૂર્તિની ગહરી અસર છે ચાર્લ્સ ડાર્વિન, કાર્લ માર્ક્સ અને સીગ્મંડ ફ્રોયડ, આપણા ભૂતકાળ, આપણા ભવિષ્ય અને આપણા વર્તમાન પર કબજો જમાવીને બેસી ગયા છે. ઐતિ–ભૌગોલિક સંદર્ભમાં, આ ત્રણ નામો પૃથ્વીના વિચારખંડોના સીમાસ્તંભો છે.

સંક્રાંતિ અને ક્રાંતિને આ સદીમાં વધુ મહેનત કરવી પડી છે. વિજ્ઞાને જીતી આપેલી સુવિધાઓ, અને બર્બરતાએ કરેલો રક્તપાત, મનુષ્યની નવા ઇશ્વર તરીકે પ્રસ્થાપના અને ઇશ્વરની શયતાનિયત, લોકશાહી અને તાનાશાહી, વિશ્વયુદ્ધો અને વિશ્વમત, પ્રસ્તરયુગમાંથી બહાર આવેલું આફ્રિકા, અને ચંદ્રતલ પર કદમ મૂકતો માણસ, સેક્સથી ટેક્સ સુધીનું ભ્રામક મોહવર્તુળ –આપણી સદીમાં સાહિત્યની વિધાઓ જમીનદોસ્ત થઈ જાય, એટલાં બળો–પરિબળોનો તનાવ રહ્યો છે ચંદ્ર પરથી માણસે એક એવી પૃથ્વી જોઈ છે, જેને પશ્ચિમ કે પૂર્વ નથી કવિતા કે નાટકને જ શુદ્ધ સાહિત્ય ગણનારા ગુજરાતી માંગલ્યવાદીઓને "ઝુમ કેમેરા" કે "વીડીઓટેઇપ," કે "ફ્રી–ટ્રેક" કે "ફોર–ચેનલ" અને જરા કાનમાં કહીએ તો, "ફોર–લેટર–વર્ડ"–વાળા સાહિત્યનો આ જમાનો સરાસર કળિયુગ લાગે એ સ્વાભાવિક છે. સેક્સ પર ચોંટેલાં પાપનાં જાળાં સાફ કરીને સેક્સને આકર્ષક, ભોગ્ય, બે–નકાબ કરવામાં આવી છે એ આ શતકની સૌથી ક્રાંતિકારી વિચારઘટના છે

ગુજરાતી સાહિત્યે આ બધામાંથી કેટલું ગ્રહણ કર્યું ? ગુજરાતી સાહિત્યકાર આ અસરોને સમજી શકે એટલો બુનિયાદી છે? ગુજરાતી કવિ બિંબ અને રૂપકનાં ખાબોચિયાંઓમાંથી ગર્દન બહાર કાઢીને નવી હવાઓની દિશા સુધી શકે છે? ગુજરાતી કથાકાર ક્રૂર અનુભવની કરારી થાપટો સામે સંતુલન રાખીને પ્રામાણિક રહી શકે છે? ગુજરાતી નાટક કંપનીઓના નેપથ્યમાં ચાલતી ચોરબજારી...પણ આપણે "સાહિત્યસર્જન અને વિવિધ વિચારધારાઓ" વિષે વિચારતા હતા.

પહેલાં સાહિત્ય સર્જાય છે, અને એમાંથી વિચારધારા ઊભરી આવે છે. ક્યારેક વિચારધારાનો એટલો ભયંકર ધક્કો આવે છે કે સાહિત્ય સર્જાય છે. બહુ મુશ્કેલ છે એ કહેવું કે પ્રથમ શું આવે છે—સાહિત્ય કે વિચારધારા? ગુજરાતીમાં મનોવૈજ્ઞાનિક કૃતિઓ આવી, વિચાર કદાચ બહારથી આવ્યો, પણ ગુજરાતી પાત્રને એક મનોવિજ્ઞાન, માનસિક પ્રતિક્રિયા, દિમાગી પ્રક્રિયા હતાં જ. અન્યાય અને અનાસ્થા, અશ્રદ્ધા કે અભય, જેટલાં વિશ્વવ્યાપી છે, એટલાં જ ભારતીય કે ગુજરાતી છે, કારણ કે મનુષ્યના ચિત્તતંત્ર કે લાલકણોને અંશતઃ જાતીય જુદાઈ નથી યુદ્ધ અને હુલ્લડો અવમૂલ્યન લાવ્યાં, સ્વાતંત્ર્યે પુનર્મૂલ્યન કરાવ્યું, જીવનની અનિશ્ચિતતા, સમાજના પાખંડ અને દંભ, રાજકારણની ગંદકીની દુર્ગંધ, કુટુંબજીવનનાં વિભાજન, નિરાશાની તીવ્રતા. સમાજવાદના લેબલ નીચે ચાલતો યથાસ્થિતિવાદ, ગાંધીમાર્ગની સરે-આમ નિષ્ફળતા, નવા હલકટોનો સરાસર—પૈસાવાદ સારા, સીધા, સમજદાર માથામાં દિમાગ અને શરીરમાં દિલવાળા માણસને, અસ્તિત્વવાદી કે સરરીએલિસ્ટ થવા માટે ફ્રાંસ સુધી જવાની જરૂર ન હતી. ગુજરાતી અસ્તિત્વવાદ કે ગુજરાતી aesthetic ને જન્મવા માટે સાર્ત્ર કે સુઝન લેંગરની જરૂર ન હતી. કાફકાએ વર્ણવેલી જડ, બે-ચેહરા, અ-માનવીય નોકરશાહીથી હજારગણી વધુ જડ, બે-ચેહરા, અ-માનવીય નોકરશાહી આ જ મુલ્કમાં છે આજના ભારતમાં રાખના સ્વાદવાળી હતાશા, કે શહેરોમાં જીવતાં નિર્વીર્ય કીટાણુઓની ઉદાસીનતા, કે ચુસાયેલી ગ્રામપ્રજાઓનો ચિરંતન અપમાનબોધ શોધવા જવું પડે એવું નથી. પ્રામાણિક અને જીવંત લેખકના સર્જનમાં વિચારધારા ભાખા ફાડીને પ્રકટી જશે. પશ્ચિમની વિચારપ્રણાલી પાસે માત્ર એક વૈજ્ઞાનિક Methodology છે, અને તવારીખના સંદર્ભમાં, એ આપણા કરતાં પહેલી આવી છે. વિચારધારાની સ્થાપના કરવાનું કર્તવ્ય વિચારક-વિવેચકનું છે. આપણે ત્યાં વિચારકોએ એમનું દાયિત્વ નિભાવ્યું છે. વિવેચકોએ, માત્ર, રમૂજી રહીને, સંતોષ માન્યો છે, એ આપણી કરુણતા છે

સંશય, એ મનુષ્યના મગજની ભૂગોળમાં હિમ્મતના પ્રદેશમાં આવે છે. આસ્તિક કરતાં નાસ્તિકને પોતાની વિચારધારાઓ વિષે વધુ સંગીન અને પ્રામાણિક રહેવું પડે છે. કલમ લઈને દુનિયાનો પ્રતિકાર કરનાર માણસ અનાસ્થામાં આસ્થા રાખે છે, પણ અંશતઃ નિરાશાવાદી નથી ૧૮મી સદી ઔદ્યોગિક ક્રાન્તિની હતી, ૧૯મી સદી જુદી જુદી વિચારધારાઓને વાદોનું સ્વરૂપ આપી રહી હતી—અર્થશાસ્ત્ર અને વિનાશવાદ, સમાજશાસ્ત્ર અને

સામ્યવાદ, ઉત્ક્રાન્તિવાદ અને ઉપનિવેશવાદ અને નવવ્યક્તિવ્યાપી શકાય સદીએ કલાકારને માટે મનોવિજ્ઞાનની ભુલભુલામણી ખોલી આપે છીએ; કેમકે એના જ ફલસ્વરૂપ આ શતકને century of sexual revolution, –સેક્સની ક્રાન્તિની સદી કહે છે. ૨૧મી સદી, દાર્શનિક આન્દ્રે માલરોના શબ્દોમાં, નવા ઈશ્વરની સ્થાપના કરશે, જેનુ નામ હશે કલા. સમુદ્રને મળવા આવી પહોંચેલી મનુષ્ય–ઉત્ક્રાન્તિની નદી અત્યંત વેગથી સેંકડો વિચારધારાઓમા તૂટી રહી છે

અને છતા પણ પ્રત્યેક પ્રજા પાસે પોતાનુ બળ છે ગ્રીકોની દુનિયા તર્કની હતી, મધ્યયુગીન અરબ સંસ્કૃતિ વિચારધારાઓની "ક્લિયરિંગ હાઉસ" હતી. ચીનાઓ ડહાપણના પુરસ્કર્તા છે, યહૂદીઓ યાતના અને આર્તનાદના કવિઓ છે, નીગ્રો વિચારધારામાં કાળોએક ખૂબસૂરત રંગ છે, passion ધર્મ છે, ઝિંદાદિલી સ્વભાવ છે અને જીવનનુ ચાલક અને પ્રેરક બળ soul કહેવાય છે હિંદુ માનસ ત્યાગ અને ધર્મ અને બ્રહ્મના ધુમ્મસમાં ખોવાઈ જાય છે આપણે ગુજરાતીઓ, બંગાળીઓની જેમ આપણને "મહાજાતિ" કહેતા ક્ષોભ અનુભવીએ છીએ, અને ક્ષોભ અનુભવવામાં જ આપણે ખરેખર પ્રામાણિક છીએ. આપણી છોટી છોટી બુર્ઝવા, મીની ગુજરાતી જિંદગીઓ ગળથૂથીમાં ઊતરેલા વ્યવહારજ્ઞાન, અને આપણી ગરવી ગુજરાતણોએ મોઢાં બાંધેલી અથાણાંની બરણીઓને સહારે ગુજરી જાય છે. વિચાર કરવો અને એની ધારા વહાવવી, એ બેકમા ફંદી છોડાવવા ગયેલા આપણા કવિઓને પણ માફક નથી આવતું દભ અને વ્યવહાર આપણી વેપારી પ્રજાના ઇષ્ટ દેવતાઓ છે. આપણે કમાઈ કમાઈને શું ખોઈ રહ્યા છીએ, એ બતાવવાનુ કામ સાહિત્યકારનું નથી

વિચારો, અક્ષાંશ–રેખાંશમાં બધ કરી શકાતા નથી, અને કલાકાર વિશ્વ નાગરિક છે, એટલે જનજીવનમાં રહીને પણ એ પોતાની એકલતામાં સર્જન કરી શકે છે. ગુજરાતી સાહિત્યમાં પણ નર્મદથી આજ સુધી એક પ્રણાલી જરૂર રહી છે, જ્યાં જીવન અને વિચાર એક બન્યાં છે, જ્યાં સાહિત્યકારે પોતાની ખુદ્દારી પર મુસ્તાક થઈને લખ્યું છે, જ્યાં કલાકારને પોતાના સંશયમા શ્રદ્ધા છે, જ્યાં કલાકાર જવાહરલાલ નહેરૂની જેમ કહી શકે છે "I am a pagan"

ગુજરાતી સાહિત્યમાં વિચારધારાઓનો પ્રશ્ન બહુ જૂનો નથી, પણ આપણે આ પ્રશ્ન વિષે ખેલદિલ ચર્ચા કરી શકીએ છીએ એ આશાવાદી લક્ષણ છે.

અને... આશાવાદમા, મને શ્રદ્ધા છે. એમાં... સંશય નથી!

■

પહેલું

છે. ક્ય

# આજની ગુજરાતી કવિતા : વૈયક્તિક ભાષાનિર્માણની દૃષ્ટિએ

ચંદ્રકાન્ત શેઠ

ભાષા એટલે ઓછામાં ઓછા બે જણ; પણ કવિની દૃષ્ટિએ એક જણ થાય ! કવિએ કોઈને સંભળાવવા કશું લખવાનું નથી; સમજાવવા તો નહીં જ — આ વાત **આજની** કવિતાના સંદર્ભમાં સાચી લાગે છે. જે મસ્તીથી કોઈ બાથરૂમ-સિંગર છે, એવી મસ્તીથી કોઈ કવિ છે — ભાષા સાથે ખેલ કરનાર છે. આ ખેલની વાત સ્વીકારતાં પરંપરાગત વિવેચક-માનસને તકલીફ પડે છે, કેમ કે એ માનસે ભાષાને અમુક સાંસ્કૃતિક સંદર્ભમાં જોઈ-મૂલવી છે. એ સંદર્ભની આપણને—આજના કવિઓને જાણ છે જ; પરંતુ આજનો કવિ જે તે ભાષાને **સીધી** જ લક્ષ્યમાં લે છે, તે ભાષાના સાંસ્કૃતિક સંદર્ભને નહિ. કવિ-ચેતનાનો ભાષા સાથે સંવાદ-તજ્જન્ય આકાર સર્જતાં આપોઆપ બીજું બધું એથી સચવાઈ રહેવાનું છે.

આમ તો ભાષાની ટ્રેનો (આ રીતે વાત કરવા બદલ ભાષાશાસ્ત્રીઓ ક્ષમા કરે !) અહીંથી તહીં ને તહીંથી અહીં દોડ્યા કરે છે. એ ટ્રેનમાં સલામતીથી સફર કરવાની ટેવ પણ આપણને પડી ગઈ છે ! પરંતુ આ સલામત એકધારી છુક છુકથી આપણે કોઈ ધન્ય ક્ષણે કંટાળી ગયા; એ ઓછો જ ૧૩-૭ની લોકલનો અનુભવ હતો ? ભાષામાં કશુંક નવું-અપૂર્વ તો બનવું જોઈએ. સંસ્કૃતિ ભાર લાગે છે પિગમિડોનો. ભાષા એની જ દેણગી છે. ભગવાનનો ખ્યાલ ન તોડી શકાય તો તેની મૂર્તિ તોડીએ—આવું પણ કોઈને આપણા ભાષા તરફના અભિગમમાં લાગે. આપણે ક્રમમાં ક્રમ, કવિતામાં — કવિતાની ભાષામાં કોઈ નૂતન ઘટનાની અપેક્ષા રાખીએ છીએ. આપણી અપેક્ષા અનુસાર કંઈક થયું પણ ખરું. આપણામાંથી થોડાકે પવનને લીલ વળતી જોઈ; લોહીમાં દીવાલ રચાતી જોઈ. આપણા પૂરતું જડ થયેલી પરંપરાગત ભાષાની ખખડધજ-ચીલાચાલુ (કે પાંદ-ચાલુ ?) ગાડી આપણને ક્યાંય પહોંચાડતી નથી એ જોયું; તેમણે કોઈ **આંતરિક અનિવાર્યતાથી** પ્રેરાઈ સલામત પાટે દોડતી ભાષાટ્રેનોથી કંટાળી, તક મળી ત્યારે પાટામાંથી ફિશ-પ્લેટો ખેંચી કાઢી. થવાનું થયું. ક્યાંક ન ઇચ્છેલું — ન ધારેલું પણ બન્યું. આમ છતાં સરવાળે આ તોફાનનો અનુભવ રોમાંચક રહ્યો. હવે કેટલીક વસ્તુઓ વધુ ઝડપથી-આસાનીથી બનવા લાગી

પહેલું

છે. ફગ

# આજની ગુજરાતી કવિતા : વૈયક્તિક ભાષાનિર્માણની દૃષ્ટિએ

ચંદ્રકાન્ત શેઠ

ભાષા એટલે ઓછામાં ઓછા બે જણ; પણ કવિની દૃષ્ટિએ એક જણ થાય! કવિએ કોઈને સંભળાવવા કશું લખવાનું નથી, સમજાવવા તો નહીં જ—આ વાત **આજની** કવિતાના સંદર્ભમાં સાચી લાગે છે. જે મસ્તીથી કોઈ બાથરૂમ-સિંગર છે, એવી મસ્તીથી કોઈ કવિ છે—ભાષા સાથે ખેલ કરનાર છે. આ ખેલની વાત સ્વીકારતાં પરંપરાગત વિવેચક-માનસને તકલીફ પડે છે, કેમ કે એ માનસે ભાષાને અમુક સાંસ્કૃતિક સંદર્ભમાં જોઈ-મૂલવી છે એ સંદર્ભની આપણને—આજના કવિઓને જાણ છે જ; પરંતુ આજનો કવિ જે તે ભાષાને **સીધી** જ લક્ષ્યમાં લે છે, તે ભાષાના સાંસ્કૃતિક સંદર્ભને નહિ કવિ-ચેતનાનો ભાષા સાથે સંવાદ—તજ્જન્ય આકાર સર્જતાં આપોઆપ બીજું બધું એથી સચવાઈ રહેવાનું છે.

આમ તો ભાષાની ટ્રેનો (આ રીતે વાત કરવા બદલ ભાષાશાસ્ત્રીઓ ક્ષમા કરે!) અહીંથી તહીં ને તહીંથી અહીં દોડ્યા કરે છે; એ ટ્રેનમાં સલામતીથી સફર કરવાની ટેવ પણ આપણને પડી ગઈ છે! પરંતુ આ સલામત એકધારી છુક છુકથી આપણે કોઈ ધન્ય ક્ષણે કંટાળી ગયા; એ ઓછો જ ૬૩-૭ ની લોકલનો અનુભવ હતો? ભાષામાં કશુંક નવું-અપૂર્વ તો બનવું જોઈએ સંસ્કૃતિ ભાર લાગે છે પિરામિડોનો. ભાષા એની જ દેણગી છે ભગવાનનો ખ્યાલ ન તોડી શકાય તો તેની મૂર્તિ તોડીએ—આવું પણ કોઈને આપણા ભાષા તરફના અભિગમમાં લાગે. આપણે ક્રમમાં ક્રમ, કવિતામાં—કવિતાની ભાષામાં કોઈ નૂતન ઘટનાની અપેક્ષા રાખીએ છીએ. આપણી અપેક્ષા અનુસાર કશુંક થયું પણ ખરું. આપણામાંથી થોડાકે પવનને લીસ વળતી જોઈ; લોહીમાં દીવાલ રચાની જોઈ; આપણા પૂરતું જડ થયેલી પરંપરાગત ભાષાની ખખડધજ—ચીલાચાલુ (કે પાટ ચાલુ?) ગાડી આપણને ક્યાંય પહોંચાડતી નથી એ જોયું; તેમણે કોઈ આંતરિક **અનિવાર્યતાથી** પ્રેરાઈ સલામત પાટે દોડતી ભાષાટ્રેનોથી કંટાળી, તક મળી ત્યારે પાટામાંથી ફિશ-પ્લેટો ખેંચી કાઢી ગયાનું થયું. ક્યાંક ન ઇચ્છેલું—ન ધારેલું પણ બન્યું આમ છતાં સરવાળે આ તોફાનનો અનુભવ રોમાંચક રહ્યો. હવે કેટલીક વસ્તુઓ વધુ ઝડપથી—આસાનીથી બનવા લાગી

છે : હવે કાંસાનો સૂર્ય બની શકે છે; આકાશને કાળો રંગ આપી શકાય છે; 'હલ્લો સાગર' કહી આપણે સાગર સાથે વાત કરી શકીએ છીએ; હવે ભીંતો, શેરી, રસ્તા, મકાન, બારી, ઉંબર, બાર-ટોડલા, દુકાન, ત્રાજવાં — આ સર્વને શાહમૃગો સાથે દોડાવી શકાય છે ઝાડ પણ કંઈ દોડયું છે! — એનો રસિક અહેવાલ પ્રિયકાન્ત મણિયાર પાસે મેળવી લેવો. દેડકાની પોળ અને મદનગોપાળની હવેલી આપણી આસપાસ ગોળ ગોળ ફરી શકે છે; ઘાસના રંગને ખોદી શકાય છે, ખારું પહેરી શકાય છે અને પીળું ખાઈ શકાય છે. વાક્યો અથડાયાં-તૂટયાં, શબ્દો અથડાયા-તૂટયા; તૂટયાં ને સેળભેળ થયાં ક્રિયાપદો, વિશેષણો, નામ, સમાસ, અવ્યય કશું સલામત નથી! એક તોફાની પવન-'ઓતશદો વાયરો' ભાષામાં ફૂંકાયો છે! આ ઠીક થયું છે. ગુજરાતી વાણીના વકીલ ભલે હો, પણ ડાહ્યાભાઈના દીકરા હો તો જરા શાંત રહેજો. ઉમાશંકરના જેવી ધીરજ રાખવી! કવિ-છોકરડા ખેલ કરે તે જોવા. ઠીક લાગે એવા ભાષા-ખેલ 'સંસ્કૃતિ'માં છાપીયે દેવા. ઉમાશંકર તો કવિ છે ને! એ કંઈ આપણાં તોફાન ન સમજે? 'અભિજ્ઞા'ના કવિને ખબર છે કે આ શોણુપાશુઓ (એમાં અસલી સાથે નકલીયે ખરા! — કદાચ ઝાઝા) સમયે સમયે રચાતા અચલાયતનો ભાંગી કવિતાની શોધ કરવા નીકળેલ છે.

આપણને આપણી ભાષા જોઈએ છે; ભાષામાંથી વિસ્મય જોઈએ છે; એવી ઘટનાઓ જોઈએ છે જે આપણા બુઠ્ઠા બની ગયેલા અનુભવ-વિશ્વનો ફરી ધારદાર રીતે સાક્ષાત્કાર કરાવે — આપણને તળેઉપર કરે, આપણી અંદરની કૅલિડોસ્કૉપિક સૃષ્ટિને શબ્દોમા રચાયેલી કે રચાતી જોવાની તક આપણે કલાક્ષેત્રે ખોળીએ છીએ આપણે પરંપરાગત ભાષામાથી જાડયને — મેદને ગાળવો છે. યાંત્રિકતા-તંત્રપરસ્તી પણ ટાળવી છે. આપણે આપણા મનને અનુકૂળ એવી સ્થિતિસ્થાપક, પારદર્શક, સૂક્ષ્મ-ધારદાર ભાષા ઇચ્છીએ છીએ. આપણે જાણીએ છીએ કે સમષ્ટિગત ભાષામાં કોઈની પણ વ્યક્તિગત ભાષા બનવાની શક્તિ ક્ષમતા છે. એ શક્તિનો આપણે તાગ કાઢવો રહ્યો. એ આનંદનો પુરુષાર્થ છે. આપણે આપણી ભાષાનું, આ સમષ્ટિની ભાષામાંથી જ અને એ ભાષા દ્વારા જ સર્જન કરવુ છે. આપણી આજની કવિતાની મથામણ એટલે આપણી પ્રાધાન્યભાવે પોતાની ભાષાનુ સર્જન-નિર્માણ કરવાની મથામણ. આપણી યંત્ર-તંત્ર-પરસ્તી, આપણો એકલતાનો — કંઈન્નદીન્તાનો અનુભવ, આપણી માનસિક તંગદિલી — આ બધાનો અવ્વલ રણકો આપે એવી ભાષા જોઈએ. વારસામાં જે

ભાષા મળી છે તેની સાથે આપણો મેળ પડતો નથી. તેથી એ ભાષામાંથી આપણને મડદાંની બૂ આવે છે આપણા માટે એ ભાષા અસત્ય છે, ભલે અન્યથા એ ગમે તેટલી સંસિદ્ધ હોય. આપણે **આપણા સંદર્ભમાં જ ભાષાની વાત કરીએ છીએ, સાહિત્યના ઇતિહાસના સંદર્ભમાં નહીં.**

સમષ્ટિની ભાષા – વ્યવહારની ભાષા જેમની તેમ આપણને સર્જકોને શા કામની ? આપણે સંવેદનલક્ષી ભાષા ઇચ્છીએ છીએ, વ્યવહારલક્ષી નહીં. આપણો દરેક શબ્દ 'ઇન્દ્રિયાર્થ' બની રહે એ શબ્દ કેવળ કાનને સ્પર્શે એટલું પર્યાપ્ત નથી, એ શબ્દને આપણી અંદર ઊંડે ઊતરતો, સ્પર્શ, સ્વાદ, ગંધાદિ અવનવાં રૂપો પ્રગટ કરતો – વિસ્તરતો અનુભવવો છે. આમ આપણે શબ્દ માત્ર સાંભળવા નહિ, તેને સર્વ ઇન્દ્રિયોથી સ્પર્શી, આપણી અંદર ઉતારી, તેનાથી આપણી ચેતનામાં પ્રકટતી નૂતન સ્પંદાકૃતિઓનો દર્શન–રોમાંચ ઇચ્છીએ છીએ. આપણી ઇન્દ્રિયોની શક્તિને પડકાર આપ-નારી ભાષા આપણે ઇચ્છીએ છીએ શ્રી નિરંજન ભગતે જે એકસૂરીલાપણું આલેખ્યું છે તેમાંથી આપણે બચી જવું છે ને ?—

એ જ તેજ
એ જ બેજ
એ જ સેજ
એ જ એ જ
એ જ બેપગા
લગા લગા લગા લગા ..

એ જ તેજ–બેજ–સેજમાંથી, એ જ બેપગાંમાંથી, એ જ લગામાંથી, એ જ 'એ જ'માંથી આપણે કશુંક એવું ઝંખીએ છીએ જે વાસ્તવ જીવનની કઠોર યંત્રણામાંથી આપણને છોડાવે. ચક્ર શોધાયું ત્યારે જરૂર રોમાંચ થયો હશે, આજે એ ચક્રના અણિયાળા દાંતા ભીષા છાતીમાં વાગે છે. આ વેદનામાંથી આપણે છૂટવું છે આપણે તો કવિઓ – આપણો નાતો કોઈ પણ રીતે શબ્દભાષા સાથે બંધાયેલો ! આપણે તેથી શબ્દ – ભાષા દ્વારા જ એ ચક્ર–વેદનામાંથી છૂટવા મથીશું, એમ કરવું જ આપણને વધારે ફાવશે – એ ગમશે.

આપણે યંત્રોના અવાજેમાથી આપણી ભાષાને છૂટી પાડી લેવા માગીએ છીએ આપણા અવાજને વધુ તીવ્ર ને સૂક્ષ્મ કરવા માગીએ છીએ આપણે આપણા મહામૂલા વિસ્મયનો ભોગ ધરી દેવા માગતા નથી. આપણે આપણું વિસ્મય, મનુષ્ય તરીકેનું આપણું ગૌરવ, આપણા–પણું રક્ષવું છે.

આપણને યંત્ર પીડી શકે, કવિતા કરતાં નહિ અટકાવી શકે. આપણને આપણી નવી ભાષા શોધતાં એ નહિ અટકાવી શકે આપણે મન નવી ભાષા એટલે એક સાંસ્કૃતિક ક્રાંતિ. આપણે ક્રાંતિવીરો એ માટે સાહસ કરીશું જ અને કરીએ પણ છીએ. કોલંબસની જેમ ભાષાક્ષેત્રે કુંવારી ભૂમિની શોધમાં આપણે નીકળ્યા છીએ. આ આપણી શોધ 'ડિસ્કવરી' અને 'ઇન્વેન્શન' બને છે. આપણે કંઈ બહારની દુનિયાથી હારીને બેસી પડવાના નથી. આપણી અંદરેય એક મોટું વિશ્વ છે, એમાંય મીરાંની ભાષામાં કહીએ તો સરોવરો, વાડીઓ, મોર, હંસ – શું શું નથી ? ફ્રોઇડ-યુંગ વગેરેએ એનું શાસ્ત્ર આપ્યું; આપણે તો એ આપણી રીતે અનુભવતા રહ્યા છીએ ભીતરના વિસ્મયપૂર્ણ રહસ્યલોકને બહાર લાવી શકાય. આ ભાષાની જડબેસલાક વ્યવસ્થામાં જો ઘુસાડી શકાય ! વાહ વાહ ! 'મિરેકલ' જ થાય ! – ભાષાનો 'મિરેકલ' ! સ્વપ્નમાં ચાખેલો એવો કોઈ 'મિરેકલ' ! એલ એસ ડી લઈને એવા 'મિરેકલ' અનુભવવામાં પડેલા આપણા મિત્રો – એ જો કવિઓ હશે તો – એવા 'મિરેકલ' ભાષામાં સર્જવાનું જ છેવટે પસંદ કરશે. આવા 'મિરેકલ' માટેના પ્રયત્નોમાં કોઈ સરૂરિયાલિઝમ – ઍબ્સર્ડ જે જોવું હોય તે ભલે જુએ. આપણે હાલ આવા પ્રયત્નોમાં દિલચસ્પી બતાવી રહ્યા છીએ તે હકીકત છે. આપણે આપણાં ચિત્તસ્ફુરણોને સ્વયંભૂ રીતે (ઑટોમેટિકલી) ભાષામાં પ્રગટ થવા દેવા માટે બને તેટલા પારદર્શક-સૂક્ષ્મ થવા મથીએ છીએ આપણાં લોહી-માંસ-આંસુ ને સ્વેદ સૌને ભાષામાં ભેળવવા મથીએ છીએ. પરિણામ જે આવે તે. નામના દરવાજા નથી જોઈતા; નામ ભૂંસાઈ જાઓ. તડકો બમબમ મમમમ થયો તો અમે મંબો ઝંબો થવા તૈયાર છીએ ! આવું કહેવાનીયે જરૂર ખરી ? આપણે ચંચામંચાની વાત કરતાં ચંચામંચા જાતે જ હોવાની પ્રતીતિ કરતા નથી શું ? ચંચમંચાનો કવિનિર્મિત ભાષાસંદર્ભ જોવા જેવો છે—

કાવ્ય એટલે રતિક્રીડા
એ ક્ષણ મળતાં હું બકો રાજા
બબડક બબડક બોલું
હું નામ ખડકનું ખોલું
હું ચંચો મંચો વાત કરું તોય પ્રધાન છ છ કરતો
કવિતા લૂણ ઉતારે
મારા બેઉ આકરો પચ્યા
છવવાનું છલ સાગું બચ્યા

પંડને ખોલવા સાથે ભાષાનો સંચ ખૂલવો જોઈએ. ઉપરના દૃષ્ટાંતમાં એમ બને છે ભાષામાં તો અઢળક સંપત્તિ છે. ભાષામાંથી આપણે આપણી જન્મોત્રી મેળવી શકીએ; વાંચતાં – વાંચીને ભેદ ભાખતાં આવડવું જોઈએ. રાવજીમાં એવી કોઈ કોઠાસૂઝ હતી જેને કારણે રાવજીની કવિચેતના ભાષામાં નિર્વિઘ્ને પ્રસરી કશુંક લીલુંછમ–તાજું નિર્મી આપતી હતી રાવજી એની ભાષાથી જુદો નહોતો. સર્જક કવિની ભાષામાં આ ખૂબી કોઈ પણ કાળે હોય છે જ રાવજીએ પોતાની પાસે શબ્દ કઈ રીતે ઊતરી આવે છે એની વાત કરી છે.

> દુત્તેરી હું—
> હું મારો સંતાપ
> હું મને ભજું દુંભેગ
> ફરફતી શ્રાવણની મધરાત—
> તબ્બુ કુંતલની વેરી ગંધ
> શબ્દોમાં મત્સ્યચંચલા થઈને.
> શબ્દોમાં મેં જીવ પરોવ્યો
> શબ્દ સાચવે અવાજ
> શબ્દ તો નવરાતીનો ગરબો
> ગરબામા એક અવાજ સળગે
> ધરતીની તિરાડ પેનની સ્ટીલ ઉપર અંકાઈ.
> સ્ટીલ ઉપરથી સળગે મારો સ્વર.
> ધાબા પર ટૂંટિયું વાળીને સૂતા
> ઉપર ફફડે તારાનું એક સસલું
> તે પણ ઊતરી આવે શબ્દ થઈને।

આ રીતે શબ્દને પામવાની લાયકાત રાવજીમાં હતી એ વિશે શંકા સેવવાની જરૂર નથી. એ આપણા 'પપેટ શો'ને બરોબર સમજી ગયેલો–

> આ વર્ષો-જૂની પાળેલી પેગ બરની
> ઘડીઓનું બંધ કરો યુનિફોર્મ જણવાનું. સ્ટીલના
> સળિયાની સલામો ખેરવી દો. ટાગવાનું બંધ કરો.
> ક ખ ડ ચ ફ ક યોજનાની સિમેન્ટ પરેડ પાથરી દો.
> બહુ ચાલ્યો પપેટ શો.

રાવજીની ભાષા એ તમને આવડે છે જે એ ભાષા નથી ને છતાં એ ભાષાનો સ્વાદ તમે લઈ શકો એટલી તમારી છે કવિકર્મનો ભાષાગત તે આ.

[ પરબ : ૧૯૭૩ : ૧

કવિ કાવ્યે કાવ્યે પોતાની ભાષાને નવે નવે રૂપે સર્જતો હોય છે. તેથી જ આપણું વ્યાકરણ કે આપણી ડિક્ષનરીઓથી એની ભાષાશક્તિ માપવાનો પ્રયત્ન વિફળ છે અર્થઘટનાનાં ગણિતો કવિને શા માટે માન્ય હોય? શબ્દનો સ્વાદ – ભાષાનો સ્વાદ પારખી શકે એને જ કવિતામાં પ્રવેશ મળી શકે. શબ્દનાં સાહસ કરનાર કવિ ભાષાને ભોંરવતો નથી, બલકે ખીલવે છે, ભાષાની શક્તિને પોતીકા અનુભવથી પ્રમાણિત કરે છે, એનો પરચો આપે છે. અર્થદર્શનની ચિંતા કરવા કરતા કવિની ચેતનાનો શબ્દ સાથેનો સંબંધ કેટલો પ્રાણવાન છે એની ચિંતા કરીએ આમ કહીએ છીએ ત્યારે આપણે કંઈ ભાષામાંથી અર્થને ભૂંસી નાખ્યો નથી આપણે એટલું જ કહેવું છે કે કવિતામાં અર્થ – meaning એ કવિનું લક્ષ્ય નથી **કવિએ શબ્દની ચિંતા કરી હશે તો અર્થનું બધું જ આપોઆપ સચવાઈ રહેશે** અર્થઘટન – અર્થદર્શન કરતા શબ્દના સ્પર્શે ભાવક–ચેતના કેવો 'રિસ્પૉન્સ' આપે છે – કઈ રીતે ને કઈ વિશિષ્ટ પ્રક્રિયાઓ તેનામાં થાય છે એ જોવું, મહત્ત્વનું છે.

રાવજી એક કાવ્યમાં કહે છે

"તમારે તો સાબુસીનો કરવો છે અર્થ"

– એ અર્થ આપવાની જવાબદારી જે માત્ર કવિ છે તે શા માટે લે? એને તો શબ્દ દ્વારા 'ખાલીખમ નિઃસહાય ૐ' નો પરિચય પામવામાં રસ છે

શબ્દને – ભાષાના અવાજને અનુસરીને ભાષાના ક્ષેત્રમાં કવિ પોતાની સમસ્ત ચેતનાને નિરંકુશ વહેવા દે છે; પરિણામે એક અપૂર્વ વૈચિત્ર્ય પ્રાપ્ત થાય છે, જે આજની કવિતામાં અનેક કવિઓ દ્વારા અનેક રીતે જોવા મળ્યું છે

આપણે કેટકેટલા પ્રકારની ભાષાઓ વચ્ચે જીવીએ છીએ. જાહેરખબરોની ભાષા, છાપાંની ભાષા, શોકસભાના ઠરાવોની અને વિદ્વાનસમારંભના પ્રમુખોની ભાષા, ફેરિયાની ભાષા અને ભિખારીની ભાષા – આ તો મનુષ્યની ભાષાની વાત થઈ, માનવેતર અવાજોની વાત જુદી! આ બધી ભાષાઓ–અવાજોમાંથી, જાહેરભાષામાંથી આપણે આપણી અનિવાર્યતા અનુસારની આંતરવિશ્વની ખાનગી ભાષા ઉપજાવી લેવાની છે. આ આપણું કામ છે આપણે શબ્દને લઈને ભીતરમાં ડૂબકી મારીએ છીએ અને ભીતરનાં સ્ફુરણો – હલચલ સાથે આપણે શબ્દનો સંબંધ વણતાં વણતાં ભાષાની સપાટીએ પ્રગટ થતા–ઊઘડતા જઈએ છીએ આપણા આંતરવિશ્વની સંકુલ રૂપ-સૃષ્ટિનો કોઈ સ્વપ્નિલ સ્વાદ આપણે માણીએ છીએ – આકર્ષક અને રોમાંચક, ગૂઢ અને સત્ત્વસભર.

પંડને ખોલવા સાથે ભાષાનો સંચ ખૂલવો જોઈએ. ઉપરના દૃષ્ટાંતમાં એમ બને છે ભાષામાં તો અઢળક સંપત્તિ છે. ભાષામાંથી આપણે આપણી જન્મોત્રી મેળવી શકીએ; વાંચતાં–વાંચીને ભેદ ભાખતાં આવડવું જોઈએ. *રાવજીમાં એવી કોઈ કોઠાસૂઝ હતી જેને કારણે રાવજીની કવિચેતના ભાષામાં* નિર્વિઘ્ને પ્રસરી. કશુંક લીલુંછમ–તાજું નિર્મી આપતી હતી રાવજી એની ભાષાથી જુદો નહોતો સર્જક કવિની ભાષામાં આ ખૂબી કોઈ પણ કાળે હોય છે જ રાવજીએ પોતાની પાસે શબ્દ કઈ રીતે ઊતરી આવે છે એની વાત કરી છે.

દત્તેરી હું—
હું મારો સંતાપ
હું મને ભજું હંમેશ
ફરકતી શ્રાવણની મધરાત—
તણુ કુંતલની વેરી ગંધ
શબ્દોમાં મત્સ્યચંચલા થઈને.
શબ્દોમાં મેં જીવ પરોવ્યો
શબ્દ સાચવે અમાજ
શબ્દ તો નવરાતીનો ગરબો
ગરબામાં એક અવાજ સળગે
ધરતીની તિરાડ પેનની સ્ટીલ ઉપર અંકાઈ.
સ્ટીલ ઉપરથી સળગે મારો સ્વર.
ધાબા પર ટૂંટિયું વાળીને સૂતા
ઉપર ફફડે તારાનું એક સસલું
તે પણ ઊતરી આવે શબ્દ થઈને !

આ રીતે શબ્દને પામવાની લાયકાત રાવજીમાં હતી એ વિશે શંકા સેવવાની જરૂર નથી. એ આપણા 'પપેટ શો'ને બરોબર સમજી ગયેલો–

આ વર્ષો-જૂની પાળેલી પેગંબરની
ઘડીઓનું બંધ કરો યુનિફૉર્મ જણવાનું. સ્ટીલના
ઢળિયાની સલામો ખેરવી દો. ટાંગવાનું બંધ કરો
ક ખ ડ ચ ફ ઠ યોજનાની સિમેન્ટ પરેડ પાથરી દો.
બહુ ચાલ્યો પપેટ શો.

રાવજીની ભાષા એ તમને આવડે છે જે એ ભાષા નથી ને છતાં એ ભાષાનો સ્વાદ તમે લઈ શકો એટલી તમારી છે કવિકર્મનો ભાષાગત જાદુ તે આ.

[ પરબ : ૧૯૭૩ : ૧

કવિ કાવ્યે કાવ્યે પોતાની ભાષાને નવે નવે રૂપે સર્જતો હોય છે. તેથી જ આપણાં વ્યાકરણ કે આપણી ડિક્ષનરીઓથી એની ભાષાશક્તિ માપવાનો પ્રયત્ન વિફળ છે. અર્થઘટનાનાં ગણિતો કવિને શા માટે માન્ય હોય? શબ્દનો સ્વાદ—ભાષાનો સ્વાદ પારખી શકે એને જ કવિતામાં પ્રવેશ મળી શકે. શબ્દનાં સાહસ કરનાર કવિ ભાષાને ખોરવતો નથી, બલકે ખીલવે છે, ભાષાની શક્તિને પોતીકા અનુભવથી પ્રમાણિત કરે છે, એનો પરચો આપે છે. અર્થદર્શનની ચિંતા કરવા કરતા કવિની ચેતનાનો શબ્દ સાથેનો સંબંધ કેટલો પ્રાણવાન છે એની ચિંતા કરીએ આમ કહીએ છીએ ત્યારે આપણે કંઈ ભાષામાંથી અર્થને ભૂંસી નાખ્યો નથી આપણે એટલું જ કહેવું છે કે કવિતામાં અર્થ — meaning એ કવિનુ લક્ષ્ય નથી **કવિએ શબ્દની ચિંતા કરી હશે તો અર્થનું બધું જ આપોઆપ સચવાઈ રહેશે** અર્થઘટન — અર્થદર્શન કરતા શબ્દના સ્પર્શે ભાવક-ચેતના કેવો 'રિસ્પોન્સ' આપે છે — કઈ રીતે ને કઈ વિશિષ્ટ પ્રક્રિયાઓ તેનામાં થાય છે એ જોવું, મહત્ત્વનુ છે

રાવજી એક કાવ્યમા કહે છે

"તમારે તો સાલુસીનો કરવો છે અર્થ.'

— એ અર્થ આપવાની જવાબદારી જે માત્ર કવિ છે તે શા માટે લે? એને તો શબ્દ દ્વારા 'ખાલીખમ નિઃસહાય ૐ' નો પરિચય પામવામાં રસ છે.

શબ્દને — ભાષાના અવાજને અનુસરીને ભાષાના ક્ષેત્રમાં કવિ પોતાની સમસ્ત ચેતનાને નિરંકુશ વહેવા દે છે; પરિણામે એક અપૂર્વ વૈચિત્ર્ય પ્રાપ્ત થાય છે, જે આજની કવિતામાં અનેક કવિઓ દ્વારા અનેક રીતે જોવા મળ્યું છે

આપણે કેટકેટલા પ્રકારની ભાષાઓ વચ્ચે જીવીએ છીએ. જાહેરખબરોની ભાષા, છાપાંની ભાષા, શોકસભાના ઠરાવોની અને ઉદ્ઘાટનસમારંભના પ્રમુખોની ભાષા, ફેરિયાની ભાષા અને ભિખારીની ભાષા — આ તો મનુષ્યની ભાષાની વાત થઈ, માનવેતર અવાજોની વાત જુદી! આ બધી ભાષાઓ—અવાજોમાંથી, જાહેરભાષામાંથી આપણે આપણી અનિવાર્યતા અનુસારની આંતરવિશ્વની ખાનગી ભાષા ઉપજાવી લેવાની છે આ આપણું કામ છે આપણે શબ્દને લઈને ભીતરમા ડૂબકી મારીએ છીએ અને ભીતરના સ્ફુરણો — હલચલ સાથે આપણે શબ્દનો સંબંધ વણતાં વણતાં ભાષાની સપાટીએ પ્રગટ થતા—ઊઘડતા જઈએ છીએ. આપણા આંતરવિશ્વની સંકુલ રૂપ-સૃષ્ટિનો કોઈ સ્વપ્નિલ સ્વાદ આપણે માણીએ છીએ — આકર્ષક અને રોમાંચક, ગૂઢ અને સત્ત્વસભર

લાભશંકરે 'માણસની વાત' કાવ્ય આપ્યું. એમાં આમ જુઓ તો ગમે તે કાળના મનુષ્યની વેદનાય છે; છતાં જે રીતે વાત થઈ છે તે તો આજનો માણસ – કવિ કહી શકે એવી વાત છે એમાં કવિ અવારનવાર પોતે શબ્દને દોરે એ કરતાં શબ્દથી પોતાની ચેતના દોરાય એવી પ્રક્રિયામાં રસ લેતો લાગે છે; અને એમ થાય છે ત્યારે ક્વચિત્ ન-ધારેલાં પરિણામ પણ આવે છે આ પ્રક્રિયાનાં જોખમો છે, પણ એનો આનંદ ઓર ચીજ છે. કવિ ભીંતનો ટેકો લે છે. 'ભીંત' શબ્દ અને કવિચેતનાનો યોગ સધાતા ભાષામાં કેવો આકાર ઊપસે છે તે જુઓ

'હું ભીંતને ટેકે ઊભો રહું
ભીંત :
મારી વૃત્તિઓ
આ વૃક્ષ
પથ્થર
ટેકરી
પાણી
હવામાં ઊડતાં પંખી
ટગરનાં ફૂલ
બત્તી
કાચબાની પીઠ જેવી સાંજ
મારી ભીંત
મારી ભીંતને આંખો નથી
ને આંખમાં ઊભી રહી છે ભીંત
મારી ચામડી થીજી ગયેલી ભીંત છે
જે મને દેખાય તે પણ ભીંત છે
મારું નામ-ગામ-તમામ
મારું-તમારું-તેમનું જે કંઈ બધું તે ભીંત
આ બધા તે ભીંતનાં દરવો
આ બધાં તે ભીંતનાં
ગુણો
કર્મો
સંખ્યા
વિશેષણ
નામ
અવ્યય
આ અને અન્ય વિશે અવકાશ તે પણ ભીંત
ભીંતનું ચણતર ચણે તે હાથ મારા ભીંત

અહીં કવિ 'ભીંત' શબ્દનો પૂરો લાભ લે છે 'ગુણો'થી સીધા વ્યાકરણના શબ્દોમાં સરે છે. વ્યાકરણમાં 'અવ્યય' જેવો શબ્દ હોય અને તેનો કવિ રસ કાઢવાનું છોડે? 'અવ્યય'ના 'અ' અને 'વ્યય' છૂટા પાડતાં કવિને અવકાશ-મળી રહે છે અને તેમાં કવિ ગોઠવી દે છે અથવા કવિથી ગોઠવાઈ જાય છે ભીંત. આ દૃષ્ટાંતમાં 'ભીંત' શબ્દ એના અર્થ સાથે કવિ પાસે આવ્યો છે કવિની દિશા શબ્દથી અર્થ તરફની, ભાષાથી વસ્તુ તરફની છે એમ લાગે છે કોઈ પણ કવિ ભાષા સાથે કામ પાડતો હોય ત્યારે તે ભાષાના બધા જ અંશો – જેમાં અર્થ આવી જ જાય છે – સુધી પ્રગતિશીલ હોય છે કવિચેતના ભાષાને પૂરેપૂરી સર્જનાત્મક રીતે વાપરી શકે તો પછી અર્થ-વાદીઓ કે દર્શન-વાદીઓને ફરિયાદનું કારણ રહેવાનું નથી જ. સર્જન-પ્રક્રિયામાં કામ આવતી ભાષા સર્જકનિરપેક્ષ–વ્યક્તિનિરપેક્ષ–જીવનનિરપેક્ષ રહી શકતી નથી અને તેથી જ અહીં શબ્દનું – ભાષાનું દૃષ્ટિબિન્દુ લઈને કરવામાં આવતી વાત એકદેશીય રહે છે એ મત અસ્વીકાર્ય રહે છે.

કેટલીક વાર કવિ એક શબ્દ પરથી બીજા શબ્દ પર કાનની મદદથી ખસતો, ભાષામાં પોતાની ચેતનાગતિએ નવા વળાંકો સર્જતો હોય છે—

ચરણ ચાલ્યા કરે છે
એટલે ચારણ બન્યો છું?
કારણ નથી કોઈ?
અને ભારણ નથી કોઈ?
તરણ તાર્યા કરે છે એટલે
તારો બન્યો છું
આરણ અને કારણ બધાં
છે આમ તો ચોકો મનોરથનાં
તૂટેલાં!

અહીં 'ચરણ' શબ્દથી 'ચારણ' શબ્દ અને ત્યાંથી 'કારણ', 'ભારણ', 'આરણ' ઇત્યાદિ સુધી કવિ સરકે છે એમની ચેતનાની ગતિ આ દૃષ્ટાંતમાં શબ્દપ્રેરિત લાગે છે, ભલે પછી અર્થનો અંકુશ એ ગતિ પર રહ્યો હોય. 'વહી જતી પાછળ રમ્યઘોષા'ની આગલાં પાનાંની સુબ્દુ–મધુર ભાષા સાથે પાછળનાં 'તડકો' વગેરે કાવ્યોની ભાષા સરખાવતાં એક વસ્તુ તરત પ્રતીત થશે: આજના કવિઓ પોતે બાલમુકુંદની રીતે સુબ્દુ–મધુર કવિતા લખે એથી સંતુષ્ટ નથી. તેમણે ભાષાના ઉપાદાનને નવો ઘાટ–મરોડ, નવું પોત બક્ષવું છે આ એક મથામણ છે; કાવ્યસિદ્ધિનો પ્રશ્ન અહીં ઉઠાવવાની જરૂર નથી – ભલે એ જ છેવટે તો મહત્ત્વનો પ્રશ્ન હોય. રવિશંકર રાવળ, રસિકલાલ

પરીખ, મોહનલાલ ભાવસાર વગેરે સારા ચિત્રકારો છે જરૂર, એમનાં ચિત્રોમાં રસ પણ પડે છે; આમ છતાં પિરાજી સાગરા, ભૂપેન ખખ્ખર, બાલકૃષ્ણ પટેલ આદિનાં ચિત્રોમાં જે માધ્યમ સાથેની મથામણ છે એ આપણું વિશેષ ધ્યાન ખેંચે છે. કવિતાક્ષેત્રે પણ કંઈક આવી જ મથામણ હાલ જોવા મળે છે. મથામણમાં પડેલા અનેક કવિઓએ એક સમયે પરંપરામાં પણ કામ કર્યું છે તે ભૂલવું ન જોઈએ આજની કવિતામાં તેઓ એક નવી Struggle માં પડ્યા છે એ 'સ્ટ્રગલ'ને તમે ભલે સિદ્ધ કવિતામાં સ્થાન ન આપો; પણ એ માર્ગે આવતી કાલની કવિતાનું નવું રૂપ સિદ્ધ થવાની આશા ખોવાને કારણ નથી.

આમ તો જે 'કવિ' છે તેનું દરેક કાવ્ય કશીક લાક્ષણિકતા-કશીક અપૂર્વતા પ્રગટ કરતું હોય છે, એની આપણને ખબર છે તે પછીની વાત અહીં આપણે કરીએ છીએ તે મર્મજ્ઞોએ સમજવું જોઈએ ભાષાને જ લક્ષ્ય કરી કશુંક નવું કરવા માટે ઝૂઝનારાઓની આ વાત છે – કવિતાની પરંપરાગત ભાષામાં પોતાને ભોગે પણ કશુંક striking કરવાની ખ્વાહિશ રાખનારાઓની આ વાત છે. આમ તો દરેક કવિ પોતાની રીતે ભાષા વાપરતો હોય છે. અહીં વધુ ઉત્કટતાથી, વધુ વૈયક્તિક બળકટતાથી ભાષાને તળે-ઉપર કરવા મથનારા કવિઓની વાત છે સુજ્ઞ જનો ગૌણ-પ્રધાનવિવેકે આ મુદ્દો વિચારશે જ. પ્રશ્ન માત્રા-ભેદનો જ અહીં છે

સિતાંશુની કવિતામાં વૈયક્તિક ભાષાનિર્માણની પ્રક્રિયા બળવાન રીતે ચાલે છે. એનાં 'એક સર્રિયલ સફર', 'હાથલા તરીકે મુંબઈ', 'મૃત્યુ', 'મોએં-જો-દડો', 'યમદૂત' વગેરે કાવ્યો જોવાથી એ સ્પષ્ટ થશે. કાવ્યનિર્માણ એટલે કવિનું વૈયક્તિક ભાષાનિર્માણ લાભશંકર અને સિતાંશુના પ્રયત્નો શબ્દથી અર્થ તરફના આમ તો છે, આમ છતાં સૂક્ષ્મ રીતે જોતાં સિતાંશુ અર્થ તરફ તો લાભશંકર શબ્દ તરફ ઝૂકતા લાગશે; આપણે લયની વાત અહીં કરતા નથી એમના પ્રયત્નોમાં સંપ્રજ્ઞતા-ચાતુરીના અંશો પણ જોવા મળે છે. અલબત્ત, ઉભયનો શબ્દરસ – ભાષારસ વિશેષભાવે ધ્યાનપાત્ર છે. રાવજીનો પ્રયત્ન આ બેયથી વિલક્ષણ અને ધરબમ છે. એ શબ્દનો રસિયો છે; શબ્દો ઢીંચીને જાણે વાત કરે છે! નહીં ધારેલાં રૂપો એ ભાષામાં સિદ્ધ કરે છે, નહીં કલ્પેલા વળાંકોએ તે ભાષામાં આપણને પહોંચાડે છે. ક્યાક રાવજી 'નોનસેન્સ' તરફ ઢળતો લાગે, ક્યાંક શબ્દોને રમાડતો, શબ્દ સાથે અમસ્તી અમસ્તી રમત કરતો લાગે ને ક્યાક એ કદાક કોઈ બારી, કોઈ બારણું ભાષામાં ઉઘાડી દે – જ્યાં તમારી ઇન્દ્રિયો પણ કોઈ

સંવેદનાની બળવાન થપાટે ઊઘડી જાય સિતાંશુની કાવ્યબાનીનું એક બરછટ — 'બરછટ' બરાબર છે! — અથવા કોઈ જુદું જ પોત છે. એમાં લયની ગતિ ભાષાની ગતિ સાથે આંતરચેતનાનાં ચિત્રવિચિત્ર રૂપો પ્રગટતાં — સેળભેળ થતાં — નવાં રૂપ ધરતાં ઊંડાણ–વિશાળતા–ઉત્કટતા–તીક્ષ્ણતા વગેરેનો સંમિશ્ર અનુભવ કરાવતાં લાગે છે. એ માટે ભાષાના વિવિધ અંશોનો — ક્યાંક પ્રાસ, ક્યાંક વર્ણ, ક્યાક સમાસ, ક્યાંક આપણી ભાષાના તો ક્યાંક અન્ય ભાષાઓના ઇતર લાક્ષણિક અંશો–તરેહો — તે બધાંનો વિનિયોગ પણ કરતો હોય છે. લાભશંકર આ કામ જરા આસાયેશથી–સલૂકાઈથી–ઠંડી રીતે–વધુ કાબેલિયતથી કરે છે તો આ જરા દમામ સાથે — ધમાલ સાથે, 'સર્રિયાલિઝમ'ના પાટિયા સાથે! બાલવાર્તાની ભાષાભંગિથી માંડી છાપાળવી ભાષા સુધીની વિવિધ તરેહોનો આ કવિઓ યથાવકાશ સરસ વિનિયોગ કરે છે 'પોપટ ભૂખ્યો નથી'નો ભાષા-લય કામમાં લઈ સિતાંશુ કહે છે:

> તેથી આ શહેર ખાતું નથી,
> આ શહેર પીતું નથી, આ શહેર પવનોની પાળે,
> આ શહેર મરણોની ડાળે.

— તમે મરણોની ડાળે વળગેલા શહેરની વાત સમજી શકતા હો, પવનોની પાળ રચાયાનો વિસ્મય પામી શકતા હો તો મારે અહીં ઝાઝા ટીકાટિપ્પણની જરૂર નથી

સિતાંશુએ 'મનુ, યમ અને જળ : એક સર્રિયલ કૃતિ'માં મનુ અને યમનું અને તે દ્વારા અર્થગત જે સંયોજન કર્યું છે તે જોવા જેવું છે —

> તો અરે માનવો! (કેવળ ? ક્યા છે ?)
> ઓ મર્ત્યો (ના કેવળ એયે)
> મર્ત્ય માનવો, મર્ત્ય માનવો! ચાલો
> ચાલો મનુ સાથે, ના યમ સાથે, ના યમ, મનુ, મનુ, યમ.
> યમનુ યમનુ
> મુનમય મુનમય ચાલો દક્ષિણ તરફ.

— અહી મનુ – યમનો સંયોગ 'મુનમય'માં જે કવિપ્રેરિત શબ્દનિર્માણ-ની પ્રક્રિયાથી થયો છે તે આસ્વાદ્ય છે. ઉમાશંકરે 'પ્રભુ' અને 'કવિ'ને 'પ્રકભુવિ'માં અવતારેલ; અહીં યમ–મનુનો નૂતન અવતાર 'યમનુ'થી 'મુનમય' સુધી લંબાયો છે; અને 'મુનમય' દ્વારા એક નૂતન અર્થ સિદ્ધ કર્યો છે. એ સાથે કૌંસગત કવિના અવાજની નોંધ પણ લેવી જોઈએ. શ્રી હસમુખ પાઠકે 'નમેલી સાંજ'માં — હવે 'સાયુજ્ય'માં — એકીસાથે ઊઠતા બે અવાજોનો સારો લાભ લીધો છે એથી ભાષામાં એક નવું પરિમાણ આવે છે—

છે તેને આપણી પ્રત્યક્ષ કરે, જે આપણા હાથની વાત નથી તે આપણા હાથની હોવાની ભ્રાંતિ યા પ્રતીતિ કરાવે. જે આપણા હાથમા નથી તે આપણા હાથમા હોવાનો અનુભવ કરવો છે અને તેથી જ ક્યારેક તો આપણે કંઈક વધારે ઉદ્દંડતાથી ભાષા વાપરીએ છીએ પ્રશ્નાર્થમાં પલટાયેલા આપણા વિસ્મયાર્થોને આપણે પુનઃ ભાષા દ્વારા પ્રાપ્ત કરવા માગીએ છીએ એક કવિ – એક વ્યક્તિ સર્જનબળે સમષ્ટિની ભાષામાથી પોતાની ભાષા સર્જી શકે છે – એ ઘટના – એ ઘટના ઊભી કરવાનુ સામર્થ્ય તે કવિની સત્-તા છે; એ સત્-તાની પ્રતીતિથી થતો આનંદ આપણે માણવો છે. એ માટેની મથામણ અનેક નાનામોટા કવિઓ, નાનામોટા સામયિકો કરે છે ગુજરાતી કવિતા માટે નવું વાતાવરણ સર્જાયુ છે કવિ પાસે શબ્દો જાણે કોઈ વેઠમાંથી મુક્તિ પામેલા લોકોની જેમ પાછા ફરે છે; નવા લય લઈને, નવી શક્યતાઓ લઈને. કવિએ એમની સાથે લોહીનો સંબંધ સ્થાપવાનો છે. કવિ આજનો હોય કે ગઈ કાલનો – જો કવિ જ હોય તો તે શબ્દની શોધ કરે છે, એ શબ્દ દ્વારા ખુદની શોધ કરે છે. શબ્દમાં જ ખુદને શોધે છે. કેટલીક વાર વળી શબ્દો જ જાણે કવિની રાહ ન જોતા હોય એવુ લાગે છે – ખાસ કરીને જ્યારે નીવડેલી કાવ્યરચનાઓને માણીએ છીએ ત્યારે.

શબ્દમાંથી ખુદને પ્રાપ્ત કરવા, આપણા આનંદરૂપનો સાક્ષાત્કાર અનિવાર્ય છે કવિ ગમે તેવી વિપરીત સ્થિતિમાં હોય, પણ શબ્દ જ્યાસુધી એના હાથમાં – એની જીભ પર છે ત્યાં સુધી તે કલાક્ષેત્રે ' અખિલ છે. શબ્દ સાથે યથેચ્છ સંબંધ સ્થાપવાની એની ક્ષમતા છે તો ભલે એ ભાષાને તોડે-જોડે, પીએ-ચીંએ! હે શબ્દબ્રહ્મના ઉપાસકો! કોઈ કવિની આવી ચેષ્ટાથી અધીરા થશો મા! શબ્દને કશું થતુ નથી, થયું નથી, થવાનુ નથી; જે થાય છે તે કવિને – આપણને થાય છે; કેમ કે આપણે છીએ – આપણું હોવાનું હોવું છે, આપણા થકી આપણો શબ્દ છે. આપણે જે અનુભવીશું તે શબ્દમાં ઝિલાશે એ રીતે આજે આપણે નહિ વાત કરીએ, આપણે શબ્દના સંદર્ભમાં જે અનુભવીશું તેનો કોઈ આકાર અનુભવ સાથે જ સર્જાતો રહેશે એમ આપણે વાત કરીશું. આવતી કાલે કદાચ ને કોઈ કવિ શબ્દમાંથી શ્રદ્ધા ગુમાવી બેસે તોય ચિંતા કરવાનુ કારણ નથી, કેમ કે શબ્દથી મૌન સુધીના માર્ગને પામનાર, શબ્દની શક્તિને જાણનાર જ શબ્દની મર્યાદાની વાત કરી શકશે અને તે વાત શબ્દને ઉગાવનારી નહિ, બલકે દઢાવનારી હશે અહી હું એક સંવેદનશીલ કવિની (લાભશંકર ઠાકરની) વાણી રજૂ

(૩) **લોકકથાઓ :** લોકકથામાંથી મળતી કથાઓને નીચેના વિભાગોમાં સમાવી શકાય

(૧) સામાજિક અને કૌટુંબિક પ્રકારની કથાઓ, (૨) ઐતિહાસિક, અર્ધ–ઐતિહાસિક અને દંતકથાઓ, (૩) કાલ્પનિક કથાઓ, (૪) પશુ-પ્રાણીની કથાઓ, (૫) સ્થાનિક વીર–વીરાંગનાઓની શૌર્યકથાઓ, (૬) પૌરાણિક કથાઓ, (૭) નદી અને સરોવરની કથાઓ, (૮) વનસ્પતિજીવનની કથાઓ, (૯) કુદરતના બનાવો સંબંધની કથાઓ, (૧૦) વારતહેવાર અને વ્રતની કથાઓ, (૧૧) ધર્મકથાઓ અને ભક્તોના જીવનની કથાઓ, (૧૨) ઉપદેશ અને મનોરંજન કથાઓ, (૧૩) કહેવત કથાઓ, (૧૪) બાળકથાઓ, (૧૫) ભૂત–પ્રેતની કથાઓ, (૧૬) વિનોદ અને ચતુરાઈની કથાઓ, (૧૭) કામણટૂમણની કથાઓ, (૧૮) ઓઠાઓમાં મળતી કથાઓ, (૧૯) જાતિ-ઉત્પત્તિની કથાઓ (૨૦) ધંધાનું રહસ્ય અને કસબ દર્શાવતી કથાઓ.

(૪) **લોકનાટ્ય :** લોકનાટ્ય એ લોકજીવનનું મનોરંજનનું મહત્ત્વનું સાધન છે. તેમા ગીત, સંગીત અને નાટક ત્રણેનો ત્રિવેણીસંગમ જોવા મળે છે ગુજરાતમાં ભવાઈના વેશો, રામલીલા અને વારતહેવારે માતાજીના વેશ કાઢવામાં આવે છે.

(૫) **કહેવતકથાઓ :** કહેવતકથાઓ, લોકોક્તિઓ અને લોક-જોડકણાનું સાહિત્ય પણ આપણે ત્યા સારા પ્રમાણમાં મળે છે

## લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિનો સંબંધ ·

લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિને ઘણીવાર એક જ વસ્તુ સમજવામાં આવે છે, પરંતુ એ બે વચ્ચેનો ભેદ આપણે સ્પષ્ટપણે સમજી લેવો જોઈએ. લોકસંસ્કૃતિ એટલે Folk lore અને લોકસાહિત્ય એટલે Folk literature

લોકસંસ્કૃતિ એ આદિમાનવની મનોવૈજ્ઞાનિક અભિવ્યક્તિ છે તેમાં પ્રચલિત ધર્મ, લોકવિશ્વાસ, શ્રદ્ધા–અંધશ્રદ્ધા, રીતરિવાજો, વાર્તાઓ, ગીતો, ભૂતપ્રેતની કલ્પનાઓ, વશીકરણ, તાવીજ, ભાગ્ય, શુકન, રોગ, મૃત્યુ, ઉત્સવો, તહેવારો, યુદ્ધ, હથિયારો, પશુપાલન, ખેતી ઉપરાંત લોકોએ ભૌતિક રીતે અને માનસિક રીતે જે કંઈ મેળવ્યું છે તે બધું જ આવી જાય બીજી રીતે કહીએ તો લોકસાહિત્ય એ લોકસંસ્કૃતિનો એક માત્ર ભાગ છે લોકસંસ્કૃતિને જો વિશાળ વડલાની ઉપમા આપીએ તો લોકસાહિત્યને તેની એક નાનકડી શાખા કહી શકાય લોકસંસ્કૃતિનું ક્ષેત્ર વિસ્તૃત છે, જ્યારે લોકસાહિત્યનું ક્ષેત્ર પ્રમાણમાં સાંકડું છે. લોકસંસ્કૃતિ

માનવજીવનનાં તમામ પાસાંને સ્પર્શે છે, જ્યારે લોકસાહિત્ય લોકગીતો, લોકકથાઓ, કહેવતો અને લોકનાટ્ય પૂરતુ સીમિત રહે છે તેમ છતાં લોકકથાઓ લોકસંસ્કૃતિના અભ્યાસનું મહત્ત્વનુ અંગ છે એ ન ભૂલવું જોઈએ.

## લોકકથાઓની પ્રાચીન પરંપરા :

લોકકથાઓ એ લોકસાહિત્યનુ વિશિષ્ટ અંગ છે લોકકથાનું બીજ વેદ અને ઉપનિષદોના ઉપાખ્યાનોમાં સાપડે છે લોકવાર્તા કહેવાની પરંપરા ગુજરાતમા અને ભારતમા પ્રાચીન કાળથી ચાલી આવી છે ભગવાન બુદ્ધ દરરોજ સાંજે શ્રમણ ભિક્ષુઓને ભેગા કરીને જાતકોની કથાઓ કહેતા. ભારતવર્ષના તીર્થાટને નીકળેલા ઋષિમુનિઓ જ્યા વિશ્રાંતિ લેવા રોકાતા ત્યાં ધાર્મિક વાર્તાઓનો વિનિમય કરતા સમુદ્રકાઠે કે મોટાં શહેરોમા જ્યાં વેપારી મથકો હોય ત્યા દૂર દેશાવરના વેપારીઓ ભેગા થતા અને ચતુરાઈની, ડહાપણની, ઠગની, આશિકમાશુકની, મંત્રતંત્ર અને ચમત્કારોની વાતો કહેતા. પ્રાચીન કાળમાં રાજપુત્રોને કથાઓ કહેવા માટે વિદ્વાન પંડિતો રાખવામાં આવતા. રાજ્યના વિદૂષકો વાણિયાની ચતુરાઈની, ઠગલોકોની પ્રયુક્તિઓની અને નારીસ્વભાવ વિશેની કથાઓ કહેતા

ઘરડા દાદા-દાદીઓ વાળુપાણીમાથી પરવારીને રાત-વરતના બાળકોને વાર્તાઓ કહે છે ગામડાઓમાં બ્રાહ્મણો વારતહેવારે વરતવરતોલની વાર્તાઓ કહે છે આ ઉપરાત બારોટ, ચારણ, ભાટ, લંઘા, તુરી, મીર પણ લોક-કથાઓ કહે છે.

## લોકકથાઓની વિશેષતા :

આ બધી કથાઓ નવરાશની વેળાનુ માત્ર મનોરંજન જ નહી, પણ લોકશિક્ષણનું કામ કરતી અભણ લોકોને આવી વાર્તાઓ દ્વારા બોધ, જ્ઞાન, ચતુરાઈ, ડહાપણ અને નીતિવિષયક જ્ઞાન મળતું

આવી કથાઓમાં વિષયની સાથોસાથ તેનાં વર્ણનો, પદ્ય જેવુ ગદ્ય, સ્થાનિક રંગો, કથોપકથન, એનો પ્રારંભ એ એની વિશેષતા છે લોકકથાકાર શ્રોતાઓને આગળી પકડીને એવી સૃષ્ટિમા લઈ જાય છે જ્યાં પશુપક્ષીઓ માનવીની જેમ જ બોલવા માંડે છે આભની અપ્સરાઓ માનવીનુ કામ-કાજ કરે છે, સ્વર્ગના દેવો ધરતી પર ઊતરી આવે છે આવી કથાઓમાં હોંકારો આપવાનું મહત્ત્વ પણ ઓછુ નથી. ફોજમાં જેટલું નગારાનુ મહત્ત્વ એટલું લોકકથામાં હોંકારાનુ મહત્ત્વ છે. આવી કથાઓમાં માણીગર વર્ગ પણ લોકસમાજ જ છે

## લોકસાહિત્ય—એક શાસ્ત્ર :

લોકસાહિત્ય એ એટલું સાહિત્ય જ નહીં, પણ વિશિષ્ટ લોકશાસ્ત્ર છે. પરિણામે પશ્ચિમના વિદ્વાનો લોકસાહિત્યને વિજ્ઞાન માનવા તરફ વિશેષ વળ્યા છે. ૧૯મી સદીના વચગાળાના સમયમાં પશ્ચિમના વિદ્વાનોએ પછાત જાતિઓના સાહિત્યના સંશોધનનું કામ હાથ ધર્યું. પછી જેમ જેમ ભાષાવિજ્ઞાન, નૃવંશશાસ્ત્ર, માનસશાસ્ત્ર જેવાં શાસ્ત્રો અલગ અલગ રીતે વિકાસ પામતા ગયા તેમ તેમ પશ્ચિમના દેશોમાં લોકસાહિત્યને વિજ્ઞાનનું સ્વરૂપ મળતુ ગયું. એટલુ જ નહી, પણ ઉપર જણાવેલાં બધાં જ શાસ્ત્રો લોકગીતો અને વિશેષે લોકકથાઓ સાથે ગાઢ સંબંધ ધરાવે છે આપણે ત્યાં ગુજરાતમાં લોકસાહિત્યનો અભ્યાસ સંશોધન, સંકલન, સંપાદન અને તેના વિવેચન કે રસાસ્વાદ કરાવવા પૂરતો જ મર્યાદિત રહ્યો છે લોકસાહિત્ય એક શાસ્ત્ર છે, વિજ્ઞાન છે, તે દૃષ્ટિએ તેને મૂલવવાનું કામ હવે શરૂ કરવુ જોઈએ.

## લોકકથાઓ અને ભાષાવિજ્ઞાન

લોકસાહિત્યનો સંગ્રહ કરનારાઓ માટે ડૉ. સુનીતિકુમાર ચેટરજીએ એકવાર કહેલું કે આવા સંગ્રાહકો ભાવિ ભાષાશાસ્ત્રીઓને માટે અમૂલ્ય સામગ્રીનો સંગ્રહ કરી રહ્યા છે. લોકબોલીનુ રૂપ અને એના અર્થનું જ્ઞાન કરાવવામાં લોકકથાઓ ખૂબ ઉપયોગી બને છે લોકકથાઓ અને લોકગીતોમાં તરતા અસંખ્ય તળપદા શબ્દો ભાષાવિજ્ઞાનને માટે ખૂબ ઉપયોગી બની રહે છે ભાષાવિજ્ઞાનીઓએ એ દૃષ્ટિએ લોકકથાઓને મૂલવવી જોઈએ

## નૃવંશશાસ્ત્ર અને લોકકથાઓ :

નૃવંશશાસ્ત્રને પણ લોકકથાઓ સાથે ઘણો નજીકનો સંબંધ છે નૃવંશશાસ્ત્ર એ માનવશરીર અને તેના લોહીનો અભ્યાસ છે. લોકવાર્તા માનવશરીરની વાણીનો અભ્યાસ છે

## લોકકથાઓ અને મનોવિજ્ઞાન :

મનોવિજ્ઞાનના અભ્યાસીઓ માટે લોકકથાઓમાં અઢળક સામગ્રી પડી છે. લોકકથાઓ લોકજીવન સાથે જોડાયેલાં ધર્મ, ચમત્કારો, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, વિશ્વાસોનુ સ્વરૂપ બતાવે છે, જ્યારે મનોવિજ્ઞાન એ સ્વરૂપોનો અભ્યાસ કરે છે આમ, લોકસમાજમાં વસતા માનવીઓની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓનુ પ્રતિબિંબ લોકકથાઓમાં અચૂક પડે છે તેથી આવી લોકકથાઓ મનોવિજ્ઞાનને મદદકર્તા બને છે..

### લોકકથાઓ અને પુરાતત્ત્વ :

લોકકથાઓનો સંબંધ પુરાતત્ત્વની સાથે પણ જોડાયેલો છે તેથી લોકકથાઓને પુરાતત્ત્વનું એક અંગ માનવામાં આવે છે દેશના કેટલાક વિસ્તારોમાં લોકકથાઓમાં મળતી કડીઓના આધારે ખોદકામ કરવામાં આવ્યું છે અને ત્યાં ઐતિહાસિક રહસ્યો ખુલ્લાં થયાં છે

### લોકકથાઓ અને ઇતિહાસ :

લોકકથાઓ ઇતિહાસકારોને માટે પણ ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે. પૃથ્વીરાજે મહંમદ ગોરીને અનેક વખત હરાવ્યો એ વાત લોકકથા વર્ષોથી કહેતી આવી છે, પણ ઇતિહાસકારો એને સ્વીકારતા નહોતા. આજે ઇતિહાસની આધુનિક શોધો દ્વારા એ સાબિત થઈ ચૂક્યું છે આમ ઇતિહાસની ખૂટતી કડીઓ મેળવી આપવામાં લોકકથાઓ ખૂબ ઉપયોગી સાબિત થઈ છે

### લોકસાહિત્યનું સંશોધન અને સંપાદન :

આજે ગુજરાતમાં લોકકથાઓ લોકપ્રિય થવા લાગી છે. પરિણામે લોકકથાઓનું ખેડાણ પણ ઠીકઠીક થવા લાગ્યું છે ત્યારે આપણી સમક્ષ સ્વાભાવિક રીતે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આજે લોકકથાઓને નામે જે કંઈ કથાઓનું લેખન–સંપાદન થાય છે તે ખરેખર સાચી લોકકથાઓ છે? અથવા લોકકથાના બધા અંશો–તત્ત્વો તે સમાવે છે? શુદ્ધ લોકકથા કોને કહેવાય? લોકકથાનું સ્વરૂપ શું? લોકકથાના સીમાડા ક્યાં સુધી વિસ્તરે? આવા પ્રશ્નોને ચર્ચાની એરણ પર ચડાવવાનો સમય હવે આવી લાગ્યો છે.

લોકકથાઓના સ્વરૂપ અંગે આપણે ત્યાં ઊંડાણથી અભ્યાસ થયો નથી. લોકકથાઓનું ચોકસાઈભર્યું કોઈ વર્ગીકરણ થયું નથી પરિણામે ડૉ. કે ડી. ઉપાધ્યાય જેવા હિંદી લોકસાહિત્યકારોએ હિંદી લોકકથાઓ માટે જે વર્ગીકરણ આપ્યું છે તેનો ટેકો લઈને આપણે ચાલવું પડે છે.

આજે ગુજરાતમાં લખાતી, સંપાદિત થતી, છપાતી અને વંચાતી લોકકથાઓએ લોકમાનસ પર એવી એક ભ્રામક માન્યતા ઊભી કરી દીધી છે કે લોકબોલીમાં લખાયેલી ઇતિહાસકથા કે શૌર્યકથા જ લોકકથા છે ખરેખર તો ઇતિહાસકથાને લોકકથાના પ્રકારમાં મૂકી શકાય. ગુજરાતના ગામડે ગામડે જ્ઞાન, ચતુરાઈ, ડહાપણ, બોધ અને મનોરંજન આપતી અસં-

કથાઓ મળે છે. એ કથાઓના સંપાદન તરફ આપણા લોકસાહિત્યકારોનું ધ્યાન પ્રમાણમાં ઓછું ગયું છે. વળી એ મહેનતનું માથાકૂટિયું કામ છે તેથી પણ લોકસાહિત્યના સંશોધકોએ એ દિશામાં ઓછું ધ્યાન આપ્યું છે.

લોકકથાઓના ક્ષેત્રમાં બે પ્રવાહો સમાંતર રીતે વહેતા નજરે પડે છે. તેમાં (૧) સ્વ. શ્રી મેઘાણીભાઈએ આપી છે તેની બહુધા ચારણી શૈલીની કથાઓ, અને (૨) ગામડાના અભણ માણસો દ્વારા પોતાની કોઠાસૂઝ વડે કહેવાતી કથાઓ. ચારણી શૈલીની લોકકથાઓ એનું મોઢિયું, બાંધણી, વળોટ અને વચ્ચે વચ્ચે આવતા દુહાઓને કારણે વધુ લોકભોગ્ય બની છે તેથી એવી કથાઓ પર જ લોકકથાકારોએ વિશેષ ભાર મૂક્યો છે. પરિણામે લોકજીવનમાંથી સાંપડતી કથાઓનું ખેડાણ નહિવત્ જ થયું છે

## એ ભેદરેખા આંકીએ :

લોકજીવનનો પ્રસંગ લઈને શિષ્ટ લેખકના હાથે લખાતી લોકકથાઓ અને લોકજીવનમાં તરતી મળતી લોકકથાઓ વચ્ચે ભેદરેખા દોરવી જોઈએ એમ હું નમ્રપણે માનું છું કોઈ વ્યક્તિ સંશોધકના દાવે ગામડામાં જઈને કોઈ ઘરડા બુઢ્ઢા આદમી પાસેથી ગામના પાળિયાની વાત જાણી લાવે, એના મુદ્દા મનમાં સંઘરીને લોકજીવનની આ ઘટનાને પોતાની આગવી શૈલીમાં કથાના વાઘા પહેરાવે અને એનાં પાત્રોને તળપદી બોલીમાં વાત કરતાં વર્ણવે તેથી શું એ ખરેખર લોકકથા બને ખરી?

સંશોધકની ફરજ લોકકથાનું મૂળ વસ્તુ મેળવીને તેના પર વૈજ્ઞાનિક ઢબે કામ કરવાની છે ગામડાના અભણ માણસો દ્વારા જે લોકવાર્તાઓ પરંપરાગત રીતે કહેવાય છે તેને એ જ કથનરીતિમાં ઉતારીને તેનું સંપાદન કરવું જોઈએ, ભાષાકીય દોષો હોય તો મઠારવા જોઈએ પણ સંપાદનક્ષેત્રની મર્યાદા છોડીને મૂળ કથામાં મનફાવે એવો ફેરફાર કરવાનો અધિકાર સંશોધકને ન હોઈ શકે લોકકથાનું મૂળ સ્વરૂપ, એનું મોઢિયું, બાંધણી, કથનરીતિ છોડીને સંશોધક પોતાની દૃષ્ટિ અને સૂઝનો રંધો મારવા બેસી જાય છે ત્યારે લોકકથાનો આત્મા હણાઈ જાય છે અને વાચકના હાથમાં લોકકથાનું રૂપાળું શબ જ આવે છે.

## લોકકથાઓ માટે એક ભયસ્થાન :

સંશોધનની વૈજ્ઞાનિક પદ્ધતિ પર જઈએ તો લોકકથાઓ અસલ સ્વરૂપે રજૂ થવી જોઈએ તો પછી લોકજીવનનું વસ્તુ લઈને લોકકથાકારે

લખેલી કથાઓનું શું ? આપણે ત્યાં એ બે વચ્ચે ભેદરેખા ન હોવાથી લોકજીવન અને લોકસંસ્કૃતિથી અજાણ કથાલેખકો લોકજીવનનું વસ્તુ લઈ ને લોકકથાઓ લખે છે. તેમના ઉત્સાહને કારણે કે લોકજીવનના અપરિચિત-પણાને કારણે લોકકથાઓનું સુદૃઢ સ્વરૂપ અને તેનાં મૂળતત્ત્વો જળવાતાં નથી અને લોકકથાઓને અન્યાય થઈ બેસે છે. પરિણામે શ્રી કાકાસાહેબ કાલેલકર કહે છે તેમ "અલ્પશ્રુત માણસના હાથમા જતાં જેમ વેદ બીએ છે, અરસિક માણસના હાથમાં જતાં જેમ કવિતા બીએ છે, તેમ સુસંસ્કૃત શાસ્ત્રીના હાથમાં જતા લોકકથા બીએ છે," કારણ કે ગ્રામજીવનના અભણ લોકકથાકારની કલ્પના લોકકથાને માટે કલગીરૂપ બને છે, જ્યારે શિષ્ટ લેખક કે સંશોધકે બેસાડેલી કલ્પના લોકકથાને માથે અસહ્ય બોજારૂપ બની જાય છે.

લોકકથાઓના ક્ષેત્રે એક બીજુ ભયસ્થાન પણ આજે નજરે પડે છે. તે એ છે કે એક કથાનુ વસ્તુ કચ્છનું હોય. એ કથા જ્યારે સોરઠનો સંશોધક તૈયાર કરે ત્યારે સોરઠી બોલીની છાંટ આવે છે એટલુ જ નહીં, પણ એનાં પાત્રોની બોલી કચ્છીને બદલે સોરઠી આવે છે. પાત્રોના પહેરવેશ પણ સોરઠી જ આવે છે. એવુ ચરોતર પ્રદેશનું વસ્તુ ગોહિલવાડના સંશોધકના હાથે ચડે, વઢિયાર પંથકનું વસ્તુ કચ્છી સંશોધકના હાથે ચડે તો તે પોતાના પ્રદેશના વાઘા પહેરાવી દે છે. એનાં પાત્રો પણ મૂળ પ્રદેશની ભાષા છોડીને સંશોધકના પ્રદેશની ભાષા બોલવા લાગે છે આ બધું લોકસંસ્કૃતિના અભ્યાસની અપૂર્ણતાને કારણે બને છે એકબાજુ આપણે એમ કહેતા હોઈએ કે લોકસાહિત્ય એક શાસ્ત્ર છે, લોકસંસ્કૃતિને સમજવા માટે લોકકથાઓ અતિ ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે, તો આવી લોકકથાઓ લોકસંસ્કૃતિના અભ્યાસીઓને કેવી રીતે ઉપકારક બનવાની !

## લોકકથાઓના સંશોધનક્ષેત્રે કાળજી લેવી જરૂરી છે :

લોકસાહિત્ય અને કથાઓના સંશોધનમાં કેટલીક કાળજી લેવી અત્યંત આવશ્યક છે.

(૧) સંશોધકે સાંપડેલા તમામ લોકસાહિત્યનું સંપાદન કરી લોકો આગળ મૂકવાની મનોવૃત્તિ પર સયમ રાખીને વિવેકબુદ્ધિથી પસંદ કરેલું ઉત્તમ સાહિત્ય જ મૂકવા પ્રયત્ન કરવો જોઈએ. જો એમ નહીં થાય તો, લોકજીવનનાં સાંસ્કૃતિક મૂલ્યોની સમજણ વગરનું ઘણું લોકસાહિ . થઈ જશે.

(૨) લોકસાહિત્યના સંશોધકે પોતાના સંશોધન-વિસ્તારની લોકબોલી, ભૌગોલિક સ્થિતિ અને સ્થાનિક લોકસંસ્કૃતિથી સારી રીતે પરિચિત થવું જોઈએ.

(૩) લોકજીવન અને લોકસંસ્કૃતિના અભ્યાસ અને સમજણ વિના બધા પ્રદેશોની લોકકથાઓના સંશોધનનો મોહ જતો કરીને પોતાના પ્રદેશના સંશોધનમાં વધુ ઊંડા ઊતરવું જોઈએ તુલનાત્મક અભ્યાસ માટે બીજા પ્રદેશોની કથાઓનો અભ્યાસ ઇચ્છનીય ગણાય.

(૪) લોકકથાઓ સાંભળીને એ જ કથનરીતિમાં ઉતારી લેવાનું કામ સંશોધકે કરવું જોઈએ કથાઓ સાંભળીને પછી લખવા જતાં લોકકથાકાર બાજુએ રહી જાય છે ને સંશોધક કથાકાર તરીકે લોકકથામાં છવાઈ જાય છે. તેમ ન બને તે માટે આવી લોકકથાઓ લખવાની સાથોસાથ રેકોર્ડ કરી લેવી જોઈએ, જેથી મૂળ સ્વરૂપે સચવાય અને તેનું પ્રકાશન થઈ શકે.

(૫) લોકકથાઓના ક્ષેત્રે કામ કરનારાઓએ પ્રગટ થતી અને થયેલી લોકકથાઓથી પરિચિત રહેવું જરૂરી છે માત્ર ઐતિહાસિક પ્રસંગો પર કલમ ચલાવવાથી એકેકી કથા પાંચસાત કથાકારોની કલમે આવીને બેસી જાય છે તે સ્થિતિ નિવારવી જોઈએ

(૬) લોકકથાઓ કયા પ્રદેશની છે, કયા ગામની છે, કઈ કોમની છે, કોની પાસેથી મળી છે–તેનું નામ, ઠામ-ઠેકાણું, ઉમર ને તારીખ સંશોધકે માંડવી જરૂરી છે

(૭) અન્ય પ્રદેશની કથાઓ અને પાઠાંતરો સાથે આવી કથાઓનો તુલનાત્મક અભ્યાસ કરી તેમાંથી મૂળ કથા તારવવા પ્રયત્ન કરવો જોઈએ. કથાઓ પર પડેલ વિવિધ સમય, સ્થળ, સંસ્કૃતિ અને સ્થાનિક રંગોની અસરો તપાસવી જોઈએ

ગુજરાતના લોકજીવનમાં લોકસાહિત્યરૂપી સાગર લહેરાઈ રહ્યો છે. સંશોધકોરૂપી મરજીવાઓ કાંઠે બેસીને છબછબ કર્યા વિના તેમાં ડોસિયા મારીને તળિયા સુધી પહોંચશે તો તેમાંથી અઢળક શંખ, છીપલાં ને સાચાં મોતીડાં પણ સાંપડશે.

# લોકસાહિત્ય

**દોલત ભટ્ટ**

## આપણું ગુજરાત :

એટલે ભૂમિખંડે પૂર્વના પહાડો, ડુંગરો, વનરાઈઓથી વીંટળાયેલો લીલો હરિયાળો પ્રદેશ અને જળખંડે પશ્ચિમમાં ઘુઘવાટા કરતો, આભેમોજા ઉછાળતો સાગરપાટ ઉત્તરે અંબાજીથી અમલસાડ ને દ્વારકાથી દાહોદની સીમાઓ બાંધતો વિશાળ ગરવો ગુજરાત

તેમાંયે મહીના કોતરો, રેવાનાં ગંભીર નીર, ગિરનારનો અક્ષખધુણો, બરડાની અટકી ડુંગરમાળ, ઓખામંડળના કાંઠાળ પ્રદેશ અને મેર, વાઘેર, કાઠી અને બાબરિયાની બહાદુરી ને મર્દાનગી મધ્યે ભાદર, શેત્રુંજી ને મચ્છુના મીઠા વહેણે દેવ કે પાંચાળ જ્યાં જુઓ ત્યાં અનોખાં ચિત્રો ને પરમારો ઝાલાઓની જવાંમર્દી ગોહિલોનો ગૌરવન્તો ગુણભંડાર અને કચ્છના ધીંગા જાડેજાનો ઝારાનો જંગ, ગિરની કંદરામાં સાવજની ડણકો. આવા નિરનિરાળાં અનુપમ ચિત્રોથી સોહામણા, શિખરવંતા ગુજરાતને તેના તેજમાં તપતા, ભર્યા ભર્યા આપણા લોકસાહિત્યે પોતાનાં વહેણ વહાવ્યાં છે તેવા લોકસાહિત્યનું ચિત્ર આલેખવા, પ્રયત્ન કરવા ઉપસ્થિત થયો છું.

## લોકસાહિત્યનું દર્શન

લોકસાહિત્યની રંગદર્શી ચિત્રાવલીમાં તેના વિવિધ ભાતિગળ ચિત્રો નિહાળવામાં આવે છે જાણે ઘેઘુર વડલાની અનેક શાખાઓ અને પ્રશાખાઓ ફૂટી ન નીકળી હોય! તેમાં લોકહૃદયનું ચૈતન્ય છે, લોકધબકારનું સ્પંદન છે, સળવળતાં સંવેદનોના પ્રેમચિત્રો છે, ભૂસ્તરના પડમાં છુપાયેલી મૌન લોકકથાઓ છે, અર્ધ–ઐતિહાસિક દંતકથાઓ છે, દસ્તાવેજી પુરાઓ રજૂ કરતી ઐતિહાસિક વાતો છે શૌર્ય અને સ્વાર્પણનો સ્વાગ સજતી શૌર્યકથાઓ, શૌર્યગીતો, સતીત્વના સોનેરી ઝાળના જૌહર કે સતીનાં સંભારણાં છે. વીરત્વના પ્રતીક શા શમશેર અને ભાલા શસ્ત્રોના પાપાણમાં કંડારેલી શિલ્પગાથાઓનો ભંડાર છે. આવા લોકકથા અને લોકગીતોના અખંડ વહેના મહાનદ કે કાવ્યઝાંઝરીના તાલે નર્તન કરતા સાહિત્યકુંજે વહેતાં વહેણોના પથારા છે

આ પથારાઓનો પ્રવાસ આટલેથી જ અટકતો નથી પછી તો નર્મદાને મળતી પાંત્રીસ નાની નદીઓ જેવી કે દેવગંગા, ઓર અને બાણગંગા નદીઓના સંગમથી પરિપુષ્ટ બનતો નર્મદાનો વિશાળ જળપટ રત્નાકરને ભેટે છે અને સ્નેહોર્મિથી તેમાં પોતાનું વિલેપન કરે છે. તેમ લોકસાહિત્યના રત્નાકરમાં અને રૂપકોથી પરિપૂર્ણ પૌરાણિક કથાઓની કથાવલીઓના પ્રવાહો સાથે સરોવરની પાળ અને આંબાની ડાળ, કોકિલના મધુરા કૂજન, અને સરિતાનાં જળ તેના કાંઠા ઉપર સૂરજદેવના સાત અશ્વોની સવારી પણ આવે છે. તેના કાંઠા ઉપરની લીલી વનરાઈઓમાં સ્નેહ અને સ્વાર્પણની અને લોહી ત્રબકતાં માથાંઓની વીરકથાઓ અહીં સ્નેહ અને શૌર્યનો સંગમ કરે છે.

"હાલાજી તારા હાથ વખાણું કે
ઘોડી તારી પીઠ વખાણું"

લોકકવિ બંનેના શૌર્યને બિરદાવે છે કોના વખાણ કરું ! હાલાજીની ચમકતી શમશેરવાળા તેના હાથીના સૂંઢ જેવા હાથને વખાણું કે ઘોડીના વીજળી ઝબકારા મારતી પગની મહાશક્તિને વખાણું ? યશ કોને આપું ? આમ નાનકડી બે પંક્તિમાં ઉભય શક્તિનો સ્વભાવોક્તિ અલંકાર સાચી શૌર્ય-પ્રતિભા ઉપસાવે છે.

તે વખતે તેમના શૌર્યની સરવાણીમાંથી ફૂટેલી કુંપળોથી ધરતીનાં ગીતો ગુંજે છે અને લહેરાતી વનસ્પતિ ઉપર સૂરજની સહસ્ર કિરણાવલીઓથી વાચા ફૂટતી વનસ્પતિસૃષ્ટિએ પણ લોકસાહિત્યના ગીતોનું ગુંજારવ કરવા માંડ્યો. ઋતુગીતોએ જીવનની દિશાઓની હવાને ગૂંથી.

"અસાઢ ધધુકિયે, ઝુંબીયે, વાદળ બેવળ તેવળ ચોવળિયા
મલહા મહેલીયે, લાડ ગહેલીયે, નીર છલે જયે નળિયા
ઇંદ્ર આત્ર અગાઝ કરે, અંબ નયા સર ઊભરિયા.
અજમાલ નણુ તણુ કુંવર આલણ મુને સોયતણી રત સંભરિયા.'

આ લોકસાહિત્ય શું એકલપેટું છે કે માત્ર પૌરુષેયને પાંખો આપે એકલ પાંખે તે કદી ઉડાય ખરું ? સ્ત્રીઓના વાત્સલ્યને શે ભુલાય ? તેમની વ્રતકથાઓ વિસારાય ? તેમની સંસ્કારલક્ષ્મીને શું તરછોડાય ! તેમની ધર્મકથાને છોડાય ? આ સૌ નાની નાની નદીઓ તો અંતે ભળે છે પેલા લોકસાહિત્યના વિશાળપેટા મહાનદને તેમાં સ્ત્રૈણ સ્વભાવનાં કામણ, તાંત્રિક વિદ્યાના પ્રયોગોયે આવે અને લગ્નગીતોથી વાતાવરણમા નવી સૃષ્ટિ ઊભી કરે. ઇંદ્ર ને ઇંદ્રાણી સાથે લાવે, શંકરને અને પાર્વતીને લાવે, રામ અને

સીતાને લાવે કે અત્રિ અને અનસૂયા જેવા ઋષિદંપતીને પણ ખડા કરે. વહેલા પરોઢમાં ઘંટીના રવ સાથે કોઈ અભાગિની મા પુત્રમૃત્યુથી દુઃખિત વૃદ્ધાના મરશિયા પણ આવે અને હમીર ગોહિલ જેવા ફાટફાટ જુવાનોના હૈયાંને પણ પીગળાવે તેવું, કારુણ્યની પરાકાષ્ઠાએ પહોંચતું, કો વૃદ્ધાના સૂરમાં સરતું મરશિયું પણ આવે. સંતવાણી, ઉપનિષદ, વેદ અને મહાકાવ્યોની ગહનતાને લોકભાષામાં રજૂ કરતાં ભજનો, કીર્તનો અને તંબુરના તાર સાથે જીવનના તાર રણઝણાવતા સંતનાં દર્શનો સમા લોકહૃદયમાં રમતા ચૈતન્યના ને અલખના આરાધનામાં રજૂ કરતા સંતવાણીના અખંડ વહેણો પણ આવે. તો કોઈક ખંત, ચાતુર્ય, ક્ષમા, દયા, કારુણ્ય, આક્રંદ, ધૈર્ય અને બુદ્ધિપ્રભાના ચમકારા આપતાં લોકગીતો પણ તેમની શરણાઈના સૂરમાં સરી જાય.

લોકસમાજના નિરનિરાળા વહેણોથી સભર બનતું લોકસાહિત્ય પ્રગલ્ભતાના પૂર વહાવે છે તે વખતે લોકજાતિ, લોકોત્પત્તિ, લોકોની ધંધાકીય વિશિષ્ટતા, તેની કારીગરીની કલાત્મકતા વેરતાં ટીચકા, હાલરડાં અને માતૃત્વના રિઝામણા જેવા ટુચકા, ખાયણાં અને કોયડાઓ પણ નાનાં બાલગીતો સાથે નીક જેવા ખળખળ વહેતા એ સૌ લોકમાતાનો ખોળો ખૂંદવાનો લહાવો કેમ ભૂલે? પુત્રૈષણાની તૃપ્તિને અમરતાની ભાવનાના રંગથી રંગાતું, આયુષ્યની માગણી કરતું પ્રભુના સ્મરણને શક્તિ ઉપરની શ્રદ્ધાને ગજવતા હાલરડાથી કયું બાળક ન રાચે?

લોકસાહિત્યના આ ધબકારાઓ છે, પરંતુ એ ધબકારાનું કેન્દ્ર તો છે લોકસાહિત્યનું હૃદય દુહો. એણે પોતાની સીમાઓ બાંધી નથી. એ તો સ્વૈરવિહારી છે. ચાર દિશ ચૌખાવ્ય અને દશે દિશામાં ઘૂમતો, આકાશે ઊડતો અને પાતાળના પાણીનું રસપાન કરતો ઊર્ધ્વગામી દુહો તે છે લોકસાહિત્યનું હૃદય. આ હૃદયના ધબકારે લોકસાહિત્યના ઉપર નિર્દિષ્ટ વહેણો ચેતનવંતાં બને છે, પરંતુ દુહો તો મેઘકીલા નાદે લોકસાહિત્યમાં નાચે, તેના મોરલીના નાદે લોકસાહિત્યની નાની નાની નદી શી નાગણીઓ ડોલે, કેસરી સિંહની કેશવાળી હવામાં વીંઝાય અને ડુંગરાઓની બેંકાર ખીણો ગાજી ઊઠે તેનાં શિખરો મસ્તક નમાવી તેને વંદના કરે. આવો લોકસાહિત્યનો મણિ પ્રકાશવંતા મણીધરના માથે જેમ શોભે અને પ્રકાશ પાથરી દૈવત્વનું દર્શન આપે તેમ લોકસાહિત્યના હૃદયપ્રદેશે શોભતો લોકસાહિત્યનો કોડ ને કામણગારો દુહો આપણી અમૂલ્ય સંપત્તિનો ભંડાર છે.

"કોટે મોર કણૂકિયા, વાદળ ચમકી બીજ,
રહાને રાણો સાંભર્યો આવી અષાઢી બીજ."

પ્રેયમીની પ્રણયઅભીપ્સાને ઓગાળતો, નચાવતો, આશાથી ઉલ્લાસાવતો કવિ અષાઢ, મોર, વાદળ અને વીજળીનો કેવો સુંદર અને સુયોગ્ય ઉપયોગ કરી યુવાન હૈયાને નચાવે છે! કેવું પ્રેરણાનું પીયૂષ પાય છે?

## લોકસાહિત્ય એટલે શું?

સહેજે પ્રશ્ન થાય કે આવાં સ્વરૂપદર્શનોથી સભર અપાર રંગદર્શી વડલા શા વિશાળ કુટુંબ-પરિવારવાળો લોકસાહિત્યનો સાગર કોણે સર્જ્યો?

પ્રશ્ન ગહન છે, વૈચારિક છે, સંશોધનાત્મક સૃષ્ટિ ઊભી કરે તેવો સૂક્ષ્મ છે. આ લોકસાહિત્યનો સર્જક વ્યાસ, વાલ્મીકિ, શેક્સપિયર, ઇબ્સન, હોમર, કાલિદાસ, બાણ, નાનાલાલ કે મેઘાણી જેવો કોઈ લોકનાડ પારખનાર લોકકવિ છે? અથવા લોકસંપર્કે પ્રેરણા ઝીલનારો કોઈ એકાંગી ચારણવર્ગ કે મીરો, રાવળો, નાથબાવાઓ ને તુરીઓ જેવા લોકગાયકોએ રચ્યાં? કહો, એનો પારદર્શી પુરાવો કોનો માન્ય કરશો? જવાબ મળે છે માત્ર એક અક્ષરમાં—ના..

તો લોકસાહિત્યના રચયિતા કોણ? લોકસાહિત્યમાં કોઈ એક વર્ગ, એક જાતિ કે કવિ કે વાર્તાકારની શું સર્જકતા નથી? જ્યારે સમાજની પાસે મુદ્રણકળા ન હતી, કાગળ અને શાહીનું દાંપત્ય ન હતું, ત્યારે કુદરતે દીધા કંઠમાંથી સ્પંદન થયેલું એ ગીત તેનું ગર્ભાધાન હતું લોકસમાજનાં અનેક સુખ, દુઃખ, વ્યથા, વ્યગ્રતા, પ્રેમ અને ઔદાર્ય, શૌર્ય અને વીરત્વ, ખાનદાની અને ખુમારી જેવા સળગતાં સંવેદનોમાંથી સ્પંદનનાં નર્તન કરતાં હૈયાબોલ શા શબ્દનાદે નીપજેલાં કવિનાં એ કાવ્ય હતાં તો કેટલીક વખત અનેક લોકસમુદાયનાં વિવિધ સંમેલનો વખતે વ્યક્તિગત કાવ્યપ્રતિભાથી સર્જાતી પંક્તિઓના સમુચ્ચયરૂપ બનેલી કવિતા, રાસ, રાસડા, કથાગીતો, ઊર્મિગીતો કે

"દુવે ભરી તલાવડી ને મોતીડે બાંધી પાળ,
ઝીણલું ઝીલવા ગ્યાં તાં કે ગરબે ઘૂમવા ગ્યાંતાં

આ પછી ઘોળ, પ્રભાતિયાં, રાસ, કીર્તનો, ભજનો, મર્માળાં ગીતો, દંતકથાઓ, લોકકથાઓ, ઐતિહાસિક વાતો જેવાં અનેક તત્ત્વો ત્યાં રચાતાં જાણે સારસ્વતમંડળી ન બેઠી હોય એવા અણપ્રીછ્યા, અણદીઠા,

અને અણુંગેરયા અગમ્યવાસીઓના અંતરની ઊછળતી ઊર્મિઓ, ભાવસ્પન્દો અને ભાવપ્રતીકો લઈ આવના અનેક સમૂહકવિઓનાં કાવ્યચિત્રો, પંક્તિઓ અને દુહાઓનાં ટેહમંડાણ થતાં. પછી તો હાથીદાંતનો લાંબો અને અણઘડ ટુકડો લઈ સંઘાડિયો તેમાં અવનવા અને કલાદર્શી ઘાટ ઘડવા તેના ઉપર સરાણ ચલાવે અને અનુપમ કલાકૃતિનુ નવનિર્માણ કરે તેવી જ પ્રક્રિયાઓએ રચાયેલી લોકકૃતિને સમાજ તેના ચરણે ધરતા તેના ઉપર તેવા ગાયકો કંઠની સરાણે ચડાવે, કઠોરતા, કિલષ્ટતા અને દુર્બોધતાને કેળાની છાલની જેમ ફેંકી દે અને સુકુમાર સૌષ્ઠવ પ્રભાવશાળી એ લોકગીતને બનાવે તેમાં પેઢીએ પેઢીએ અને અનેક વરસોનો દીર્ઘ સમય એ લોકગીતની પ્રભાવશક્તિને પાંગરવામા જતો અનેક માનવીઓના કંઠમાંથી ગળાતું, સુધારાવધારા પામતું એ લોકસાહિત્ય આજના સ્વરૂપે આપણી સમક્ષ આવેલું છે કહો કોણ છે તેનો દ્રષ્ટા કે સ્રષ્ટા ? તેમાં દ્રષ્ટા છે લોકસમાજનુ હાર્દ. તેનો સ્રષ્ટા છે લોકસમાજનું જનદર્શન અને તેનુ ચિર જીવતત્વ છે આપણી અખંડ પ્રવાહે વહન કરતી લોકસંસ્કૃતિ

## લોકસાહિત્યના ઘડવૈયા ને સંશોધકો :

લોકસાહિત્ય લોપાઈ ન જાય તે માટે સ્વ રણજીતરામ વાવાભાઈએ પ્રથમ પ્રયત્ન કર્યો અને સ્વ ઝવેરચંદ મેઘાણીએ થનગનતી યુવાની લોક-સાહિત્યના ચરણે ધરી લોકસાહિત્યના નિરનિરાળાં શિખરો ઊભાં કરી એક સર્જક-આત્માની પ્રતિભા ઉપસાવીને લોકસાહિત્યનો તે લાડકો પુત્ર બન્યો

અહીં એક પ્રશ્ન જરૂર ઉપસ્થિત થાય કે લોકસાહિત્ય અને ચારણો તેમ જ અન્ય તુરી, મીર કે રાવણહથ્થા વગેરેનો કઈ રીતનો સંબંધ ? તો આટલું જરૂર કહી શકાય કે તુરી, મીર, રાવણહથા કે રાવળિયા એ સૌ લોકસમાજમાં સંસર્ગમા રહેનારા અને લોકશિક્ષણ અને ઘડતરના ભાથાં તરીકે લોકસાહિત્યનો થાળ વિવિધ વાજિંત્રો, કળાઓ અને ખૂબીઓથી લોક-સમુદાય પાસે રજૂ કરતા તરગાળા, ભવાયા લોકકથાને સમાજના ચોકમાં મજીવન કરી લોકઘડતર કરતા

## લોકસાહિત્યનાં વહેણો ને વાહકો :

લોકસાહિત્યનાં સ્વરૂપોમાં વહેણો તો નીરખ્યા, પણ તે વહેણો ભરત બની સમાજને તેનું અમીપાન કરાવનાર દેવીપુત્રો શા ચારણો, ગઢવીઓએ સ્તુગીત, દુહા અને સ્તોત્રો ગાયાં, સાથે લોકકથાના આલેખનો પ્રજા સમક્ષ રજૂ કરતા ત્યાં તો નાથ બાવાના વિશિષ્ટ ઘેરા ગગમાં " ભેખ રે ઉતારો

"કાટે મોર કણુકિયા, વાદળ ચમકી બીજ,
રૂદાને રાણો સાંભર્યો આવી અષાઢી બીજ."

પ્રેયસીની પ્રણયઅભીપ્સાને ઓગાળતો, નચાવતો, આશાથી ઉલ્લાસાવતો કવિ અષાઢ, મોર, વાદળ અને વીજળીનો કેવો સુંદર અને સુયોગ્ય ઉપયોગ કરી યુવાન હૈયાને નચાવે છે! કેવું પ્રેરણાનું પીયૂષ પાય છે?

## લોકસાહિત્ય એટલે શું?

સહેજે પ્રશ્ન થાય કે આવાં સ્વરૂપદર્શનોથી સભર અપાર રંગદર્શી વડલા શા વિશાળ કુટુંબ-પરિવારવાળો લોકસાહિત્યનો સાગર કોણે સર્જ્યો?

પ્રશ્ન ગહન છે, વૈચારિક છે, સંશોધનાત્મક સૃષ્ટિ ઊભી કરે તેવો સૂક્ષ્મ છે. આ લોકસાહિત્યનો સર્જક વ્યાસ, વાલ્મીકિ, શેક્સપિયર, ઇબ્સન, હોમર, કાલિદાસ, બાણ, નાનાલાલ કે મેઘાણી જેવો કોઈ લોકનાડ પારખનાર લોકકવિ છે? અથવા લોકસંપર્કે પ્રેરણા ઝીલનારો કોઈ એકાંગી ચારણ-વર્ગ કે મીરો, રાવળો, નાયબાવાઓ ને તુરીઓ જેવા લોકગાયકોએ રચ્યાં? કહો, એનો પારદર્શી પુરાવો કોનો માન્ય કરશો? જવાબ મળે છે માત્ર એક અક્ષરમાં—ના...

તો લોકસાહિત્યના રચયિતા કોણ? લોકસાહિત્યમાં કોઈ એક વર્ગ, એક જાતિ કે કવિ કે વાર્તાકારની શું સર્જકતા નથી? જ્યારે સમાજની પાસે મુદ્રણકળા ન હતી, કાગળ અને શાહીનું દાપત્ય ન હતું, ત્યારે કુદરતે દીધા કંઠમાંથી સ્પંદન થયેલું એ ગીત. તેનું ગર્ભાધાન હતું લોકસમાજનાં અનેક સુખ, દુઃખ, વ્યથા, વ્યગ્રતા, પ્રેમ અને ઔદાર્ય. શૌર્ય અને વીરત્વ, ખાનદાની અને ખુમારી જેવા સળગતા સંવેદનોમાંથી સ્પંદનનાં નર્તન કરતાં હૈયાબોલ શા શબ્દનાદે નીપજેલાં કવિનાં એ કાવ્ય હતાં તો કેટલીક વખત અનેક લોકસમુદાયનાં વિવિધ સંમેલનો વખતે વ્યક્તિગત કાવ્યપ્રતિભાથી સર્જાતી પંક્તિઓના સમુચ્ચયરૂપ બનેલી કવિતા, રાસ, રાસડા, કથાગીતો, ઊર્મિગીતો કે

"દૂધે ભરી તલાવડી ને મોતીડે બાંધી પાળ,
ઝીણુ ઝીલવા ગ્યાં તાં કે મરણે પૂમતા ગ્યાંતા

આ પછી ધોળ, પ્રભાતિયાં, રાસ, કીર્તનો, ભજનો, મર્માળાં ગીતો, દંતકથાઓ, લોકકથાઓ, ઐતિહાસિક વાતો જેવાં અનેક તત્ત્વો ત્યાં રચાતાં જાણે સારસ્વતમંડળી ન બેઠી હોય એવા અપુઢીઝ્યા, ચણદીક,

અને અણુગણ્યા અગમ્યવાસીઓના અંતરની ઊછળતી ઊર્મિઓ, ભાવસ્પન્દો અને ભાવપ્રતીકો લઈ આવતા અનેક સમૃદ્ધકવિઓનાં કાવ્યચિત્રો, પંક્તિઓ અને દુહાઓનાં ટેકમંડાણ થતાં. પછી તો હાથીદાંતનો લાભો અને અણઘડ ટુકડો લઈ સંઘાડિયો તેમાં અવનવા અને કલાદર્શી ઘાટ ઘડતા તેના ઉપર સરાણ ચલાવે અને અનુપમ કલાકૃતિનું નવનિર્માણ કરે તેવી જ પ્રક્રિયાઓએ રચાયેલી લોકકૃતિને સમાજ તેના ચરણે ધરતા તેના ઉપર તેવા ગાયકો કંઠની સરાણે ચડાવે, કઠોરતા, ક્લિષ્ટતા અને દુર્બોધતાને ટાંકાની છાલની જેમ ફેંકી દે અને સુકુમાર સૌષ્ઠવ પ્રભાવશાળી એ લોકગીતને બનાવે. તેમાં પેઢીએ પેઢીએ અને અનેક વરસોનો દીર્ઘ સમય એ લોકગીતની પ્રભાવશક્તિને પાંગરવામાં જતો અનેક માનવીઓના કંઠમાંથી ગળાતું, સુધારાવધારા પામતું એ લોકસાહિત્ય આજના સ્વરૂપે આપણી સમક્ષ આવેલું છે કહો હોણ છે તેનો કર્તા કે સ્રષ્ટા? તેમાં કર્તા છે લોકસમાજનું હાર્દ. તેનો સ્રષ્ટા છે લોકસમાજનું જનસ્પંદન અને તેનું ચિરંજીવત્વ છે આપણી અખંડ પ્રવાહે વહન કરતી લોકસંસ્કૃતિ.

## લોકસાહિત્યના ઘડવૈયા ને સંશોધકો :

લોકસાહિત્ય લોપાઈ ન જાય તે માટે સ્વ. રણજીતરામ વાવાભાઈએ પ્રથમ પ્રયત્ન કર્યો અને સ્વ. ઝવેરચંદ મેઘાણીએ યનગનતી યુવાની લોકસાહિત્યના ચરણે ધરી લોકસાહિત્યના ગિરિનિગરમાં શિખરો ઊભાં કરી એક સર્જક-આત્માની પ્રતિભા ઉપસાવીને લોકસાહિત્યનો તે લાડકો પુત્ર બન્યો.

અહીં એક પ્રશ્ન જરૂર ઉપસ્થિત થાય કે લોકસાહિત્ય અને ચારણો તેમ જ અન્ય તુરી, મીર કે રાવણહથ્થા વગેરેનો કોઈ ગીતનો સંબંધ? તો આટલું જરૂર કહી શકાય કે તુરી, મીર, રાવણહથ્થા કે રાવળિયા એ સૌ લોકસમાજમાં સંસર્ગમાં રહેનારા અને લોકશિક્ષણ અને ઘડતરના ભાથાં તરીકે લોકસાહિત્યનો થાળ વિવિધ વાજિંત્રો, કથાઓ અને ખૂબીઓથી લોકસમુદાય પાસે રજૂ કરતા. તરગાળા, ભવાયા લોકકથાને સમાજના ચોકમાં સજીવન કરી લોકઘડતર કરતા.

## લોકસાહિત્યનાં વહેણો ને વાહકો :

લોકસાહિત્યના સ્વરૂપોમાં વહેણો તો નીરખ્યા, પણ તે વહેણો ભગત બની સમાજને તેનું અમીપાન કરાવનાર દેવીપુત્રો શા ચારણો, ગઢવીઓએ ઋતુગીત, દુહા અને સ્તોત્રો ગાયાં, સાથે લોકકથાના આલેખનો પ્રભ સમક્ષ રજૂ કરતા ત્યાં તો નાથ બાવાના વિશિષ્ટ વેશ નાગમા "બેખ

રાજા ભરથરી" કે નવનાથ ગોપીચંદનાં કથાગીતો ગાના, શેરીઓ ગજવતા, ત્યાગ અને તપના તરણો રોપી જતા. મીર અને તુરી શરણાઈમા ભજનો, ગીતો, રાસડાઓ રજૂ કરી પોતાનુ ઋણુ અદા કરતા તરગાળા, ભવાયાનાં વૃંદો સમાજના ચોકને સજીવન કરી, જનસમાજના હૈયામાં મર્માળા ગુણ્દો ને કટાક્ષચિત્ર શા પ્રસગો વિવિધ વેશમાં રજૂ કરી આનંદ, ઉલ્લાસ સાથે સમાજજીવનના સુરેખ ચિત્રો દોરતા હતા, જ્યારે કુળાભિમાન ક્ષેત્રે પેઢીઓનો ઉલ્લાસવતો ઇતિહાસ આપી ભાટ લોકો ગામડે ગામડે ને ઘેર ઘેર ફરી કુળની પરંપરાનુ, ગૌરવનુ ગુણદર્શન કરતા. સમાજના સૌ લોકો તહેવારો ઊજવે સ્ત્રીઓએ રાસ–ગરબે ઘૂમતા ગાયું કે—

"છેલ છોગાળો હોય તો મૂલવે, ડોલરિયો દરિયા પાર,
મોરલી વાગે છે"

આવા પરદેશ પરહેરેલા પ્રીતમનાં સભારણાં કે દેવી અને દેવનાં અર્ચન કરતાં ગરબી કે ગીતો ગુજી સમોલ્લાસ કરતા, તો કોડીલી કન્યાઓ

"તલવાર સરખી વીજળી રે, ઢોલા
તલવાર બેટમા વિરાજે, એવી રે હોય તો પરણુજે રે ઢોલા"
નહિતર સારી રે પરણાવું વ્હાલીડા વીરને"

આવા ઉમંગ ને આશા ભાઈબહેનના ભાવમા રજૂ થતા હતાં. તો પ્રાણીપ્રેમ અશ્વ ઉપર ઢોળાય ને તેની પ્રશસ્તિ પણ ગાય–

"કુકડ કંધા મૂગ કુદણા, લીલા, પીળા ને લાલ
એવાં વછેરા નીપજે પડ જુઓ પાચાળ."

જેવા પ્રાણી ને પ્રદેશનાં મૂલ્યો રજૂ કરતા દોહાઓ પણ ગાય માતાના મઢ મેલડી માને રીઝવવા ડાકલાની ભપાનકતામાં ઝીલણિયા પણ ઝૂલે

"તોરણિયે લીમડે, માંડવા નાખ્યા, દેવીને ગળે એકાવન હાર" ગાતો સમુદાય શક્તિ–ભક્તિમા મસ્ત બને છે આવા લોકસાહિત્યમા આનંદ, ઉલ્લાસ, મસ્તી, ખુમારી, ખાનદાની, ત્યાગ, ટેક, શૌર્ય, સમર્પણ, જવાંમર્દી, ઝિંદાદિલી જેવા દીપકોની દીપમાળ પ્રગટાવતું લોકસાહિત્ય માનવજીવનનાં સનાતન મૂલ્યો સાચવતું આપણી સમક્ષ સ્વતઃ તેજે પ્રકાશવંતુ છે.

એક શીઘ્ર લોકકવિ કાનાને અહીં યાદ કરવા જેવો ખરો

એ જિંદગીભર લોકોનો માર ખાતો જ રહ્યો. એમ જ મૃત્યુની ગોદમાં પોઢી ગયો. પણ કદીયે પોતાના વિપુલ કાવ્યસાહિત્યની મુખ્ય બે લીટી ભૂલ્યો નથી.

કાનો મેઘળામાં રે છે,
કાનો ભાળે એવું કે' છે."

તો કચ્છની ધીંગી ધરતીના ધાવણમાં શમશેરની વીજળીના ચમકારામાં સંરક્ષણનું શૌર્ય આવે છે અને સંતોની વાણીમાં કાફી, ભજનો અને આગવા દોહા, સોરઠા આવે છે.

બીજા લોકકવિ કહે છે કે—

"ઊંચો વડલો ઘેર ગંભીર જો,
થડ ચોરો ને ડાળે અતિ ઘણો રે લોલ
ડાળે ડાળે ઢંસલા મોર જો
પાંદડિયે પાંદડિયે દીવા બળે રે લોલ"

આવા ભાવ પ્રતીકોની રજૂઆત અને તેનુ અંતરતમ કૌટુંબિક જીવનનુ કેવું પરિવારચિત્ર આલેખે છે!

કો' વખતે સોળે કલાએ પ્રફુલ્લતો અમીવર્ષણ ચંદ્રરાજ વ્યોમે ડોકિયાં કરતો હોય છે ને લોકકાવ્ય ગુંજે છે—

"આસો મારો શરદ પૂનમની રાત જો,
ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં"

કયો ચોક, ચાંદલિયો કોણ, શા ભાવ પ્રતીકો? તે વખતે આનંદોર્મિ થાય છે પણ માતૃવાત્સલ્યની ઊર્મિ જાગે છે, ત્યાં ભલભલાના હૈયાને ઓગાળી નાખતું સૂર્યપત્ની રન્નાદેને ભાવુકતાથી, આર્જવથી ભિક્ષા માગતું ગીત

"લીપ્યુ ને ગૂંપ્યું મારું આંગણું,
પગલીનો પાડનાર ઘોને રન્નાદે"

'ઘોને' શબ્દમા કેવી વાત્સલ્યભાવની આર્જવવાણી છે! અને આગળ જતાં મહાકવિ કાલિદાસે શકુંતલાને સુખદ સ્મૃતિરૂપે આપેલી કણ્વમુખે પ્રબોધેલી—

'ધન્યાસ્તદંગરજસા મલિનીભવન્તિ'નો આશીર્વાદ

આપણો લોકકવિ ગાય છે—

"પીયો ઘરેણો મારો સાડલો
ખોળાનો ખુંદનાર ઘોને રન્નાદે."

આશાભરી વટ-પરિવારશી નવયૌવનાની ઝંખનાનું આબેહૂબ પ્રતિબિંબ પાડતુ એ કાવ્ય શું કાલિદાસની ભવ્ય મહાકાવ્યકળાને આંબતું નથી? લોકસાહિત્યની એ કરામત! આવાં અસંખ્ય ચિત્રો આપણી સમક્ષ લોકસાહિત્યના મહેરામણના ચમકતાં અને અમૂલ્ય રત્નો શાં ઝગઝગે છે, કારણ કે એનું

વૈશિષ્ટય કુદરત, નગર, સાગર, સરિતા, પર્વત, ઈશ્વર, પવન, મેઘ, વીજળી, પ્રાણીઓ વગેરેમાં સચરાચર બનીને બેઠું છે. તેની શુદ્ધતા સાચવવી એ એક આપણી જવાબદારી છે ખોટા ઉચ્ચાર, લય, લઢણ, સીનેમાના સંગીત કે વાજિંત્રોમાં પૂરી તેના અંતરંગને બુઝાવે નહીં તે જોવાની આપણી સૌની એક વિકટ સમસ્યા ઊભી થઈ છે.

(૧) "દસમે દૂહો વેદ, સમજે તેને સાથે,
વિયાતલની વેણ, વાગણી શું જાણે."

આ પંક્તિમાં દુહાનું ગૌરવ અને મહત્ત્વ કેવું રજૂ કર્યું છે!

(૨) "બૌં ભીની ઘોડા ભલા ડાબા ટપડિયા
(કાં) મરધા તેનેણી માણવા (કાં) ખગ વાવા ખડિયા"

(૩) "નહિ બંસો નહિ ભાલીઓ, નહિ ઘડાનો ઘાટ,
સજણાં સાંજી પડિયું, વિરડે જોતા વાટ."

લોકસાહિત્યકારો લાખ લાખ તારાઓ, તારામંડળો, નક્ષત્રો, ગ્રહો, તારકઝૂમકા અને છેલ્લે આકાશી ગંગા, વિશાળ પટ જેવો દુહાઓનો વ્યોમસાગર લોકસાહિત્યમાં પ્રકાશે છે, જેનાં મૂલ્ય માટે તો એમ જ કહેવાય કે નેતિ નેતિ!

## લોકકથાઓ અને લોકવાર્તાઓનાં સ્પંદન ને મિલન :

લોકસાહિત્યના મહાનદમાં લોકકથાઓ અને લોકવાર્તાઓનો મહાજળપ્રવાહ અવિરત વહ્યો છે લોકસાહિત્યનું આ ગદ્યદેહનું વજ્જર કલેવર આજે પણ અડાબીડ રહ્યું છે. માનવજીવનના અગમ્ય અને વિધિલખ્યા લેખમાંથી અનેક લોકકથાઓ અને વાર્તાઓ સર્જાઈ છે આકસ્મિક પ્રસંગો, ઐતિહાસિક બનાવો, અહંના આચારો, પછાડા નાખતી યુવાનીના ઉન્માદો અને બીજા પક્ષે લોકભાવને કંડારતી પ્રેમકથાઓ, પ્રેમમાંથી વિરહવેદના ને લોકકથા કે વાર્તાનો આવિર્ભાવ, જન્મભૂમિના રક્ષણાર્થે શૌર્ય, બલિદાન કે શહાદત, માનવજતના ન્યાયને સાચવવા મોતની સાથે મહોબત, સંતોના હૃદયમાંથી મળતું સંતત્વ, સંતત્વમાંથી સંકીર્તન અને અલખના, અવતારીઓના ધુણાતી ધૂમ્રરજમાંથી રણઝણતી ભાવોર્મિથી હૃદયના પડદાઓ ભેદતાં ભજનો, કથાવલીઓની પરંપરા એ સૌ છે.

## લોકકથાનકો અને લોકવાર્તાઓનાં ભયસ્થાનો :

એક અભણ સાસુ ગંગા સતીએ એક અભણ પુત્રવધૂ પાનબાઈને ઉદ્દેશીને પણ પરમતત્વના લાધેલા દર્શને ગાયું કે,

"મેરુ રે ડગે જેના મનડાં ડગે નહિ
ભલે ને ભાંગી પડે રે બ્રહ્માંડ"

માં શેષનાગ શી અચલ મનસિદ્ધિનું ભવ્ય આલેખન કરતું, અતીતનું દર્શન કરાવતું, રત્નજડિત શબ્દભાવ ને ઉપનિષદની સૂરાવલી સમુ અમરત્વ છે.

## લોકસાહિત્ય વિશે થોડુંક કહું :

લોકસાહિત્ય ભૂતકાળનો લોકસંસ્કૃતિનો વારસો છે. તે આપણે સુપુત્ર દાવે સાચવીએ, પણ તેમાં, કે આજના યુગની પ્રણાલિકાના નામે કોઈ તેના નિર્મળ જળમાં કુરૂપ રંગ ન ઢોળી જાય તે જોવું પડશે. જૂનું ગવાઈ ગયું અને જૂની વાર્તા રચાઈ ગઈ એટલું જ લોકસાહિત્ય એવી ટૂંકી ક્ષિતિજે બાંધીને બેસી રહેવાશે નહી.

તેને નજર સમક્ષ રાખી કહી શકું કે જૂના શબ્દો, રૂઢિપ્રયોગો, લક્ષણો અને તેની સાહજિક કરામતોને જાળવી ગદ્યદેહે લખાતી લોકકથાઓ, સંસ્કારકથાઓ, શૌર્યકથાઓ, દંપત્યપ્રેમની વાર્તાઓ કે તેવાં અન્ય સ્વરૂપો લોકસાહિત્યના સિદ્ધહસ્ત લેખકો પોતાની અનુભૂતિ દ્વારા લોકવાર્તાઓનું નવસર્જન કરે તો શું તે લોકસાહિત્ય નથી? શું કાળની મર્યાદામાં રચાયું તેટલું જ લોકસાહિત્ય કહેવાય? એટલે કે ગુર્જર સંસ્કૃતિના કલેવરમાં અભિનવ કલાકૃતિનું નવોદિત લોકસાહિત્યકાર તેનું શિલ્પકામ કરી તેની આગવી કળાથી વિવિધ આકૃતિઓને કંડારવા તૈયાર થાય તો તેને આપણે લોકસાહિત્યની કૃતિ જ ગણવી જોઈએ તેની વિશાળ વિચારસૃષ્ટિને પણ આપણે સર્જનાત્મક દૃષ્ટિને વેગ આપવા તેમ જ લોકસાહિત્યના પટને અખંડ સજીવ રાખવા જાગ્રત રહેવું પડશે

લોકસાહિત્યનું પગેરું રાજકોટની સત્યાગ્રહની લડત સુધી પહોંચ્યું અને લોકકંઠેથી દુહો સર્યો :

> કોટ રાજાનો ઘેરીયો મરજીવા જુદ્ધ માગે
> ગઢમા ભુંગળીઓ વાગીઓ હાલો ઢેરા રાજને.

તો તાપીને તીરે બે સ્નેહીઓના સૂરમાંથી ચોપાઈઓ સરી—

> જની સતી જગ સૂરમા ભક્ત દાતા અરુ સંત
> નારી બિન કૈસે ઉપજે નારી સે નામ રટંત.

# લોકગીતોનાં લક્ષણો

## સોમાભાઈ ભાઈ નેધાણી

વિશ્વના તમામ સાહિત્યને જેતે પ્રદેશના લોકસાહિત્યનો આધાર રહેલો છે તમામ પ્રદેશના સાહિત્યના મૂળમાં, એના પાયામાં લોકસાહિત્ય પડેલું છે તેથી જ લોકસાહિત્ય દરેક પ્રદેશનો અણમોલ ખજાનો ગણાયો છે આ સાહિત્યને ગ્રામપ્રજાનું ગ્રામ્ય સાહિત્ય કહીને તેની તરફ ઉદાસીનતા કે ઉપેક્ષાનો ભાવ એક સમયે હતો, પરંતુ જેમ જેમ તેના અભ્યાસીઓએ તેમાં રહેલા સૌંદર્ય, રસ અને ઊર્મિઓના ભાવોને શિક્ષિત સમાજ સમક્ષ મૂકયાં તેમ તેમ તેના પ્રત્યેની અભિરુચિ અને અહોભાવની લાગણી અનુભવતા ગયા છીએ, આ સાહિત્યમા વધુ ને વધુ રસ લેતા થયા છીએ. વિશ્વના દેશોમાં આ સાહિત્યમા ઘણાં ઘણા સંશોધનો અને વિવેચનો થયાં છે. આપણે પણ લોકસાહિત્યને સાહિત્યના એક વિશિષ્ટ અને આગવા પ્રકાર તરીકે મૂલવતા થયા છીએ

ભારતના સમૃદ્ધ સંસ્કૃત સાહિત્યના પ્રશંસક સર વિલિયમ જોન્સે ઈ સ ૧૭૮૪માં "એશિયાટિક સોસાયટી ઓફ બેંગાલ"ની સ્થાપના કરી તેની એક શાખા ૧૮૦૪ માં "રોયલ એશિયાટિક સોસાયટી" નામે મુંબઈમાં સ્થપાઈ આ સોસાયટીએ પોતાના મુખપત્ર-Journal-મા એક વિભાગ તરીકે લોકસાહિત્યની સામગ્રી પ્રગટ કરવાનું શરૂ કર્યું. તેમાં સૌપ્રથમ ગુજરાતની લોકકથાઓ અંગ્રેજી ભાષામા અનુવાદિત કરીને છાપવામાં આવી ઈ. સ ૧૮૭૨માં જેમ્સ બર્ગેસે "ઇન્ડિયન એન્ટીકવેરી" ની શરૂઆત કરીને તેમાં લોકસાહિત્યને ખાસ વિષય તરીકે જુદો પાડીને લોકકથાઓ અને વાર્તાઓ આપી આ સમય દરમિયાન 'એનસાઇકલોપીડિયા બ્રિટાનિકા'ની નોંધ પ્રમાણે ઈ. સ. ૧૮૪૬માં ડબ્લ્યુ. જે થોમસે અસંસ્કૃત લોકોની પ્રથાઓ, રીતરિવાજો અને વહેમો દર્શાવવા માટે Folklore શબ્દનો પ્રયોગ કર્યો હતો તેમ જાણવા મળે છે. *Folk* નો અર્થ લોક-લોકવૃંદ, Lore એટલે જે જાણે છે તે, વિદ્યા. લોકો જે કાંઈ જાણે છે તે વિદ્યા એવો અર્થ મળે છે સૌપ્રથમ લોકગીતો અને કથાઓ માટે આ શબ્દ પ્રચલિત બન્યો ને પછી રૂઢ બનતો ગયો ને ફોકલોર એટલે લોકોનુ કંઠસ્થ સાહિત્ય એવો ખ્યાલ બંધાતો ગયો. જેમ જેમ આ સાહિત્યનો પ્રચાર અને પ્રસાર

વધતાં ગયા તેમ તેમ તેના વિવિધ અર્થો પણ થતા ગયા ને લોકગીત, લોકકથા, લોકવાર્તા, લોકવિદ્યા, ગ્રામગીત, ગ્રામસાહિત્ય, જનસાહિત્ય, જનસંસ્કૃતિ, લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય એમ અનેક શબ્દપર્યાયો ગોઠવાતા ગયા

ગુજરાતી સાહિત્યમાં Folkloreનો પર્યાય શબ્દ લોકસાહિત્ય એમ સ્વ. રણજીતરામભાઈએ પહેલી સાહિત્ય પરિષદમાં તેમના નિબંધવાચનમાં આપ્યો છે. સ્વ મેઘાણીભાઈને બચપણથી સૂરીલો કંઠ હોવાથી લોકગીતો ગાવાનો શોખ હતો, તેમાંથી અભ્યાસ અને સંશોધનની વૃત્તિ જાગી તેમણે ગીત અને કથાઓ ઉપરાંત બીજાં પણ અનેક પાસાંઓને નીરખ્યા, નાણ્યા અને નોંધ્યાં છે તે તમામનો સમાવેશ તેમણે લોકસાહિત્યમાં કર્યો ને આ શબ્દને ગુજરાતી સાહિત્યમાં વધુ પ્રચલિત કર્યો, જે આજસુધી જળવાયો છે. મેઘાણી-ભાઈએ આ સાહિત્યને સ્પર્શ કર્યો તે પહેલાં પણ લોકવાર્તાઓ અને ગીતોના સંગ્રહો કરવાના છૂટાછવાયા પ્રયત્નો થયા હતા અહી કેટલાંક નામોનો માત્ર ઉલ્લેખ કરું છુ. સદ્‌ગત હરગોવિંદ પ્રેમશંકર, છગનલાલ અજરામર ગોર, દુબળ, ધરમશી કાનજી, નાથજી મહેશ્વર પાઠક વગેરેના પ્રયત્નોથી વાર્તાઓ, દુહાઓ, ગીતો, ગરબા, ઉખાણા વગેરે સંગૃહીત થયાં છે લગ્ન, જનોઈ, સીમંત વગેરે સામાજિક પ્રસંગોનાં ગીતોના સંગ્રહ માટે કેટલીક જ્ઞાતિઓએ પણ પ્રયત્નો કર્યા છે

સ્વ શ્રી મેઘાણીભાઈએ આ વિષય પર "મિશનરી સ્પિરિટ" થી કામ કર્યું જેમ જેમ તેઓ આ સાહિત્યમાં ઊંડે ઊતરતા ગયા તેમ તેમ અણમોલ રત્નો પ્રાપ્ત કરતા ગયા ને ધૂળમાંથી શોધેલા આ ધનને બુદ્ધિ-કસોટીએ ચાળીને, વિવેચનની સરાણે ચડાવી, પોતાની આગવી ભાષાશૈલીમાં ગોઠવીને ગુજરાત સમક્ષ મૂક્યું છે સ્વ. મુનશીજીએ "બિનકેળવાયેલી અને અસંસ્કારી જાતિનું કંઠસ્થ સાહિત્ય" તરીકે ઓળખાવેલું આ સાહિત્ય આપણું અમૂલ્ય ધન બની ગયુ છે માત્ર આપણું જ નહિ, પણ ભારતની તમામ ભાષાઓમાં અને વિશ્વના સાહિત્યમાં લોકસાહિત્ય એનું મૂળધન ગણાયું છે, ને અસંત સ્વમાન, આદર અને ગૌરવપૂર્વક તેનાં સંશોધન અને અભ્યાસ થયાં છે લોકસાહિત્યનો અર્થ પણ ઘણો વ્યાપક બનતો જાય છે વાર્તાઓ, ગીતો, સંગીત, નાટ્ય, વાદ્ય, કલા જેવું વિષયવૈવિધ્ય અને તે દરેકનુ પ્રકાર-વૈવિધ્ય પણ આ એક જ શબ્દમાં રજૂ કરવુ પડે છે તે હવે માત્ર સાહિત્ય, જ નહી રહેતા સંસ્કૃતિ બની જાય છે Introducing Folkloreમાં

તેના લેખકોએ Folkloreની જે વ્યાખ્યા આપી છે તે કાંઈક આ પ્રમાણે છે: Folklore consists of all lore ( knowledge, wisdom, action ) transmitted by tradition. ધરતી જેટલા વિશાળ અને આકાશ જેવા વ્યાપક આ સાહિત્યનાં અનેક અંગોને એક જ શબ્દમાં કેમ સમાવી શકાય? લોકસાહિત્યના અભ્યાસીઓએ તેની ઠીક ઠીક મથામણ અનુભવી છે. મુ. શ્રી જયમલ્લ પરમારે 'લોકસંસ્કૃતિ' શબ્દ દ્વારા બધાં અંગોને સાંકળવા પ્રયત્ન કર્યો છે, જ્યારે મુ. શ્રી પુષ્કર ચંદરવાકરે Folkloreનો પર્યાય શબ્દ 'લોકશાસ્ત્ર' એવો કર્યો છે મુ શ્રી. ઉમાશંકર-ભાઈએ લોકસાહિત્ય માળાના પ્રથમ મણકાની પ્રસ્તાવનામાં 'લોકવિદ્યા' શબ્દનો પ્રયોગ કર્યો છે ગુજરાતનુ લોકસાહિત્ય પણ શ્રમપૂર્વકનું સંશોધન કરવા માટે અભ્યાસીઓને આકર્ષે તેટલું વિશાળ પથરાયેલું છે. લોકસાહિત્યની આ મબલખ સામગ્રીમાંથી લોકગીતનો વિષય પસંદ કરી તેનાં લક્ષણો વિષેના મારા વિચારો રજૂ કરીશ.

આદિ માનવની પ્રથમ અભિવ્યક્તિ ગીત અને વાર્તા દ્વારા થઈ છે. માનવહૃદયનાં ઉલ્લાસ અને હતાશા, આનંદ અને શોક, ચેતના ને અવસાદ તમામને વ્યક્ત કરવા માટે ગીતનો સહારો લીધો આ ગીત જ જીવનનાં સુખ-દુઃખ, આશા-નિરાશાને વ્યક્ત કરવાનુ ગેય માધ્યમ બની ગયું માનવી પ્રત્યેક યુગમા, સર્વ સ્થિતિ અને સંજોગોમાં, બદલાતી પરિસ્થિતિમાં જીવનનુ સૌંદર્ય વ્યક્ત કરવા તલસતો હતો. પોતાની આસપાસની સૃષ્ટિમાંથી ઉત્કટ-પણે અનુભવેલા અનુભવોને પોતાની વાણીમાં એટલા જ ઉત્કટપણે વ્યક્ત કરવા મથતો હતો, પોતાનો આનંદ વહેંતો મૂકી તેમાં સૌને તરબોળ કરવા ઇચ્છતો હતો, પોતાના શ્રમ અને સંકટોમાંથી મુક્ત થઈને, તેને ભૂલી જઈને, સૌની સાથે આનંદ માણવા ઇચ્છતો હતો આ પરિસ્થિતિએ માણસને ગીત ગાવા પ્રેર્યો અને એ ગીતો જન્મ અને મૃત્યુ સુધીના પ્રસંગ સાથે તાણાવાણાની માફક વણાઈ ગયા. આ ગીતો સમય સમય પર બદલાતાં રહેવા છતાં મૂળ ભાવના અકબંધ સચવાઈ રહી. માનવસહજ સ્વાભાવિક પ્રેરણા દ્વારા સ્વાભાવિક વાણીમાં લોકગીતનુ પ્રકટીકરણ થયું છે. તેનાં લક્ષણો વિષે John F Ambry નીચેના મુદ્દાઓ નોંધે છે:

(1) Anonymous. (2) Familiar to every one. (3) Reflect the social values of the group. (4) Are learnt as a part of teaching.

Studies in Indian Folk Literature માં નીચેનાં લક્ષણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે :

(1) A literature handed down to us traditionally. (2) Author is unknown. (3) Period of composition cannot be decided. (4) Simple, Natural, Genuine (5) It shows the picture of real human life

"લોકસાહિત્ય કી ભૂમિકા" માં ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય નીચેનાં લક્ષણો નોંધે છે :

(૧) રચયિતાકા અજ્ઞાત હોના (૨) પ્રામાણિક મૂળ પાઠકા અભાવ (૩) સંગીત ઔર નૃત્યકા અભિન્ન સાહચર્ય. (૪) સ્થાનીયતાકા પ્રચુર પટ. (૫) મૌખિક પ્રવૃત્તિ. (૬) ઉપદેશાત્મક પ્રવૃત્તિકા અભાવ (૭) અલંકૃત શૈલીકી અવિદ્યમાનતા તથા સ્વાભાવિક પ્રભાવ (૮) લંબા કથાનક. (૯) ટેક પદોંકી પુનરાવૃત્તિ

ભારતીય સંસ્કૃતિ પશ્ચિમના દેશો કરતાં ઘણી રીતે ભિન્ન છે. તેથી લોકગીતોના વિષયો અને તેની ભાવના પણ ઘણી અલગ પડી જાય છે. ભારતમાં આદર્શ કુટુંબપ્રથા હોવાથી કૌટુંબિક સ્નેહના કડવા-મીઠા અનુભવોનાં ગીતો ઘણાં છે એટલે ભારતની અન્ય પ્રાંતીય ભાષાઓનાં લોકગીતોનાં લક્ષણો સમાન આવી શકે છે. તેમ જ્યાં કેટલાંક લક્ષણો જગતની તમામ ભાષાઓનાં ગીતોમાં સરખાં હોય છે જેમ કે, રચનાર કવિ અજ્ઞાત છે, સામાજિક મૂલ્યો રજૂ કરે છે, વાસ્તવિક જીવન પર રચાયેલાં છે. લોકગીતોનો પ્રાણ હોય તો આ તત્ત્વો જ છે. વિશ્વનાં તમામ લોકગીતો આ તત્ત્વોથી જોડાઈને એકરૂપ બને છે આ મુદ્દાઓને લક્ષમાં રાખી આપણા લોકગીતોના લક્ષણો જોઈશું.

**લોકગીતનો કવિ અજ્ઞાત** છે : રામનરેશ ત્રિપાઠી કહે છે કે, "ગ્રામ ગીતોંકી રચયિતા સ્વયં પ્રકૃતિ હૈ." લોકગીતો પ્રત્યેનો અહોભાવ આ વાક્યમાંથી તરી આવે છે. પ્રકૃતિ કાવ્ય રચતી નથી, રચવાની પ્રેરણા આપે છે. પ્રો. ગ્રિમીઝ કહે છે, 'The folk is its poet'. લોકસમૂહ સ્વયં તેનો કવિ છે ગ્રીમના શબ્દોમાં કહીએ તો "લોકોને માટે, લોકો દ્વારા રચાયેલા, લોકોનાં ગીત છે. લોકગીતોની રચના વિષે વિચારવું જ અસંગત છે. લોકવૃંદ દ્વારા એ રચાય છે". સ્ટેન્થલનો જાતિવાદ થોડા ફેર સાથે પણ ગ્રીમનો મત રજૂ કરે છે. તે એક જાતિને સર્જક તરીકે ગણે છે. બીજી બાજુ

શ્લેગલ અને આઇક્ડ વ્યક્તિને ગીતના રચનાર તરીકે ગણે છે. કાવ્યની રચના કરનાર કોઈ એક બુદ્ધિશાળી વ્યક્તિ હોય છે, પછી લોકોએ ભલે તેમાં ફેરફાર કર્યો હોય, પણ વિશિષ્ટ કવિની રચના તો હોવી જોઈએ. આઇક્ડ આ મતને વધુ સ્પષ્ટ કરે છે. અધિકારી વ્યક્તિ દ્વારા રચના થાય છે પછી તેમાં પરિવર્તન અને વૃદ્ધિ થતાં જાય છે એમ વ્યક્તિનું વ્યક્તિત્વ લુપ્ત થઈ જાય છે, ને સમસ્ત જનસમાજની સંપત્તિ બની જાય છે. લોકસાહિત્યના પ્રખર પંડિત ડૉ. સત્યેન્દ્ર પણ આ જ મતના પુરસ્કર્તા છે "લોકસાહિત્યકા વિજ્ઞાન"-માં તેઓ લખે છે, 'ગીતકા નિર્માણ વ્યક્તિ હી કરતા હૈ, એક વ્યક્તિ આરંભ કરતા હૈ, દૂસરા ઔર તીસરા ઉસમેં કડી જોડ દેતા હૈ". આમ, લોકગીતોનો કોઈ કવિ નથી. કવિનું નામ તો નથી જ પણ તેના વ્યક્તિત્વની પણ કોઈ છાપ તેમાં રહેવા પામતી નથી રહે છે માત્ર લોકસમૂહનું વ્યક્તિત્વ "લોકગીતોંકી સામાજિક વ્યવસ્થા"માં શ્રી કૃષ્ણદાસ પણ આ જ મત નોંધે છે "ઉન્હોંને અપની કલાકૃતિઓમેં સુધાર, પરિવર્તન અથવા પરિષ્કાર કરનેસે કિસીકો નહિ રોકા ફલત: વ્યક્તિવિશેષ કી રચના હોતે હુએ ભી વહ જનસમાજ કી, પૂરે લોગ કી રચના હો ગઈ" આવા અર્થમાં The folk is its poet એ કથન સાચું હોઈ શકે

**(૨) જનસમૂહનાં સામાજિક મૂલ્યોનું પ્રતિબિંબ :** લોકગીતોમાં જનસમૂહનું સ્વાભાવિક દર્શન થાય છે એટલું જ નહિ, પણ સામાજિક મૂલ્યોનું પણ તેમાં પ્રતિબિંબ પડે છે. સમાજનાં જ્યાં નીતિનિયમો, ચારિત્ર્યના ખ્યાલો, માન્યતાઓ, વહેમ અને શ્રદ્ધા એ તમામનું આબેહૂબ ચિત્ર આ ગીતોમાં ઊપસી આવે છે. સાંસારિક, ઔદ્યોગિક, ધાર્મિક ક્ષેત્રે સમાજની ભાવનાઓ સ્પષ્ટ થાય છે. કજોડાં, બાળવિવાહ, અનેકપત્નીત્વનું સમાજમાં કેવું સ્થાન છે? સમાજમાં નીતિનો ખ્યાલ કેવો છે? સમાજમાં સ્ત્રીની સ્થિતિ કેવી છે? કુટુંબવ્યવસ્થા કેવી છે? ભાઈભાઈ વચ્ચેના, પતિપત્ની વચ્ચેના સાસુવહુના, નણંદભોજાઈના સંબંધો કેવા છે તેનો સ્પષ્ટ ચિતાર આ ગીતોમાંથી મળે છે. આવી રીતે ઔદ્યોગિક અને ધાર્મિક પરિસ્થિતિ પણ ગીતોમાં વણાઈ જાય છે. ખેતીનો ઉદ્યોગ મુખ્ય હોય ત્યાં ખેતીને લગતા, વ્યાપાર મુખ્ય હોય ત્યાં વ્યાપારને લગતા, મજૂરી કરનાર કોમ હોય તો મજૂરીએ કે નોકરીએ જવાના ઉલ્લેખો ગીતોમાં મળી રહે છે.

**(૩) વાસ્તવિક જીવનનું આલેખન :** લોકગીતોમાં જિવાતા જીવનનું સ્પષ્ટ પ્રતિબિંબ ઊપસી આવે છે. જીવનનો સંપૂર્ણ ચિતાર આ ગીતોમાં

મળી આવે છે. સાદા માણસના, સીધાસાદા જીવનને, સરળ શબ્દોમા આ ગીતો વ્યક્ત કરે છે વસ્ત્રાભૂષણો, ખાદ્ય પદાર્થો, શોખ અને ટેવ, અીના અબોલા-રૂસણાં-મનામણાં, હૈયાનો હરખ ને મનની મૂંઝવણો, પ્રણયના અમીરસ અને વિરહના વલોપાત, મીઠી મીઠી મજાકો અને ઊના ઊના ડામ, આડોડાઈ અને અવળચંડાઈ, આણાંની આરત અને પનઘટની પ્રીત, મોજડિયુંના માર ને શોક્યના સાલ. આખું જીવન જ કેટલું ભર્યું ભાદર્યું લાગે છે. જીવનમાં જે નથી તે લોકગીતોમાં નથી જીવનની તમામ પ્રગટ અને અપ્રગટ ઘટનાઓને નિઃસંકોચ, નિર્ભયપણે ગીતોમા વ્યક્ત કરે છે પોતાની નિર્બળતાઓ છુપાવવાનુ કપટ નથી તેમ બીજાની નિર્બળતાઓ પ્રત્યે સૂગ નથી. લોકગીતોની પુણ્યસલિલા ગંગા પતિત હૃદયને પાવન કરે છે, જીવનના મેલને લોકગીતોની ધટીબંરની મોજમાં વહાવી દઈને એ નવુ જીવન પ્રાપ્ત કરે છે. નવી આશા, નવા ઉન્મેષો ને નવાં સ્વપ્નોથી જીવનને ભર્યુંભર્યું બનાવી દે છે.

(૪) **પ્રામાણિક મૂળ પાઠનો અભાવ :** લોકગીતોનો કવિ કોણ? તે બાબતમાં આગળ જે વિદ્વાનોના અભિપ્રાય રજૂ કર્યા છે તેમનો ફરી નિર્દેશ કરું છું. ચાઇલ્ડનો વ્યક્તિહીન વ્યક્તિવાદનો સિદ્ધાંત આનુ કારણુ છે એક કવિની રચનામાં બીજી, ત્રીજી એમ અનેક વ્યક્તિઓ પોતાની પરિસ્થિતિ, પોતાના સમાજ અને પ્રદેશને અનુરૂપ ફેરફારો કરતી જાય તો સ્વાભાવિક છે કે મૂળ કાવ્ય જ બદલાઈ જાય, એટલે જ લોકગીતોમાં એકના એક કાવ્યનાં ઘણાં પાઠાંતરો મળે છે ભાષા પ્રમાણે શબ્દોમાં પણ ફેરવાર થવાથી ગીતનો ભાવ બદલાઈ જાય છે. મૌખિક પ્રવૃત્તિ હોવાથી શબ્દો પણ બદલાઈ જાય છે કેટલીક વખત તો બહુ જાણીતી પુરાણકથાઓમાં પણ પાઠફેર થઈ જાય છે ઉદા. સીતાવનવાસ (મણકો ૮, પાનુ ૩૪) સીતાજીને વનમાં મોકલવાનું કારણુ માતાની હાજરીમાં સીતાએ પોતાને ગર્ભ રહ્યાંનું રામને કહ્યું માતાની હાજરીમાં આની નિર્લજ્જતા દર્શાવી તેથી ગુસ્સે થઈ સીતાને વનમાં મોકલ્યા. શ્રવણની પત્નીએ આંધળાં માબાપને કૂવામાં નાખવાનું કહ્યું તેથી ગુસ્સે થઈ પત્નીને પિયર પહોંચાડી, ખભે કાવડ લઈ માબાપને જાત્રા કરાવવા નીકળ્યા, વગેરે.

(૫) **મૌખિક પ્રવૃત્તિને કારણે અત્યંત સરળ શૈલીની રચના :** A folk song is orally transmitted from person to person, from generation to generation as an inherited property.—Kunjbiharidas (Studies of Orrisan Folklore)

જેમકે (૧) બારબાર વરસે નણદલ પરોણલાં
ભાભી ઉતારા દો ને રાજ, નણદલ પરોણલાં રે

(૨) રામને સીતા વાહ્ વદે
લાવજો રે એક રાતું ફૂલ, રહા-કમળોમાં રામ રમે

૨. કડીની શરૂઆતમાં આવે

(૧) એક ઝાડમાથે ઝૂમખડું,
ઝૂમખડે રાતાં ફૂલ રે, રંગ ડોલરિયો.
એક ગોખ માથે ભાભલડી,
ભાભીના રાતા દાંત રે, રંગ ડોલરિયો

૩. દરેક પંક્તિના અંતે આવે

(૧) મારું સોનાનું છે બેડું ગોવાળણી રે લોલ
અમે સરોવર પાણી ગ્યાં'તાં ગોવાળણી રે લોલ.

(૨) મારા વાલાને સોળસેં ગાયું હો નંદના ગોવાળા
નવસેં ગાયુના દૂધ દોમાં હો નંદના ગોવાળા.

૪. દરેક પંક્તિની શરૂઆતમાં આવે.

(૧) મારી મારી અતલસની ઈંઢોણી
કે બેડું સવા લાખનું રે લોલ
મારી હું તો સરવર પાણી ગઈ'તી.
ખોવાણી મારી નથડી રે લોલ.

(૨) રસિયા પાટણ શેરને પાદર પારસ પીપળો રે
રસિયા તિયાં રે બંધાવો હાસર હીચકો રે.

આવા કેટલાક વિશિષ્ટ લક્ષણો લોકગીતોના અભ્યાસમાં મને દેખાયાં છે. આમ છતાં એનુ સૌથી મોટું લક્ષણ હોય તો તે છે તેની લોકપ્રિયતા. થાક્યા હાર્યા માનવને ક્ષણમાં ખેલતો કરી દે તેવી સંજીવની એમાં ભરી છે. એનાં બેસણાં લોકહૈયામાં છે. એ નિત્ય નવીન છે કાળની કરચલીઓ એને પડતી નથી રાલ્ફ વિલિયમ કહે છે તેમ "A folksong is neither new nor old, it is like a forest tree with its roots deeply burried in the past, but which continually puts forth new branches, new leaves, new fruits."

# લોકસાહિત્યમાં કાળ-નિર્ણય

**નરોત્તમ પલાણ**

લોકસાહિત્યમાં કાળનિર્ણયનો પ્રશ્ન આપણી સામેનો સૌથી વિકટ પ્રશ્ન છે હિન્દીમાં લખાયેલો અને પ્રકાશિત થયેલો લોકગીતો વિશેનો એક મહાનિબંધ હમણાં જોવામાં આવ્યો. તેમાં પણ કાળ-નિર્ણયના પ્રશ્ન પરત્વે કશોય સંતોષકારક ઉકેલ નથી. આ પ્રશ્નને હલ કરવામાં આપણને બીજી કોઈ દિશામાંથી કંઈ મદદ મળી શકે તેમ છે કે નહિ તેની વિચારણા ત્રણેક દાખલાઓ સાથે કરવાની અહીં ઇચ્છા છે.

(૧) આપણે ત્યાં ઘણો ચર્ચાયેલો 'નાગદમન' નો પ્રશ્ન. નરસિંહને નામે મળે છે તે તો નિઃશંક નરસિંહની કાવ્યમય રચના છે, પણ લોક-ગીતોમાં જે 'નાગડમન' મળે છે તે નરસિંહથી પ્રેરિત છે કે નરસિંહ એની અસરમાં આવ્યો છે? આપણે પ્રશ્નના મૂળમાં ઊતરીએ અને 'નાગદમન' પહેલું કોણે આલેખ્યું તેના સગડ પકડવા યત્ન કરીએ, તો નવમી સદીનું ભાગવત, સાતમી સદીનું વિષ્ણુપુરાણ અને છઠ્ઠી કે ચોથી સદીનું હરિવંશ વગેરે કૃષ્ણની બાળલીલા આપે છે. મહાભારતમાં પણ કૃષ્ણ બાળલીલાનો ગર્ભિત ઉલ્લેખ છે શ્રી ઉપેન્દ્ર સાંડેસરા 'સ્વાધ્યાય' પુ ૪, અંક ૧ (નવેમ્બર '૬૬)માં બતાવે છે તેમ રાજસૂય યજ્ઞમાં પ્રથમ પૂજા અર્થે ભીષ્મ શ્રી કૃષ્ણનું નામ સૂચવે છે ત્યારે "જેણે સ્ત્રીહત્યા, ગૌહત્યા, બ્રાહ્મણ-હત્યા અને આશ્રયદાતાની હત્યા કરી છે એવા હલકા માણસને આ સ્થાને કેમ બેસાડાય? " વગેરે પ્રકારની શિશુપાલની ઉક્તિમાં પૂતના, અરિષ્ટ, ચાણૂરમલ્લ અને કંસવધની વાત સૂચવાય છે. હવે આપણી સામે પ્રશ્ન એ છે કે મહાભારતમાં ગર્ભિત ઉલ્લેખ પામેલા બાળલીલાના આ પ્રસંગોને પહેલવહેલા એન્લાર્જ કોણે કર્યા? સામાન્ય રીતે 'હરિવંશ' નું નામ આપણે સૂચવીએ છીએ, પણ 'હરિવંશ' થી ઇતર અને 'હરિવંશ' થી સો કે ત્રણસો વર્ષ પહેલાં આપણે ત્યાં પ્રાપ્ત શિલ્પોમાં કૃષ્ણબાળલીલા મળે છે તેનું શું? રાજસ્થાનમાંથી પ્રાપ્ત ઈ. સ: ૪૦૦ નું 'દાણલીલા' આલેખતું માટીનું એક ફલક 'સ્વાધ્યાય' પુ. ૧, અંક ૪ માં (ઑગસ્ટ : '૬૪) પ્રસિદ્ધ થયું છે. સાહિત્ય વિના શિલ્પ શક્ય નથી એટલે આ વાત એક નવા વિચારને જન્મ

આપે છે કે 'હરિવંશ' પહેલાં કૃષ્ણબાળલીલાનું કોઈ સાહિત્ય હશે. એ મૂળે એ સાહિત્યનુ સંસ્કારેલું રૂપ 'હરિવંશ' બન્યું હશે તે જ સાહિત્યની પરંપરા—હરિવંશ, વિષ્ણુપુરાણ, ભાગવત વગેરેથી ભિન્ન એવી પરંપરા—આજ સુધી પણ ચાલુ રહી હશે

નવમી સદીના ભાગવતની અસરે દસમીના આળવારો, અગિયારમીના રામાનુજ–નિમ્બાર્ક, બારમીના ગીતગોવિંદ–વિઠોબા–હેમચંદ્રીય અપભ્રંશ. તેરમીના બિલ્વમંગળ, ચૌદમીના શ્રીધર–બોપદેવ, પંદરમીના વસંતવિલાસ, સોળમીના વલ્લભ–ચૈતન્ય અને નરસિંહ દ્વારા આપણે ત્યા કૃષ્ણબાળલીલાનો પ્રચંડ જુવાળ આવ્યો. મતલબ કે ગુજરાતમાં ભાગવત પછી કૃષ્ણલીલાની ઘેરી અસર થઈ, પણ ભાગવત પહેલા આપણે ત્યા પ્રાપ્ત થતા કૃષ્ણલીલાનાં શિલ્પોનુ શું? પોરબંદર પાસેના ઓડદર મંદિર–સમૂહમા નવમી સદીનું 'નાગદમન' શિલ્પ મળે છે. સ્વ દુર્ગાશંકર શાસ્ત્રી કહે છે તેમ ભાગવતને નવમીના પૂર્વાર્ધમાં માનીએ અને શ્રીમધુસૂદન ઢાંકી કહે છે તેમ ઓડદરના નાગદમનને નવમીના ઉત્તરાર્ધમાં માનીએ તોય પચાસ વર્ષમાં ભાગવતની આટલી વ્યાપકતા બની ગઈ હોય તેમ માની શકાતું નથી મારું માનવુ છે કે આ શિલ્પ પેલી બીજી પરંપરાને સૂચવે છે, જેણે 'હરિવંશ'થી ઇતર ઈ. સ. ૪૦૦ માં રાજસ્થાનમા દેખા દીધી આ પ્રાચીન પરંપરા કઈ? એના જવાબમાં લોકસાહિત્ય આવીને ઊભું રહે છે નરસિંહ–મીરાંમાં 'એ જ્વાલાઓ ક્યાંથી પ્રગટી?' નો જવાબ પણ લોકસાહિત્ય હોઈ શકે સંપ્રદાયે તત્ત્વજ્ઞાન આપ્યું છે, પણ કાવ્યત્વ તો કાં સ્વયં કાં લોકગીતને આધારે

(૨) લોકગીતોમાં પ્રાપ્ત પાર્વતીની ભીલડી–લીલા શિવપુરાણથી પ્રેરિત હોવાનુ આપણે માનીએ છીએ. અન્ય પુરાણોની માફક શિવપુરાણ પણ ગુપ્તકાળનું સર્જન હોવાનું મનાય છે અહીં પણ શિલ્પ તરફ નજર કરીએ તો આપણી પાસે ગુપ્તકાળ પહેલાંની–ભીલડીવેશે પાર્વતીની પ્રતિમા પ્રાપ્ત છે આ વાત વળી પેલા વિચારને જોર આપે છે કે પુરાણોથી ઇતર બીજી કોઈ પરંપરા છે, જેમાથી પ્રેરણા લઈને પુરાણો સર્જાયાં એ મૂળ સ્રોત લોકસાહિત્યનો હોય એવું લાગ્યા કરે છે

(૩) ચૌદમી સદીમાં થઈ ગયેલા અસાઇતથી આપણે ત્યાં 'ભવાઈ' આવી એવી સામાન્ય માન્યતા છે ડૉ ભાયાણી 'સંસ્કૃતિ' એપ્રિલ '૭૧માં બતાવે છે તેમ ભવાઈનો વહેલામાં વહેલો ઉલ્લેખ તેરમી સદીનો છે શ્રી ઉમાશંકર જોશી 'સંસ્કૃતિ' ડિસે '૭૨માં 'સંભવ' ઊભો કરે છે તેમ

"કોઈ પ્રચલિત પરંપરાને સંગઠિત કરવાનું અને નવો વળાંક આપવાનું કામ અસાઇતને હાથે' થયું છે આ 'પ્રચલિત પરંપરા'ને પાંચમી સદીમાં રચાયેલા 'વસુદેવહિંડી'માં "એક ગામથી બીજે ગામ ફરતા' નટોનો જે ઉલ્લેખ થયેલો છે તેમાં પકડી શકાય છે. એ પ્રાચીન પરંપરામાં મોટે ભાગે અંગ કસરતના દાવો બતાવવામા આવતા હશે એવુ તે સમયનાં પ્રાપ્ત શિલ્પો આપણને કહે છે

ગોપના પ્રાચીન મંદિરની જગાઓમાં, જે મંદિરને ઘણા વિદ્વાનો ક્ષત્રપ-કાલીન માનવાની તરફેણના છે, અંગ કસરતના જુદા જુદા દાવો બતાવતા નટોનાં શિલ્પો જોવા મળે છે એક શિલ્પમાં એક માણસ કેડે બાંધેલું કંઈક વગાડે છે અને બાજુમા બીજો માણસ પગ ઊંચા કરી બે હાથ ઉપર ચાલતો બતાવાયો છે અન્ય શિલ્પમાં એક નટ હાથ ઊંચો કરી તેની ઉપર કશુંક રાખી પ્રેક્ષકોને બતાવે છે કદાચ તે હાથ ઉપર થાળી ફેરવતો હશે। ત્રીજા એક અસ્પષ્ટ શિલ્પમા બે માણસ એક બીજાની એવી રીતે ઉપર નીચે આવી ગયેલા છે કે જાણે એક બીજાની કેડ પકડી ગોથાલિયાં ખાય છે। આ મંદિરને ડૉ. હસમુખ સાંકળિયા પાચમી સદીનું ગણાવે છે

'વસુદેવહિંડી'ના પેલા નટો અથવા ગોપમંદિરના અંગકસરત બતાવતા આ નટોની જૂની પરંપરા આજે પણ ગામડે ગામડે અંગ કસરતના દાવો બતાવતા 'ગોળ બજાણિયા'મા સચવાઈ રહેલી જોવા મળે છે આ પરંપરાને અસાઇતે નવો વળાંક આપ્યો હોય અને 'ભવાઈ'નુ સર્જન થયું હોય તો 'ભવાઈ'નું આદિ રૂપ ઈ સ ની પાચમી સદીના શિલ્પોમાં મળે છે એમ કહી શકાય.

આમ, લોકસાહિત્યમાં કાળનિર્ણયના પ્રશ્ન પરત્વે મને લાગે છે કે આપણે ત્યા પ્રાપ્ત શિલ્પો મદદ કરી શકે તેમ છે.

■

# 'પરલોકે પત્ર'

## ચિમનલાલ ત્રિવેદી

આ કાવ્યસંગ્રહ, બાર પત્રોનો–પત્રકાવ્યોનો સંચય છે બાર પત્રો મળીને એક પત્રકાવ્યરૂપે, એક કલાકૃતિ તરીકે, એ આપણને સંતર્પી રહે છે. સદ્‌ગત પાઠકસાહેબને સંબોધીને લખાયેલા આ પત્રોમાં, સંબોધક હીરાબહેને, આત્મસંવેદનો આલેખ્યાં છે. પાઠક-સાહેબનુ દેહાવસાન થયુ ઈ. ૧૯૫૫માં. 'પરલોકે પત્ર'નું પ્રથમ કાવ્ય સ્ફુર્યું ઈ. ૧૯૫૫માં, એ લખાયુ ઈ. ૧૯૬૦માં અને બાકીનાં અગિયાર કાવ્યો લખાયાં ઈ. ૧૯૬૩ થી ૧૯૭૦ સુધીમાં પંદર વર્ષના સુદીર્ઘ પટમા સર્જાયેલા આ કાવ્યોના કેન્દ્રમાં છે મૃત્યુજનિત વિરહનો ઉત્કટ ભાવ આપણે ત્યાં 'સ્મરણસંહિતા,' 'પિતૃતર્પણ,' 'વિરહ' જેવી મૃત્યુજનિત–મૃત્યુપ્રેરિત વિરહવિષાદ ભાવને આલેખતી, શોકની લાગણીનુ આનંદના વિશાળ ભાવમાં પરિવર્તન કરી, જીવનના સૌંદર્યનું વિજયસ્તોત્ર બનતી કરુણપ્રશસ્તિઓ રચાઈ છે. એમાં, પુત્ર પિતા કે પત્નીનો મૃત્યશોક શમ તરફ ગતિ કરી, જીવનમાં શાંતિનો મહિમા કરી રહે છે.

'પરલોકે પત્ર' સર્જાઈ છે પતિના મૃત્યુજનિત વિરહની ઉત્કટ લાગણીમાંથી. પ્રથમ અને એ પછીનાં કાવ્યોમાં વિરહનો એ ભાવ વિવિધ છાયાઓ પ્રસારતો આગળ વધે છે; પરંતુ એનું પર્યવસાન થાય છે બારમા પત્રમાં—પરમ સૌભાગ્યના ઋણ–સ્વીકારમાં યામિનીના યામથી આરંભાતું કાવ્ય માઝમ રાતે પૂરું થાય છે. ઇહલોકમાં શોકમ્લાન સંધ્યા ને ગ્લાનિપન મધરાત છે, તો એમા બ્રાહ્મમુહૂર્તનું શીળું પ્રભાત અને ગોરજનો મંગલ સમય પણ છે: શોક અને ગ્લાનિ સાથે એમાં સ્મરણોની માધુરી અને કલ્પનાની દીપ્તિ પણ છે. યામિનીના યામની ખંડિતના માઝમરાતની અખંડ એકાકારતામાં સમરસતા સાધે છે કાવ્યના સ્થૂળ સ્થલ-સમય કૃતિના ભાવ–આલેખની એકતાનાં નિર્દેશક બની રહે છે. ભગ્નઉર વિરહિણીને સૌભાગ્યવતીનો શ્રદ્ધાસૂર સાંપડે છે, વિરહની વેદના પરમ શાંતિના અમૃતત્વનો અનુભવ કરાવી રહે છે. પતિના દેહમૃત્યુનો વિરહ અંતે ચિર-સૌભાગ્યના અમૃતબિન્દુને પામે છે વિરહની વાસ્તવિકતા, દામ્પત્ય પ્રેમના મધુર ચિત્રમાં ઝબકોળાઈને પરમ પ્રેમના ભાવનાચિત્રમાં ભળે છે

* ગુજરાતી સાહિત્ય પરિષદનું, ઈ. ૧૯૭૧ અને ઈ. ૧૯૭૨ના વર્ષની શ્રેષ્ઠ સાહિત્યકૃતિ માટેનું ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક પ્રાપ્ત કરનાર કૃતિ 'પરલોકે પત્ર' (લે હીરાબહેન પાઠક, પ્ર૦.ગુર્જર, અમદાવાદ-૧, પૃ. ૧૦૮, રૂપિયા ૭)નો, આલેખ-જ્ઞાનસત્રમાં પારિતોષિક અર્પણવિધિ પ્રસંગે અપાયેલો પરિચય.

કૃતિમાં, ઝંખના-વિવશતા-વેદનાનું દર્શન થતું હોવા છતાં, સમગ્રપણે તો એમાંથી દામ્પત્ય— પ્રસન્નમધુર દામ્પત્યનો ભાવ જ નીતરી રહે છે એટલે આ કૃતિમાં, કરુણપ્રશસ્તિની ઝાંખી થતી હોવા છતાં, આત્મસંભારણાત્મક એકોક્તિ અને સ્વગત સંભાષણાત્મક સ્વગતોક્તિમા કરુણભાવની સબળ રેખાઓ અંકાયેલી હોવા છતાં, એ દામ્પત્યના મંગલભાવની કલાકૃતિ બની રહે છે. જીવનના વિવિધરંગી મેઘધનુનું મનોહારી આવિષ્કરણ અંતે દામ્પત્યના પરમ શ્વેત રંગ પ્રતિ આપણાં નયન-હૃદયને વાળે છે. એટલે, આ કૃતિનો મુખ્ય રસ, કાવ્યશાસ્ત્રીઓની ક્ષમા યાચીને કહીએ તો, દામ્પત્ય રસ છે

સંબોધ્યના દેહાવસાન પછી 'પત્રઝંખા પ્રાણશોષે' અવશપણે સંબોધકે આ પત્રો લખ્યા છે:

> કોને રે સુણાવું મારી વાત?
> મારા ઉર કેરો, કોઈ નવ ઊંચકે આ ભાર
> તેની મારે અંતરે અવિરત આરત

એટલે તો, સંબોધકને પોતાની અવિરત આરત આ પત્રોમાં પ્રગટ કરવી છે કારણ,

> પત્ર એ જ અંતર ખોલવાનું ઠામ
> આ ભર્યા જગમાં એક
> મારી વાતોનો વિશ્રામ.

અને એ પત્રોમાં

> વેદનારક્તે બોળી બોળી લેખાનું
> આકારું અક્ષરો, વ્યક્ત કરવાને વ્રણ.

પણ એમાં એકલા વિરહવેદનાના વ્રણો જ નથી, જીવનના મીઠા સ્મરણો પણ છે.

> એવી સંઘરેલી સાંભરણમાં
> ઘટના તમામ
> જીવંત છે: જાળવી મેં
> મારે અંતરને ધામ
> રંગે, રેખાએ, રૂપે
> વળી રસે ને પ્રકારે

—પત્રના માધ્યમ દ્વારા સંબોધકનાં આરત અને પશ્ચાત્તાપ વ્યક્ત થયાં છે તે સાથે જ દામ્પત્યજીવનનાં રસ અને પ્રકાશ અંતરમાં જીવંતપણે જળવાયાં છે: એની પ્રતીતિ પેલા દામ્પત્યરસને પોષક નીવડે છે

બાર પત્રોમાં ટૂંકામાં ટૂંકો પત્ર ત્રીજો, સૌથી ઓછી પંક્તિનો છે અને લાંબામાં લાંબો પત્ર આઠમો, પોણાત્રણસો પંક્તિઓનો છે કૃતિની લગભગ બાવીસસો પંક્તિઓમાંથી પત્ર ૬, ૭, ૮ અને ૯ની આઠસોેર પંક્તિઓ ગૃહ, ગૃહજીવન અને એની આસપાસના સંદર્ભને નિરૂપે છે. પત્ર ૧, ૨, ૫, ૧૦ અને ૧૨ની પાંચસો ઉપરાંત પંક્તિઓ ગૃહિણીના હૃદયભાવોનાં ભાવનામય ચિત્રો આલેખે છે. પરિણામે, આ કાવ્યકૃતિની અધઝાઝેરી પંક્તિઓ, દામ્પત્યલીલાનાં મનોરમ ચિત્રો પ્રગટ કરે છે. આરંભની વિરહવિવશતા, અંતના ચિરસૌભાગ્યના મણિમ્હોડ સુધી ઊર્ધ્વારોહી થતાં પૂર્વે, મધ્યમાં ગૃહજીવનની મધુરિમા રેલાવી રહે એવું સંયોજનવિધાન કલાત્મક બન્યું છે દામ્પત્યજીવનની ધર્મમયતા અહીં સ્થૂળ રીતે પૂરા થયેલા સહજીવનની ઊર્મિઓને વાચા આપે છે, એમાંથી પ્રગટતા સ્નેહાદ્વૈતને નિરૂપે છે અને એની જ ભાવનાનાં ગાન ગાઈ સંબોધક અને સંબોધ્યનાં પત્રોમાં આવતાં સંબોધનો અને લિખિતંગને સાર્થક કરે છે દુઃખસુખી, પત્રશીષભરી સજની, ગૃહિણી અને ચિરસૌભાગ્યવતી તરીકે પોતાને ઓળખાવે છે, અને સંબોધકને પરમપ્રિય, ગૃહદેવતા અને અંતરદેવતા તરીકે સંબોધે છે. ગૃહ અને અંતરનું આ સાયુજ્ય, દાંપત્યનું પરમ રત્ન, આ કૃતિમાં, વિરહની અંતગૂઢ વ્યથાનો પુટ પામીને સુરેખ રીતે આવિર્ભાવ પામ્યું છે.

કાવ્યનું સંબોધક પાત્ર, વિરહિણી નાયિકા, સંબોધ્ય નાયકની આગમન-વધામણીથી રળિયાત થતી, ક્ષણમાં મુરઝાયેલી વાટિકા જોઈ વ્યથિત થતી, નાયકનાં જીવનકાર્યોને સત્વરે પૂરાં કરવામાં આશ્વાસન લેતી, છતાં ઉત્કટ એકલતા અમળી બનતા,

જીવિત જીવ્યાનું મારે
દર્દ ઝાઝું નથી રહેવું
કાચું તો કાચું ફલ
ચોડી ઉશેડી દેવું

એમ સબળતાથી કહે છે: 'તુજને વરીને હું ન વિરહને વરી!' એમ જાણતાં છતાં અંતે તો વિરહને પ્રેમનો પર્યાય ગણતી 'વિરહ, મારે પ્રેમનો પર્યાય'—નાયિકા વાસ્તવની વ્યથાને પેલા પ્રેમતત્ત્વના અમૃતબિન્દુમાં વિગલિત

કરી દે છે રસજ્ઞ, મર્મજ્ઞ, વાગીશ્વરીને રીઝવતાં મુગ્ધાને રોષિત કરી બેસનાર પત્રના સંબોધ્ય 'વરરુચિનાગર' નાયકનું નિર્મોહીપણું અને ઔદાસીન્ય નાયિકાને ખટકે એવાં છે. પરંતુ નાયકના ઉદ્ગારો :

> હરદમ નામ મન જપ્યાં કરે / ને તેમ છતાં– / કોણ જાણે કેમ? /
> મને જ, હું તવ વણ / કંઈક ખાલી ખાલી લાગ્યા કરે. /
> અને આપણા સંદર્ભમાં / સર્વને સગર્વ જે હું / વારવાર કહેતો
> ફર્યો, / તેની, છૂટવાં પડ્યા બાદ, / ખાસ આવે યાદ : / સીતા
> સહ રામ : / રાધા સંગ કૃષ્ણ : / શિવ સહ વર્તમાન સતી / એમ
> સહ નામસ્મરણ લેવાય; / એવાં અમે બે યુગલચારી જીવ !

–પોતાની પ્રણયચકચૂરતાની મૂક સેવનાને અવહેલના ન ગણવાનું કહે છે ત્યારે, નાયિકાએ, નાયકના કલ્પેલા હૃદયભાવો પેલા દામ્પત્યના પ્રીતિદાવણથી જ કૃતિને ભીંજવે છે.

આ માટે કૃતિમાં સમુચિત રીતે પ્રયોજાયેલાં ઉપમાનો, પ્રતીકો વગેરે દામ્પત્યભાવને ઉઠાવ આપી ભાતીગળ સૃષ્ટિ સર્જે છે. સાતમા પત્રમાં 'સખેદ સમાચાર માઠા' આપતાં 'ઝરૂખે ઝૂકેલ બે વાતાયને / નહીં ' તેં માંડી હતી હોંશે હોંશે / જોડી ફૂલદાની કેરી ?'–એ ફૂલદાનીઓ પર 'યુગલ પારેવડાનું / ઊડી આવી બેઠું કેલિમગ્ન / . ઉડાડતા ચાલે ના જીવ' અને એ પારેવાયુગલથી ફૂલદાની ફૂટતા સંબોધકનું મન આશંકાથી ફફડી ઊઠે છે. ત્યાં તો ઘરમાં સામે જ—

> આ ઝળહળે દીવડીની જોડ
> આસ્તરણ આસનની જોડ
> પેલી કાચ પરે આળખી,
> વિહરન્ત રાજહંસ જોડ.
> વળી વેણુ પરે ફાળ ભરી વહી જતા
> હરિણ ચિત્રિતની મનોહારી જોડ

–સર્વત્ર દામ્પત્યજીવનના પ્રકાશ, ગતિ, ઉચ્ચતા આદિને વ્યક્ત કરતાં નર-નારનાં રમ્ય યુગલો નજરે પડે છે, પ્રિય-આગમનની વધામણીથી રોમાંચિત થયેલી નાયિકાનાં દ્વાર પણ નાયક

> પ્રીતના પ્રતીક સમા,
> યુગલ ટકોરે આપ ઉઘડાવો દ્વાર

એટલે જ તો

> . આપણેય યુગલચારી જીવ
> સર્વ સ્થળે સર્વ કાળે સજોડ વિહાર . ..

પ્રેમભર કાવ્ય રચ્યાં,
કાવ્યસુરભિત પ્રેમે રમ્યાં,
સંગે રહી પ્રણયનાં કાવ્ય રચ્યાં.

દામ્પત્યજીવનની એ ભાવનાસુવાસ, આજે એકાકીને 'અરદાસ' કરવા પ્રેરે છે: સંબોધ્યને પાછા આવવા વિનવે છે, અને એ ન આવે તો 'કંઈક કડું મન ફાવે.' જે ગૃહને વારંવાર નાયકે પ્રશંસ્યું હતું, 'દામ્પત્યલીલાનું રસધામ' કહ્યું હતું, તે 'સાક્ષાત્ સ્વર્ગ-ગૃહ'ને છાંડી 'ગયા ત્યાં શી રીતે?...એવું પરલોકે ત્યાં છે શું ય...?'નો અકળાવનારો મનોભાવ નાયિકા અનુભવે છે. અને એટલે જ 'દેવરણ ગૃહમંદિર આ શૂન્ય'માં પાછા ફરવા ગૃહિણી ગૃહસ્વામીને આજીજી કરે છે.

કૃતિમાં ગૃહ, ગૃહજીવન અને દામ્પત્યનો ઉલ્લાસ એની પંક્તિએ પંક્તિમાં પ્રસ્ફુટ થયો છે. સંબોધકે ગૃહને કવિ 'કાન્ત'ના ખંડકાવ્ય જેવું સુશ્લિષ્ટ ને સુરેખ કહ્યું છે: 'અહા! કેવું ગમતું આ ઘર! / જગમાંહી એક સમુ / લાગે મને કંઈ ન અવર / પ્રિય! તમ પ્રિય કવિ 'કાન્ત' / તેની પેલી કૃતિ / ખંડકાવ્ય કરુણાંત, જે / અગાધ કરુણ પ્રણયરહસ્યે ભરી, / સુશ્લિષ્ટ, સુરેખ સુંદર / તેવી જ—તેવી જ આ ગૃહ-આકૃતિ.' અગાધ કરુણ પ્રણય-રહસ્યથી ભરેલી કમનીય કલાકૃતિ સાથે ગૃહને સરખાવી, અહીં, એ ગૃહના વિવિધ ઓરડાઓનો ઠમકતો-ધમકતો-ઉલ્લાસધબકતો પરિચય કરાવતાં ગૃહના રમણીય રેખાંકનોવાળાં શબ્દચિત્રો આસ્વાદ્ય બન્યાં છે:

નિર્દંભ ને નિર્બંધ
હર એકાન્ત સૌહાર્દભર્યો, હૂંફભર્યો
સ્નેહશોભન આ શયનનો ખંડ.

*

..હરપળે હિંડોળો હિલ્લોળંત,
અતિથિ આગમને જીવંત,
વસતિએ ભર્યો ભર્યો
મુખરિત બેઠકનો ખંડ.

*

આ રહ્યો ઝરૂખો.
વર્તુલ વળાંકવડે લટકાળો,
ઝૂકતેરો ઝરૂખડો,
સહ આસનનો સાક્ષી ખડો.

અને પછી તો, 'ખીચોખીચ ગ્રંથે ખચ્યો' અભ્યાસ-ખંડ, 'પકવાન્ન-પરિમલે બ્હેકતો' પાક-ખંડ...એમ ગૃહની ઉલ્લાસધબકતી રેખાએ રેખા,

દંપતીની લાક્ષણિક વિશેષતાઓને પ્રગટ કરે છે અને દામ્પત્યલીલાનાં રસમય ચિત્રો ઉપસાવે છે ઝરૂખો અને હિંડોળો—આ કૃતિમાં પામ્યાં છે એવી નમણી માવજત ભાગ્યે જ ગુજરાતી કવિતામાં પામ્યાં હશે.

આ કૃતિમાં આલેખાયેલો પ્રકૃતિવૈભવ પણ દામ્પત્યવૈભવના અભિયલ પ્રતિબિંબ જેવો છે નાયકના પ્રયાણ પછી આ જગતની વ્યવહારવણઝાર વણથંભ વહી જાય છે એ દર્શાવવા શર્વરીના શ્યામલ એકાન્ત અંધકારથી આરંભી વાંસઅંકુરના રોમાંચક સશબ્દ સ્ફોટન સુધીનાં ચિત્રણો, કૃતિની ભાવસૃષ્ટિનો સુરેખ આલેખ આપતાં, તાજગીભર્યાં બન્યાં છે છઠ્ઠા પત્રમાં આવતું પુષ્પસજ્જ ગૃહવાટિકાનું ચિત્ર, એના વિવિધ પુષ્પોના બાદશાહી ઠાઠવર્ણનથી અને સ્મરણાલ કાર દ્વારા નિર્દેશાયેલા 'વણપ્રસવ્યા ગર્ભબાળ'ની કોમળકરુણ રેખાથી, સંબોધકના અંતરતમ ભાવજગતનો અણસારો આપી રહે છે ગૃહવાટિકાને 'જેના જોબન ઝોલાં ખાય એવી રમણી સલજ્જ' કહી છે એમાં કેટલું બધું ઔચિત્ય છે! એના જાબુડો, કેસૂડો ને શિરીષ, વેલ, ગતરાણી ને શેફાલી: બંને જાતિનાં પુષ્પોનુ, એમની લાક્ષણિક વિશેષતાઓ, ટૂંકું પણ રસમય ચિત્ર અહીં અંકાયું છે. પુષ્પો સાથે લીલુડો પોપટડો, હોલા ભગત, શુક-સારિકાનું યુગલ, આદિ પંખીસૃષ્ટિ અને અહીં-તહીં વેરાયેલી પ્રાકૃતિક સૃષ્ટિ એ સર્વના માણેલા વૈભવથી નંદનવન સમ બનેલા દામ્પત્યજીવનનો આ રસળતો, મહેકતો, શુચિતા પસારતો, વ્યંજના-ગર્ભ આલેખ છે. પ્રકૃતિપદાર્થોનાં ઝીણાં નિરીક્ષણો, એમની નજાકત અને તાજપભરી અભિવ્યક્તિ, દામ્પત્યભાવને પૃષ્ઠભૂ પૂરી પાડવાનુ જ કાર્ય કરવાને બદલે એની સાથે સમરસતા ધારી લે છે

*

આ કૃતિમાં હીરાબહેને એક પત્રને અપવાદે (૧૦ મો પત્ર) બાકીના અગિયારે પત્રોમાં વનવેલીની પ્રવાહિતાનો લાભ લીધો છે. અલબત્ત, એમાં વનવેલીની ચતુરક્ષર સંધિઓ સર્વત્ર પૂર્ણપણે જળવાતી નથી. એમાં બોલ-ચાલની-વાતચીતની વાણી વિવિધ ભાવઆરોહ સહિત વ્યક્ત થતી હોવાથી ક્યાંક અંતિમ કે અન્ય સંધિનો અંશ ખંડિત થાય છે. આ છંદમાં અહીં ક્યાંક અનુષ્ટુપનાં, ક્યાંક દોહરા-સોરઠાનાં, ક્યાંક શાર્દૂલનાં પગલાં સંભળાય છે, તો ક્યાંક ગીતલયનો લહેકો પણ પકડાય છે તેમ છતાં, વાણીના લહેકા, વક્તાની વિશિષ્ટ વાક્ભંગિઓ સુદીર્ઘ પદમાં અહીં એકંદરે સબળ-પણે નિરૂપાઈ છે બીજા પત્રમાં

આવે યાદ? પૂછ્યું મેં'
'ભલા! કેમ તારું હાસ?'
'અમથું જ. કાંઈ નહિ, કાંઈ નહિ.'

બંનેની—સંબોધક અને સંબોધ્યની ઉક્તિઓ, અહીં, તેમની ઉચ્ચારણગત લાક્ષણિકતાઓને સહજતાથી પ્રગટ કરી દે છે. કેટલીકવાર એનાં એ શબ્દજૂથોને, ભાવની સઘનતા માટે, પુનરાવર્તિત કર્યાં છે.

જીવિત આ જીવ્યે જાઉં, જીવ્યે જાઉં
મજલ આ કાપ્યે જાઉં, કાપ્યે જાઉં

*

દેવવણું ગૃહમંદિર આ શૂન્ય
પાછા ફરો! પાછા ફરો!

વિરહ-વેદના, એકલતા, ઝંખના, આર્જવ જેવા ભાવો શબ્દજૂથોની દ્વિરુક્તિથી કરુણતાને ઘેરી બનાવી શકે છે કેટલીકવાર તો અહીં શબ્દજૂથોને ત્રેવડાવી કે ચોવડાવીને પણ ભાવાભિવ્યક્તિ સધાઈ છે. આ છંદમાં વાણીને લહેકેદાર બનાવવાની ઘણી શકયતાઓને હીરાબહેને ખપમાં લીધી છે 'જોજે હં. મારા સમ' (પૃ ૪૬) જેવો યૌગક પ્રયોગ જેટલી સ્વાભાવિકતાથી આવે છે એટલી જ સ્વાભાવિકતાથી બે પંક્તિઓમાં સ્વરભારથી જુદા લહેકા દર્શાવી શકે છે

બોલ! કયારે આવે?
ચાલે, નવ કહેવડાવે.

કવચિત્ સ્વ-અવગણના અંગેના રોષ-ઠપકો-છણકો પણ ગદ્યસમીપની લઢણોથી વેધકતાથી નિરૂપાયાં છે:

તો લે સાંભળ આ વાત

*

રોષ કર્યાં વિણ નવ રહેનારી

હીરાબહેને 'વર્તુલ વળાંકવડે લટકાળો ઝૂકતેરો ઝરૂખડો'નું જે શબ્દચિત્ર આપ્યું છે એ એમના છંદપ્રયોગ માટે પ્રયોજી શકાય એવું છે. એમનો વનવેલી પણ ઝૂલતો અને લટકાળો છે કેટલીકવાર એ સંધિઓને વિવિધ ઠમકો આપી વિશેષ લટકાળા પણ બનાવી દે છે:

રંગરંગી ગવંન ગમંત મને,
જેને કીધો તમે વસંતલવેશ (પૃ. ૫૫)

*

હોય કેવો ગૃહે પનોતો પ્રવેગ (પૃ. ૫૭)

*

'આપનો કૃપાપ્રસાદ–અનુગ્રહ
ગુલમ્હોર–વસંતરંગસંગ્રહ (પૃ. ૩૦)

અહીં, 'વસંતપ્રવેશ' અને 'પનોતો પ્રવેશ'ના ઉચ્ચારણમાં પ્રવેશતી પૃથુલતા અને 'વસંતરંગસંગ્રહ'માંનો ઠમકો આસ્વાદ્ય બની રહે છે

કેટલીકવાર શ્લેષાભાસી કે સમાન ઉચ્ચારણવાળા શબ્દપ્રયોગો કાનને અને મનને જાદુ કરી જાય છે.

હળવેરા દ્દરવેળા સ્પર્શ તણી
સ્મૃતિને સંકોરી જાય.

સંસ્કૃત તત્સમ શબ્દોનું ભારણ કેટલીકવાર ખટકે છે ખરું એમાયે ચતુરક્ષર સંધિઓમાં આવતાં 'વેણીપર્ણાગ્રે', 'ધવલસ્વચ્છશરીરધારિણી', 'પ્રતીતિપત્રપરિતોષે' જેવા દીર્ઘ સમાસોના શબ્દચોસલાં વનવેલીની સુંદરતાને હાનિરૂપ બને છે. પરંતુ એમણે સમુચિત રીતે પ્રયોજેલા કેટલાક તદ્ભવ–તળપદા શબ્દો આ કૃતિના વણાટમાં આકર્ષક ભાત ઉપસાવે છે. હૃદયની છિન્નભિન્ન સ્થિતિ માટે 'છણુવણુ'નો શબ્દપ્રયોગ કરવાનું હીરાબહેનને જ સૂઝે 'અનદ્વવ', 'વળોટવું' 'બચલાનો બબડાટ' જેવા અનેક પ્રયોગોથી ભાવની અભિવ્યક્તિ ચોટવાળી બની છે 'હોશે', 'નાહી', 'લિખે', 'રહીજે', 'આવડલો', 'કરીજે', 'દીધલ', 'બીડલ', જેવા લાડવાચક શબ્દપ્રયોગો, ભાવની વિવિધ ધારાને ઉપસાવવામા સહાયભૂત થાય છે. 'નથી–નથી એકે પત્ર.. કદી કદી નથી પામી' જેવા પ્રયોગો પહેલી નજરે બાળકોની શબ્દરમત જેવા લાગે, પરંતુ સંબોધકની લાગણી અહીં શબ્દોચ્ચારણ દ્વારા સહજતાથી પ્રગટ થાય છે આંતરપ્રાસ કે વર્ણાનુપ્રાસદ્વારા વાણીના લયને એમણે કુશળતાથી ઝીલ્યો છે :

હતી, ચોકપીરી સાંજકની વેળ
પટખેથી પળેપળે પળી જતી ટ્રેન

*

ખરેખર પ્રખર ધસારે કરી
ખંખેરી ખેરવી સહુ રજ.

એક જ શબ્દને પાસે પાસે, જુદી જુદી કે એક જ પંક્તિમાં પ્રયોજી બંનેના લાક્ષણિક અર્થો એમણે સહજતાથી સ્ફુટ કરી આપ્યા છે :

હવે આ જ!
આજ મને થાય.

*

માયા, હા, એ, માયાની મથામણ.

'આજ' અને 'માયા' એ બંને શબ્દો સાં ઉચ્ચારભેદથી ભિન્ન ભિન્ન અર્થસંદર્ભો પ્રગટાવે છે.

ક્યાંક 'મીઠો મોદમરોડ' જેવો સરસ સમાસ પણ એમણે બનાવી લીધો છે તો કેટલીક સતત-ઉપમાઓ પણ સરલતાથી પ્રયોજી છે:

જેમ કોઈ રાજાને દરબાર / નવેલુ, મોંઘુ, મધમધંત / સોનેરી
વરખ સોહ્યુ ચમકીલુ હીરક શુ / રૂપલા ખુમચે મૂકેલ / એકમાત્ર,
મધ્યમાં બિરાજેલ / પાનબીડું ફરી વળે / પરાક્રમ પ્રેરી રહે / વીરલો
કો ઝડપી લિયે : / તેવું આપનું દષ્ટિનું બીડું / કવિએથી કવિ પ્રતિ ફરે.

સંબોધકની પત્રપ્રતીક્ષા માટે 'લહી, વછૂટી સર્વત્ર / તીર, જેમ લક્ષ્ય ધસે / કે વેગીલુ કો વાયુયાન / તેમ–' જેવી ઉપમા; કે સ્વચ્છ ફરશ માટે, 'કો નિર્મળ વદન શુ / પ્રતિબિંબિત પદાર્થ રજેરજ'; કે પલકારે રંગ પલટતા પુષ્પો માટે 'સરાગ સરોષ વદનની જેમ' પુષ્પસજ્જ ગૃહ-વાટિકા માટે સલજ્જ રમણી જેવી કેટલીક પ્રચલિત ઉપમાનોને ઉપમેય બનાવતી આકર્ષક ઉપમાઓ અહીં ઘણી છે. મુશાયરાના સભાગૃહનું (૧૨મો પત્ર) કે સબોધ્ય દ્વારા સંબોધકની અવગણનાનાં (૧૦ મો પત્ર) પ્રસંગ-ચિત્રણો પણ રુચિર રીતે આલેખાયાં છે. ક્યાંક

સંધ્યાના સિંજારવ
ઓ સુણાય–સરી જાય

–માં ઇંદ્રિય-વ્યત્યય દૃશ્ય ચિત્રને શ્રાવ્ય બનાવ્યું છે, તો

નીડ પ્રતિ વિહંગમ આવલિ
આ વળી, પાડી આભે ઓકળી

–માં એક સુંદર કલ્પન, શબ્દલયનો પૂરો કસ કાઢીને, સર્જાવ્યું છે.

આ વિશ્રમ્ભગોષ્ઠિ, પાત્રોની વાસ્તવિક સંભવિતતાના સંદર્ભમાં, ભાવપદાર્થમાં રાસાયણિક ફેરફારો પામીને અહીં વ્યક્ત થઈ છે. શ્રી નિરંજનભાઈ ભગતે, કૃતિમાંના 'શેષ-વિશેષ'માં, આ કૃતિની ચાર વિશેષતાઓ તારવી આપી છે: (૧) એક સ્ત્રીકવિએ આલેખેલા મનુષ્ય પ્રત્યેના સ્ત્રીહૃદયના ભાવ, (૨) સદ્ગત પતિ પરના પત્રકાવ્યરૂપે રચેલી કરુણપ્રશસ્તિ, (૩) પ્રવાહી પદ્ય વનવેલી છંદમાં કર્તાએ રચેલી દીર્ઘ કદની કૃતિ અને (૪) પત્રકાવ્યો કે કાવ્યપત્રોનાં સબોધક અને સંબોધ્ય તથા એમની વચ્ચેનો

દેહમનઆત્માનો એટલે કે સંપૂર્ણ સંબંધ. આ કૃતિનો નિષ્કર્ષ એમણે આ ચાર વિશેષતાઓ દ્વારા સમુચિત રીતે પ્રગટ કરી આપ્યો છે, અને એમાં ભાગ્યે જ કંઈ વિશેષ ઉમેરવાપણું હોય. પરંતુ એમાની ચોથી વિશેષતા દ્વારા વ્યંજિત દામ્પત્ય, મારે મતે, આ કૃતિનુ ધ્રુવબિન્દુ છે

સાંપ્રત કાળનું વિરહી જીવન અહીં અતીતથી ઝબોળાતાં, ભારતની તીર્થવાટ પ્રાપ્તિનો વિશ્રામઘાટ સર્જે છે. પ્રણયની દેવતાનું ગૌરવ સ્થાપતી આ કૃતિ પ્રેમભરપૂર કાવ્ય અને કાવ્યસુરભિત પ્રેમનું રટણ-રમણ છે. એટલે જ મુશાયરામાં નાયિકાને યશસૌભાગ્ય અર્પનાર નાયક, પરમ સૌભાગ્યનો યશ અર્પી-અર્ચી ગયાની પ્રતીતિ આજે નાયિકા અનુભવે છે. ગૃહજીવનનું—દામ્પત્ય જીવનનું—આ વાસ્તવિક અને ભાવનાત્મક નિરૂપણ એટલે જ આપણને આ-લોક દ્વારા પર-લોકની, ભાવનાલોકની સંતર્પક અનુભૂતિ કરાવે છે.

તેમણે પ્રયત્ન કર્યો. સુદીર્ઘ નિબંધનાં સુદીર્ઘ વાક્યો, શ્રવણથી જ બધું અવગત કરવાનું હોઈ, શ્રોતાઓ માટે મુશ્કેલી ઊભી કરતાં હતાં.

પારિતોષિકવિજેતાઓએ આભારવિધિ કર્યો. રાતે સંસ્થાની બહેનોએ આપેલા રંજનકાર્યક્રમમાં તેમનો ઉત્સાહ અભિનંદનીય હતો.

